વર્ષ : ૩૯ ❖ અંક : ૮
ઓગસ્ટ - ૨૦૧૫

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર

**પર્યુષણ વિશેષાંક**

## આત્મધર્મના અંગો...

- ઉત્તમ ક્ષમા
- ઉત્તમ વિનય
- ઉત્તમ સરળતા
- ઉત્તમ સંતોષ
- ઉત્તમ સત્ય
- ઉત્તમ સંયમ
- ઉત્તમ તપ
- ઉત્તમ ત્યાગ
- ઉત્તમ આકિંચન્ય
- ઉત્તમ બ્રહ્મચર્ય

આ લોકોત્તર પર્યુષણ મહાપર્વનું સ્વાગત
આપણે જ્ઞાનનો મંગલદીપ પ્રગટાવીને,
ધૈર્યની ધૂપસળી સળગાવીને,
આરાધનાના અબીલગુલાલ ઉડાડીને,
અહિંસાના અક્ષતના સ્વસ્તિક રચીને,
સર્વ જીવોને અભયદાન આપીને,
અનુકંપાની અલખ જગાવીને કરીએ.



શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# શ્રી પર્યુષણ મહાપર્વ

સંકલન : પૂર્ણિમાબેન શાહ

- શ્રી પર્યુષણ પર્વ એટલે ત્યાગ, તપ અને તિતિક્ષાનું પર્વ - સંયમ, સાધના અને સદ્‌વિચારોનું પર્વ - અનુકંપાની આરાધના અને આત્મશુદ્ધિનું પર્વ - આત્મસાક્ષાત્કાર અને આત્મોન્નતિનું પર્વ.
- પર્યુષણ પર્વ એટલે ભીતરને બદલવાનું પર્વ, અંતરને ભક્તિથી રંગવાનું પર્વ, સંવેદના જગાડવાનું પર્વ.
- પર્યુષણ પર્વની ઉજવણી નહીં, પણ ઉપાસના કરવાની છે. પર્યુષણ શબ્દનો અર્થ થાય છે - ચારે બાજુથી આત્મામાં રહેવું અને સમગ્રતાથી સ્વમાં જીવવું.
- આત્માભિમુખ થઈને અંતરમાં ડોકિયું કરવાનું અમૃત ચોઘડિયું એટલે શ્રી પર્યુષણ મહાપર્વ.
- ભૌતિકતા તરફ ઢળતી અને એમાંથી આનંદ માણતી વૃત્તિઓનું પરિવર્તન કરવાનું પર્વ એટલે પર્યુષણ.
- આંગણે પધારેલા આ પર્વને આપણે પરમ પ્રેમથી વધાવીએ, મૈત્રીભાવ અને સદ્‌વ્યવહારને સર્વત્ર રાખીને પર્વાધિરાજનો સંદેશ ઝીલીને જીવન અજવાળીએ.
- પર્યુષણ મહાપર્વ એ આત્મજાગરણનું પર્વ છે.
- પર્યુષણ પર્વ એટલે મનને વિશુદ્ધ કરીને વીતરાગ ભગવાનના ચરણકમળમાં સ્થિર કરવાનું પર્વ.
- પર્યુષણ પર્વ એટલે આત્માભિમુખ બનીને આત્મ ઐશ્વર્યની પ્રાપ્તિ કરવાનો અપૂર્વ અવસર.
- પર્યુષણ પર્વ એટલે પરમની પ્રાપ્તિના પંથે પ્રયાણ કરવાનું પર્વ.
- મહાપુરુષોના ગુણોનું ચિંતન કરતાં કરતાં આત્મકલ્યાણની પ્રાપ્તિ કરવાનો અમૂલ્ય અવસર એટલે પર્વાધિરાજ પર્યુષણ.
- અહિંસાની આલબેલ પોકારતું અને હિંસાની આગને ઠારતું મહાપર્વ એટલે પર્યુષણ. આ મહાપર્વની પાવન પળોને તપ, ત્યાગ અને ભક્તિની ભીનાશથી ભરી દઈએ.
- આત્મકલ્યાણની પ્રાપ્તિનું રહસ્ય સમજાવનારું અનુપમેય પર્વ એટલે પર્યુષણ મહાપર્વ.
- ક્ષમા માગીને અટકી જવાનું નથી. 'મિચ્છામિ દુક્કડમ્'ની સાથે 'ઇચ્છામિ સુક્કડમ્' કહીએ એટલે કે મારા સત્કૃત્યોનો ઉદય થાઓ.
- આ મહાપર્વનું આગમન આપણા અંતરના ઓરડાને દિવ્ય પ્રકાશથી પ્રકાશિત કરે, જીવનને મહોત્સવ બનાવે એવી મંગલ કામના.

-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ००७

ફોન : (०७૯) ૨૩૨७ ૬૨૧૯

૨૩૨७ ૬૪૮૩/૮૪

ફેક્સ : (०७૯) ૨૩૨७ ૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪००

આજીવન રૂા. ૨०००

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) જાગૃતિનું પુનિત પર્વ-પર્યુષણ ................
....................... પૂ.શ્રી આત્માનંદજી ..... ૬

(૩) સાચા દિલની ક્ષમા ..... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૮

(૪) પર્વાધિરાજ પર્યુષણ ..... પ્રા.ચંદાબહેન પંચાલી .... ૧૦

(૫) સદ્‌ગૃહસ્થની આચારસંહિતા ... પૂજ્ય બહેનશ્રી .... ૧૪

(૬) શ્રી આનંદઘન ચોવીશી . શ્રી અશોકભાઈ શાહ .... ૧૬

(૭) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૧૮

(૮) પર્યુષણ પર્વે સ્વનું જાગરણ..શ્રી વલભજી હીરજી ... ૨૨

(૯) શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના ...........
.................... શ્રી નિરૂપમાબેન ડગલી .... ૨૩

(૧૦) પુનિત પુણ્ય પર્વ-પર્યુષણ ... શ્રી ભાનુબેન શાહ .... ૨૫

(૧૧) આરાધનાનું આનંદોત્સવ...શ્રી પારૂલબેન ગાંધી ... ૨૭

(૧૨) શ્રી પર્યુષણ મહાપર્વનું હાર્દ .. શ્રી મિતેશભાઈ શાહ .... ૨૯

(૧૩) પુસ્તક સમાલોચના ...... શ્રી મિતેશભાઈ શાહ .... ૩૧

(૧૪) જીવનઅર્ક - દિવાળી પુસ્તિકા .................... ૩૨

(૧૫) સમાજ-સંસ્થા દર્શન ........................... ૩૪

**વર્ષ : ૩૯ ઓગસ્ટ, ૨૦૧૫ અંક - ૮**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ००७ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (०७૯) ૨૩૨७ ૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (०७૯) ૨૩૨७ ૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.



**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

આપે કહ્યું છે કે ''રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું, નિદ્રાથી મુક્ત થયા. ભાવનિદ્રા ટળવાનો પ્રયત્ન કરજો.''

આપે આમ કહ્યું તો ખરું, પણ આપશ્રી જાણતા હતા કે, અમે અલ્પમતિ જીવો, અમારી ભાવનિદ્રા ટાળી શકીએ એટલા સમર્થ નથી અને તેથી જ અમે સફળ થઈ શકીએ એવા ઉપાયોની યોજના પણ આપે પરમકૃપા કરીને સૂચવી છે, દર્શાવી છે. સવાર-સાંજનો નિત્યક્રમ, સત્સંગ, સત્‌શાસ્ત્રનું વાચન, મનન અને શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનું પઠન વગેરે અનાદિકાળની અમારી મોહનિદ્રા ટાળવા માટે ઘણા ઉપકારક છે અને આપના વચનામૃતનો તો અમને એક એવો આદર્શ અનુપમ આધાર છે કે અમારામાં પ્રવર્તતો અનાદિકાળનો અજ્ઞાન અંધકાર ધીમે ધીમે દૂર થવા લાગ્યો છે. વિષય-કષાય અને સંસારમાં પ્રવર્તતી અમારી વૃત્તિ અને પ્રવૃત્તિ ધીમે ધીમે ઓછી થતી જાય છે અને અમને આત્મચિંતન તથા સદાચારમાં રહેવાની ઇચ્છા વધતી જાય છે. આ બધા માટે આપને નમસ્કાર કરવા સિવાય બીજું અમે શું કરીએ ?

તમારું જ અમને એક અને અનન્ય શરણ છે. તમે જ અમારા જીવનના આધાર છો, અધિશ્વર છો, તમે જ અમારું સર્વસ્વ છો.


અમારા પ્રભાતને સુપ્રભાત બનાવી, અમારી મોહનિદ્રા ટાળી, અમને શાશ્વત સુખમાં સુસ્થિત થવાની પ્રેરણા આપનાર આપની પાસે અમે સફળ થઈએ એવા આશીર્વાદ માગીએ છીએ.

''પરમકૃપાળુ, દીનદયાળુ, જીવનના આધાર વંદીએ;
સચરાચર, જગદીશ્વર ઈશ્વર, હૈયામાં વસનાર વંદીએ.''

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



### પત્રાંક - ૧૨૮

**વવાણિયા, પ્રથમ ભાદ્ર. સુદ ૬, ૧૯૪૬**

ધર્મેચ્છક ભાઈઓ,

પ્રથમ સંવત્સરી અને એ દિવસ પર્યંત સંબંધીમાં કોઈ પણ પ્રકારે તમારો અવિનય, આશાતના, અસમાધિ મારા મન, વચન, કાયાના કોઈ પણ યોગાધ્યવસાયથી થઈ હોય તેને માટે પુનઃ પુનઃ ક્ષમાવું છું.

અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ-વિકલ્પનું રટણ ન કર્યું હોય, અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય. નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહા વૈરાગ્યને આપે છે.

વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી ? બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું ? અર્થાત્ એમ જાણવું જોઈતું હતું, છતાં ન જાણ્યું એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે.

વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો (સ્ત્રીઆદિક) તે અનંત વાર છોડતાં, તેનો વિયોગ થયાં અનંત કાળ પણ થઈ ગયો; તથાપિ તેના વિના જિવાયું એ કંઇ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો તે તે વેળા તે કલ્પિત હતો. એવો પ્રીતિભાવ કાં થયો ? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.

વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં; જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરું; તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે, નાના જંતુપણે શા માટે જન્મ્યો ? અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડ્યું ! અને તેમ કરવાની તો ઈચ્છા નહોતી ! કહો એ સ્મરણ થતાં આ ક્લેશિત આત્મા પરત્વે જાુગુપ્સા નહીં આવતી હોય ? અર્થાત્ આવે છે.

વધારે શું કહેવું ? જે જે પૂર્વનાં ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું; તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે. ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દૃઢત્વ આત્મામાં પ્રકાશે છે. પણ કેટલીક નિરુપાયતા છે ત્યાં કેમ કરવું ? જે દૃઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટણ છે, પણ જે કંઇ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે, અને તેમાં કાળ જાય છે. જીવન ચાલ્યું જાય છે, એને ન જવા દેવું, જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી, એમ દૃઢતા છે તેનું કેમ કરવું ? કદાપિ કોઈ રીતે તેમાંનું કંઈ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે, કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ ? ત્યારે હવે કેમ કરવું ?

"ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી

**(અનુસંધાન પાના નં. ૧૩ પર...)**

# જાગૃતિનું પુનિત પર્વ - પર્યુષણ

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



**ભૂમિકા :** મનુષ્યભવ દુર્લભ છે એમ સર્વ જ્ઞાની પુરુષોએ કહ્યું છે. મનુષ્યને તેના જીવનની સાર્થકતા કરવાની પ્રેરણા આપનાર અનેક પરિબળો છે. તેમાં પર્વો, તહેવારો, તીર્થયાત્રાઓ, પ્રતિષ્ઠાઓ, સત્સંગ, મેળાવડા, દાનપ્રવૃત્તિ, સ્વાધ્યાયસત્રો અને મહાપુરુષોના જીવન અંગેની કથાઓના આયોજન વગેરે મુખ્ય છે. આ પ્રશસ્ત નિમિત્તોનું રૂડું અવલંબન લઈ મનુષ્ય જાગે અને સત્યના માર્ગે લાગે તો તે તેના અંતિમ લક્ષ્ય (મોક્ષ-મુક્તિ-અનંત જ્ઞાનાનંદના અનુભવની દશા)ને પ્રાપ્ત કરી શકે છે.

જૈન પરંપરામાં આ પર્વને પર્વાધિરાજ કહેવામાં આવે છે અને બીજા બધા પર્વો કરતા તેની આરાધના અને ઉજવણી સૌથી મોટા પાયા પર અને ખૂબ ઉલ્લાસથી સમસ્ત જૈન સમાજમાં થાય છે. આ દિવસોમાં સાધુ-સંત-સતીઓની સ્થિરતા હોવાને લીધે સત્સંગ-સદ્‌ગુરુ સાન્નિધ્ય, ધાર્મિક માર્ગદર્શન અને પ્રેરણા મળતા રહે છે અને સાધનાનું સાતત્ય ઉચ્ચ કક્ષાએ જાળવવા માટે પ્રબુદ્ધ સાધકો પોતાની વ્યાવસાયિક પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને પૂર્ણ સમયની સાધનાનો અભ્યાસ પણ કરે છે. આમ, સામૂહિક અને વ્યક્તિગત સ્તરે ખૂબ જ ઉલ્લાસ, ભક્તિ અને જીવનને ઊર્ધ્વગામી બનાવવા માટેનું એક સુંદર વાતાવરણ તૈયાર થતાં સમાજમાં પણ એક સાત્ત્વિકતા, સહયોગ, ઉલ્લાસ અને પરસ્પર પ્રેમનું વાતાવરણ બની જાય છે. આવા પરિબળોના સમન્વયથી જ બૃહદ્ જૈન સમાજનું આ એક માત્ર સર્વોપરી અને સર્વમાન્ય પર્વ ભારતીય સાંસ્કૃતિક પરંપરાના અંગ તરીકે આપણા દેશમાં સર્વત્ર સ્વીકારવામાં આવેલ છે. અનેકતામાં એકતાના દર્શન કરાવનારા, આપણા રાષ્ટ્રમાં સૌ સાથે પ્રેમથી રહેનાર અહિંસાપ્રેમી જૈન સમાજની સંસ્કારિતાનું દ્યોતક આ પર્વ સર્વજનહિતકારી છે.

સામાન્યપણે આ પર્વની ઊજવણી શ્રાવણ વદ ૧૨ કે ૧૩ થી શરૂ કરીને કુલ ૧૮ (૮ + ૧૦) દિવસો પર્યંત કરવામાં આવે છે. મુખ્ય મુખ્ય આવશ્યકો નીચે પ્રમાણે ગણાવી શકાય :

આ પર્વની ઊજવણીની કેટલીક મુખ્ય મુખ્ય ખાસિયતો નીચે પ્રમાણે છે, જે ભિન્ન ભિન્ન સાધના પદ્ધતિઓમાં પોતપોતાની માન્યતા અને ચાલી આવતી વિધિઓ પ્રમાણે કથંચિત્ ભિન્નપણાને પામતી દેખાવા છતાં શ્રેયસ્કર છે :

**૧. આત્મિક ગુણોનો વિકાસ :** આત્માના ક્ષમા આદિ દશ મુખ્ય ગુણોનો વિકાસ કરવામાં સહાયક થાય તેવી પૂજાઓ (સ્નાત્રપૂજા, સિદ્ધચક્રપૂજન, પંચકલ્યાણક પૂજા, શાસ્ત્ર-પૂજા આદિ), ભક્તિ, પ્રવચન, સ્વાધ્યાય, બાર પ્રકારે તપની આરાધના, નિયમ-વ્રતોનું ગ્રહણ તથા ભગવાનનો વરઘોડો આદિ ધર્મ-અનુષ્ઠાનો કરવામાં આવે છે.

**૨. અમારિ પ્રવર્તન :** (કોઈને ન મારો - અહિંસા-વિશ્વપ્રેમ)ની ઘોષણા અને પ્રવર્તન, જેને માટે નાના-મોટા કોઈ પ્રાણીમાત્રની હિંસા થાય તેવાં કાર્યો કરવાં નહીં. રાજયસરકારો પણ જાહેર કતલખાના અમુક દિવસ બંધ રાખે છે. મોહ-રાગ-દ્વેષાદિ ભાવો કરવાથી પોતાના આત્માની ભાવહિંસા થાય છે, માટે સૂક્ષ્મ વિવેકદૃષ્ટિસંપન્ન મનુષ્યો આવા

ભાવો ન થાય તે માટે સતત આત્મજાગૃતિ રાખીને પોતાની દિનચર્યા પણ તેને અનુરૂપ ગોઠવે છે.

**૩. સાધર્મીવાત્સલ્ય :** સૌ ધર્મપ્રેમી મનુષ્યો પ્રત્યે પ્રેમપૂર્ણ વર્તન રાખી તનથી, મનથી, ધનથી - સર્વ પ્રકારો દ્વારા પોતાના અંતરના વાત્સલ્ય - પ્રેમભાવને વ્યક્ત કરવો. પોતાના ભાવોને સરળ અને નિર્મળ કરીને, ધર્મપ્રેમી બાંધવોના જીવનની પાયાની જરૂરિયાતો - અન્ન, વસ્ત્ર, રહેઠાણ, શિક્ષણ (વિદ્યાનું અર્જન) અને આરોગ્ય સેવાઓ - તેમને મળી રહે તે પ્રકારે ઉદારતાથી દાનાદિ પ્રવૃત્તિ કરવી અને લાંબા ગાળા સુધી શાસનની સુવ્યવસ્થા જળવાય તે અર્થે તીર્થોદ્ધાર, મંદિર, પાઠશાળાઓ, ઉપાશ્રયો અને જ્ઞાનપ્રસારની પ્રવૃત્તિઓને વેગ મળે તેવો વિવેકપૂર્ણ ઉદ્યમ કરવો.

**૪. ક્ષમાપના - પ્રાયશ્ચિત્ત :** જીવન-વ્યવહારમાં ઘણી વાર એકબીજાના મન દુભાય તેવી મન-વચન-કાયાની પ્રવૃત્તિ આપણાથી થઈ જાય છે. અને ક્ષમા-સમતાના ભાવોનું વિસ્મરણ થઈ જાય છે. આવી જે જે ભૂલો થઈ હોય અને જેનું જેનું દિલ દુભાયું હોય તેની સમીપ જઈ, ખુલ્લા હૃદયથી તેની માફી માગવી અને અંતરના ઊંડાણમાંથી સર્વ ક્રોધ-ગુસ્સો-દ્વેષ-નિંદા- અણબનાવ-અપમાનના ભાવો માટે ક્ષમા આપવી, માગવી અને આમ, પોતાની જાતને તેવા વિપરીત ભાવોથી મુક્ત (નિઃશલ્ય) કરી નાખવી. વિનયથી, વિવેકથી, ધીરજથી અને પરાક્રમથી આવું ઉત્તમ કાર્ય રૂડી રીતે સિદ્ધ કરી શકાય છે અને અવજાગૃત મનમાં રહેલા સૂક્ષ્મ ક્રોધ-અરતિ-દ્વેષના સંસ્કારોને નષ્ટ કરી શકાય છે.

**૫. વિવિધ પ્રકારના તપની આરાધના :** બાહ્ય તપ તે અનશન, ઊણોદરી, રસપરિત્યાગ, એકાંતવાસ, કાયોત્સર્ગ આદિ અનેક પ્રકારે છે. તે પોતાના ગુરુની આજ્ઞા પ્રમાણે, શક્તિને છુપાવ્યા વિના, નિષ્કામપણે અને આત્મશુદ્ધિ અર્થે કરવા.

માતાપિતા, વિદ્વાનો, ગુણિયલજનો અને સંત-સતીઓનો વિશેષ **વિનય** કરી પોતાના અંતરના અભિમાનને નષ્ટ કરવું. વર્ષ દરમિયાન થયેલાં પોતાના દોષોની સાચા હૃદયથી અને અંતરના ઊંડાણથી માફી માંગીને યોગ્ય **પ્રાયશ્ચિત્ત** લેવું. સાધુ-સંતોની અને અન્ય ધર્માત્માઓની વિશેષ **સેવા** કરવી. આજ્ઞા પ્રમાણે શાંત ચિત્તથી જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની વૃદ્ધિ કરનારા ગ્રંથોનું ગુરુમુખથી શ્રવણ કરીને તેનું ઊંડું ચિંતન-મનન કરીને ચિત્તવૃત્તિને નિર્મળ અને એકાગ્ર કરવી અને આસનજય કરી, પરમાત્મા સદ્ગુરુ-શાસ્ત્રજ્ઞાન આદિના અવલંબનથી ઉપયોગને નિજ જ્ઞાયક-સત્તા પ્રત્યે લઈ જવાનો વારંવાર ઉદ્યમ કરવો. આવા અભ્યાસથી વિશેષ અંતર્મુખતા તત્ત્વતઃ સિદ્ધ થતાં, નિર્વિકલ્પતા પ્રગટતાં, અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. જગતના સર્વ પદાર્થોના સ્વામીપણાની શ્રદ્ધા અને ભાવનો અપરિચય કરવાથી નિર્મમત્વ (સાચું **વ્યુત્સર્ગતપ**) પ્રગટે છે. અને જીવનના સમસ્ત કાર્યકલાપમાં પ્રસન્નતા અને સમતાની વૃદ્ધિ થતી જાય છે.

**૬. ચૈત્યવંદન અને સંતદર્શન :** પોતાના નગરમાં જે જે ચૈત્યાલય હોય તેના દર્શન કરવાં. સંત-સતીઓના પણ દર્શન કરવા અને આ રીતે શાસનસ્થિત સમસ્ત ચતુર્વિધ સંઘનો લાભ લઈને ઉદાર-વિશાળ દૃષ્ટિથી ધર્મ-સમાજના સંગઠનને મજબૂત કરવું અને પોતાની સાંપ્રદાયિક સંકીર્ણતાઓથી પાર જઈ સાચી સ્વાદ્વાદદૃષ્ટિ અને ગુણગ્રાહકતાનો વિકાસ કરવો.

આમ, પોતાના જીવનમાં, કુટુંબમાં, શેરી-સોસાયટીમાં, નગર-રાષ્ટ્ર-વિશ્વમાં સાચા ધર્મનું પ્રાગટ્ય થાય, પ્રભાવના થાય, વૃદ્ધિ થાય અને સૌ જીવોને શાંતિ, આરોગ્ય અને ધર્મનો લાભ થાય તેમ આ પર્વની ઊજવણી કરી જીવનને દિવ્ય અને પ્રબુદ્ધ બનાવવું. ૐ શાંતિઃ

# સાચા દિલની ક્ષમા

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

પર્યુષણપર્વની આરાધનાના દિવસો એ આત્મખોજનો અવસર છે. કોડી જેવો દેહ અને તેમાં રહેલાં મદ, માન, મોહને ભલે ખોઈ નાખીએ, પણ લાખેણા આત્માને શોધીએ. આમેય પર્યુષણ એ આત્માની નજીક જવાનું, આત્માને શોધવાનું પર્વ છે. ક્ષમાપના એનો સર્વશ્રેષ્ઠ મૂળ મંત્ર છે.

વેરના અંધકારમાં, દ્વેષના દાવાનળમાં, બદલાની બૂરી ભાવનામાં વિહરતા જીવને માટે આજે આત્મીય પ્રેમને કાજે પ્રાયશ્ચિત્તનું પર્વ ઊગ્યું છે. દીપાવલીના પર્વે નફાતોટાનો હિસાબ કરવામાં આવે. સંવત્સરીપર્વનો અર્થ છે વાર્ષિક પર્વ. આ દિવસે વર્ષભરનાં સારાં-નરસાં કાર્યોનું સરવૈયું કાઢીને ખોટાં કાર્યોમાંથી મુક્તિ મેળવવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ.

આપણા આગમ શાસ્ત્રોમાં ત્રણ વેપારીનું એક દૃષ્ટાંત આવે છે. આમાં ત્રણ વેપારીઓ સરખી મૂડી લઈને વેપાર કરવા નીકળ્યા હતા. દેશ-દેશાવરમાં ઘૂમીને ઘણા દિવસે સહુ પાછા ફર્યા. પહેલો વેપારી મૂળ મૂડીને બમણી કરીને પાછો આવ્યો. બીજો ભાવની મંદીમાં ફસાયો છતાં મૂળ મૂડી સાચવીને પાછો આવ્યો. ત્રીજો વેપારી તો નુકસાનીમાં ડૂબી ગયો. કમાણીની વાત તો દૂર રહી પણ સમૂળગી રકમ જ ખોઈને આવ્યો.

આ ત્રણ વેપારી જેવા સંસારના તમામ જીવો છે. પહેલા પ્રકારના જીવો મનુષ્યત્વરૂપી મૂળ મૂડીને જાળવે છે, ને ઉપરાંત પૂજ્યતાને પામે છે. મનુષ્યજીવનમાં સદાચાર, શીલ ને વ્રત પાળી મુક્ત બને છે.

બીજા પ્રકારના જીવો મુક્ત નથી બનતા, પણ મનુષ્યત્વ જાળવી રાખે છે, સાદા આચારો એ પાળે છે.

ત્રીજા પ્રકારના જીવો તો મનુષ્યત્વ પણ ખોઈ નાખે છે ને અનાચારી ને દુરાચારી બની નરકના ભાગી બને છે.

પર્યુષણના આ દિવસો એ આંતરખોજના દિવસો છે. માનવી સતત બહાર ભ્રમણ કરતો રહે છે. બહારની દુનિયા જોવી પણ સરળ હોય છે. એને માટે નજર હોય તો ચાલે, દૃષ્ટિની જરૂર નથી. આપણી ઇંદ્રિયોનું મુખ પણ બાહ્યજગત ભણી વિશેષ રહેતું હોય છે, પરંતુ પર્યુષણના દિવસો એ આત્મનિરીક્ષણના દિવસો છે.

વ્યવહારમાં અનેક જીવોને દુભવવાનું બને છે. એમની તરફ અન્યાય, અનાદર કે અપરાધ થઈ જાય છે. વેર, વિરોધ કે વૈમનસ્ય જન્મે છે. આ બધાંનો વિચાર કરીને એ ભૂલભરેલા માર્ગેથી પાછા વળવાની વાત છે, એમની ક્ષમા માગવી, એમની સાથેનો વેર અને વિરોધ ત્યજી દેવો. એટલું જ નહીં, પણ એમની સાથે મૈત્રીભાવ કેળવવો એ ક્ષમાપનાનો હેતુ છે.

ક્ષમાપનાના મંત્રમાં ક્ષમા માગવી અને આપવી એમ બંને ભાવો સમાયેલા છે. કોઈની ક્ષમા માગતાં પહેલાં માણસને અહંકારના શિખર પરથી નીચે ઊતરવું પડે છે. જે માગતાં મોટાઈ કે નાનાઈ નડે નહીં એનું નામ જ મિચ્છામિ દુક્કડં. અહીં બધા આગ્રહો, પૂર્વગ્રહો, પદ અને મોટાઈ મટી જાય છે. ક્ષમા માગવાની ઉત્તમ ભાવના તો જ્ઞાનના ભંડાર અને સાધુતાના અગાધ જ્ઞાની ગૌતમના જીવનમાં મળે છે. એક વાર ભગવાન મહાવીરના પટ્ટશિષ્ય ઇંદ્રભૂતિ ગૌતમ અડવાણે પગે ને ઉઘાડે મસ્તકે ભિક્ષા વહોરીને પાછા ફરતા હતા. દિગ્દિગંતવિજયી ગૌતમના મુખ પર નમ્રતા તરવરતી હતી. જ્ઞાનનો ગર્વ ગળાઈ ગયો હતો. 'મારું એ સાચું'ના

બદલે ‘સાચું એ મારું’માં માનનારા મહાવીરના આ પરમ શિષ્ય હતા.

ધોરી માર્ગ વીંધીને ચાલ્યા જતા ગૌતમને ખબર મળી કે ભગવાન મહાવીરના ગૃહસ્થ શિષ્ય આનંદ મૃત્યુપર્યંતનું અનશન ધારણ કરીને દર્ભની પથારીએ પોઢ્યા છે. દયાના અવતાર ગૌતમ અઢાર કોટિ હિરણ્યના સ્વામી, દશ હજાર ગાયોવાળા છ-છ વજ્રના માલિક આનંદ શ્રાવકને મળવા ગયા. મહાવીરના આ પટ્ટશિષ્યને જોઈને આનંદે વંદન કર્યાં અને પૂછ્યું,

“ભગવન્, કોઈ ગૃહસ્થને અવધિજ્ઞાન થઈ શકે છે ખરું ?”

“જરૂર. શ્રમણોપાસકને ગૃહસ્થાશ્રમ ચલાવતાં ચલાવતાં પણ ત્રીજું મહાજ્ઞાન-અવધિજ્ઞાન થઈ શકે છે.”

આ સાંભળીને આનંદના ચહેરા પર તેજ પ્રગટી રહ્યું. એણે કહ્યું, “ભગવન્, મને તેવું અવધિજ્ઞાન થયું છે. તેના લીધે અહીં બેઠાંબેઠાં હું પૂર્વ-પશ્ચિમ ને દક્ષિણમાં લવણ સમુદ્રમાં પચાસ જોજન સુધી જોઈ શકું છું. ઉપર આકાશમાં સૌધર્મકલ્પ સુધી અને નીચે પાતાળમાં નરકાવાસ સુધીના તમામ પદાર્થ હું પ્રત્યક્ષ જાણી શકું છું.”

આનંદના અવાજમાં અનુભૂતિનો રણકો હતો. પાસે ટોળે વળેલાં પરિજનો તેમની વાત આશ્ચર્યથી સાંભળી રહ્યાં. લબ્ધિના ભંડાર ગૌતમ સ્વામી થોડી વાર વિચારમાં પડી ગયા ને બોલ્યા, “આનંદ, શ્રાવકને અવધિજ્ઞાન થઈ શકે ખરું. પરંતુ તમે કહો છો તેટલું દૂરગ્રાહી હોઈ શકતું નથી. તમે ભ્રાંતકથન કર્યું છે. આવા કથન માટે તમારે શીઘ્ર પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ.”

શ્રાવક આનંદને પોતાના દર્શનમાં પાકી શ્રદ્ધા હતી. એમણે કહ્યું, “ભગવન્, પ્રભુ મહાવીરના શાસનમાં સત્ય બોલનાર માટે પ્રાયશ્ચિત્ત છે ખરું ?”

“ના.”

“તો પછી આપે જ પ્રાયશ્ચિત્ત કરવું ઘટે. આપે જ અસત્ય કથન કર્યું.” આનંદે આત્મવિશ્વાસથી કહ્યું.

શ્રમણોપાસકના આ વિધાને ગુરુ ગૌતમને ક્ષણભર વિમાસણમાં નાખી દીધા. લોકો કહેવા લાગ્યા કે આનંદે નાને મોઢે મોટી વાત કરી. ક્યાં સાધુશ્રેષ્ઠ ગૌતમ ને ક્યાં ગૃહસ્થ આનંદ ! અરે ! સાગર એ સાગર ને સરોવર એ સરોવર ! ગુરુ ગૌતમ જ્ઞાનસાગર છે. સરોવરને પાળ હોય, પણ સાગરને તે કંઈ પાળ હોય ?

મહાન ગણધર ગૌતમને સત્ય નિર્ણયની ભારે તાલાવેલી લાગી. એમણે તરત જ ભગવાન મહાવીર પાસે જઈને આખી ઘટના કહી અને પ્રાર્થના કરી, “હે ભગવન્, આ વિષયમાં કોણે પ્રાયશ્ચિત્ત કરવું ઘટે ? મારે કે આનંદને ?”

સત્યના મહાન સમર્થક અને પ્રરૂપક મહાવીરે લેશમાત્ર થોભ્યા વિના કહ્યું, “ગૌતમ, આ બાબતમાં તમારે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. શ્રાવક આનંદ પાસે વેળાસર ક્ષમા યાચી લેવી જોઈએ.”

વનનાં તમામ ઝાડવાંને તોફાની વાવંટોળ ઘડીભર ધ્રુજાવી નાખે, તેમ વાતાવરણમાં ધ્રુજારી પ્રસરી રહી. કેવો નિર્ણય ! ખુદ પ્રભુ પોતાના પટધરને ક્ષમા માગવાનું કહે ! ન શેહ, ન શરમ રાખી ! કદાચ જ્ઞાની ગૌતમ ભૂલ્યા હોય, તો ખાનગીમાં પ્રાયશ્ચિત્ત આપે, પણ એક શ્રાવક પાસે જઈને ક્ષમાયાચના માગવાની ! અસંભવ ! અશક્ય ! ક્યાં ગૌતમ અને ક્યાં આનંદ ! ધર્મકર્મમાં થોડું સમજનારો એક શ્રાવક ક્યાં અને ધર્મકર્મના સિદ્ધાંતોના સાગર મહાજ્ઞાની ગૌતમ ક્યાં ?

દુનિયા દેખતી રહી ને ગર્વ, અહમ્ ને અભિમાન જીતી ચૂકેલા ગૌતમ તો સીધા આનંદ પાસે ગયા ને કહ્યું, “આનંદ, તમે સાચા. મારા અસત્ય વિધાન માટે હું મિચ્છામિ દુક્કડં માગું છું.”

**(અનુસંધાન પાના નં. ૨૧ પર...)**

# પર્વાધિરાજ પર્યુષણપર્વ એટલે ચૈતન્યરસ આસ્વાદનનો અવસર

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

જૈનધર્મે વિશ્વને સત્ય અને અહિંસાનો પરમપવિત્ર મંગલ સંદેશ આપીને પરસ્પરના પ્રેમભાવને પ્રસારિત કર્યો છે. સમ્યગ્દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપી રત્નત્રયીના મંગલ બોધથી આત્મધર્મનો આહ્‌લેક જગાવ્યો છે. અનંત ચતુષ્ટયીની પાવન પ્રાપ્તિથી કેવળજ્ઞાની સર્વજ્ઞદેવનો મહિમા ગુંજારિત કર્યો છે. પંચ પરમેષ્ઠી ભગવન્તથી જગતને આત્મરસ આસ્વાદકોની ચેતનાને પરમોચ્ચ સ્થાને શોભાવી છે.

જૈનધર્મમાં અનેક લોકોત્તર પર્વ છે. જ્ઞાનપંચમી કે જેમાં આગમજ્ઞાનનો મહિમા ગવાય છે. વિષ્ણુકુમારે મહામુનિઓની રક્ષા કરી તેથી રક્ષાબંધનપર્વ ઉજવાય છે. શ્રી મહાવીરપ્રભુના નિર્વાણ કલ્યાણક અશ્વિનકૃષ્ણ અમાસ દિવાળી પર્વ રૂપે મનાય છે. તે બધામાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ મંગલ આરાધનાથી આરાધાય છે. પરમ શ્રદ્ધાવન્ત સાધુ-સાધ્વી ભગવન્તો અને પુણ્યશીલા શ્રાવક-શ્રાવિકાઓ, સાધક આત્માઓ સહુ આ પર્વમાં પાવન આરાધ જગાડે છે. આત્મઆરાધ જગાડી ચૈતન્યરસનું આસ્વાદન કરે છે.

પર્યુષણપર્વનો સામાન્ય અર્થ વિચારતાં કહી શકાય કે પર્વાધિરાજ અર્થાત્ પર્વ + અધિરાજ = પર્વાધિરાજ, અનેક પર્વોમાં અધિરાજ-શ્રેષ્ઠ રૂપે રહે છે તે પર્વાધિરાજ. પર્યુષણ એ સંસ્કૃત શબ્દ છે. परि એ ઉપસર્ગ છે. उस्-वस् ધાતુ છે તે મળીને परिवस બને છે. તેનું નામ થતાં પર્યુષણ શબ્દ બને છે. આ મહાપર્વના આઠ દિવસ હોય છે. આત્મપ્રીતિકર સાધકો નિરંતર આઠ દિવસ સદ્‌ગુરુનું ઉપનિષદ પામીને આત્મસ્થ રહેવાનો પુરુષાર્થ સેવે છે.

આ મહાપર્વમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપની પરમ આરાધના થાય છે. આત્મજ્ઞાની સદ્‌ગુરુ આગમજ્ઞાનથી સાધકોને આત્મભાવ સમજાવે છે. દર્શન એટલે શ્રદ્ધા. શ્રદ્ધાગુણથી સાધકો સદ્‌ગુરુમાં શ્રદ્ધાથી આત્મશ્રદ્ધાને દૃઢ કરે છે. ચારિત્રમાં સંસારના વિભાવથી અંશે અંશે મુક્ત થઈ સ્વ-સ્વરૂપમાં રહેવાનો પુરુષાર્થ આદરે છે. તપથી કર્મની નિર્જરા માટે ઉપાસના આદિ તપશ્ચર્યા સાધે છે. અંતરભાવે ધ્યાન-કાયોત્સર્ગથી અષ્ટકર્મને ભસ્મીભૂત કરે છે. સાયંકાલે પ્રતિક્રમણની આરાધનાથી પ્રાયશ્ચિત્તભાવમાં ભીંજાઈને કર્મમળના નાશથી હળવા થાય છે.

પર્યુષણપર્વ મોહનિદ્રાના નાશનો અવસર છે. આપણે દિવસ અને રાત્રિના ક્રમમાં રાત્રિમાં નિદ્રાધીન બનીએ છીએ એ નિદ્રાની વાત નથી, પણ મોહનિદ્રાથી મનુષ્ય ઘેરાઈ ગયો છે. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના વચનામૃત ગ્રંથના આંક - ૨ પુષ્પમાળામાં પ્રથમ ફરમાવે છે. ''રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું, નિદ્રાથી મુક્ત થયા, ભાવનિદ્રા ટળવાનો પ્રયત્ન કરજો.'' ભાવનિદ્રા એ મોહભાવ છે. તેનાથી મુક્ત થવું અને આત્મભાવમાં આવવું તે મોહનાશનો અભ્યાસ છે. પવિત્રભૂમિ સાયલાના સંત શ્રી કાલિદાસભાઈ ગૌરવ ગિરામાં લખે છે –

''મોહની નિંદમાં સૂઈ મત રહો સદા,
વ્યતીત બહુ કાળ એમ વ્યર્થ કીધો;
નિજ રૂપ નિરખવા નેત્ર ખોલ્યું નહિ,
સુપનના સુખ તણો લાહવો લીધો...''

મોહસામ્રાજ્યનો વિસ્તાર અતિ અતિ છે. છતાં આત્મજ્ઞાનની એક ચિનગારીથી મોહના સામ્રાજ્યનો નાશ થાય છે. મોહનીય કર્મના બે પ્રકાર છે : ૧. દર્શનમોહ, ૨. ચારિત્રમોહ. જે આગમગ્રંથોથી જાણી

શકાય છે.

અહં અને મમ હું અને મારું એ મોહના બે સુભટ છે. અહંભાવ સાથે મમત્વભાવ ભળતાં સંસાર દીર્ઘતા પામે છે. પર્યુષણપર્વના અવસરે મોહની મૂર્ચ્છામાંથી જાગ્રત થઈ સત્પુરુષના ઉપનિષદમાં રહીને સંસારમળનો નાશ થાય છે. પર્યુષણપર્વ ઉત્સવે જેમ પાંજરામાં પુરાયેલ પક્ષી મુક્ત થતાં વિશાળ ગગનમાં ઉડીને સ્વતંત્રતાના સૂરો રેલાવે છે તેમ જીવ મોહના પીંજરાથી મુક્ત થઈ સિદ્ધત્વના સૂરોની સૂરાવલિ છેડે છે.

પર્વાધિરાજ પર્યુષણપર્વમાં મોહનું મંદત્વ થતાં વૈરાગ્યભાવનું વલણ અને આત્મરુચિનો અવસર પ્રાપ્ત થાય છે. કષાયો ઉપશાંત થાય છે. આત્માની વાતો ગમવા લાગે છે. આત્મપ્રેમ જાગૃત થાય છે. જગત પ્રતિ ઉદાસીનતા આવતી જાય છે. સત્પુરુષ પ્રતિ રુચિ પ્રગટ થાય છે. પરમકૃપાળુદેવ શ્રીમદ્જીની સાક્ષાત્ સરસ્વતી પત્રાંક - ૩૭માં આલેખે છે કે "જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું; તેથી રૂડું થયું નથી. કેમ કે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંતભવનું સાટું વળી રહેશે, એમ હું લઘુત્વભાવે સમજ્યો છું; અને તેમ કરવામાં જ મારી પ્રવૃત્તિ છે." જગત તરફની રુચિ અને રસ ઘટતાં જાય છે, આત્મા પ્રતિ રસ-રુચિ વધતાં જાય છે. સંસારથી પાછા વળી સત્ની રુચિ થાય તે આવશ્યક છે.

દૃષ્ટાન્ત છે કે એક ગુરુકુળમાં અનેક શિષ્યો નિવાસ કરે છે. એક શિષ્ય સ્વગૃહે જવાની ભાવના સાથે સદ્ગુરુની અનુમતિ લેવા માટે તેઓશ્રી પાસે જાય છે. સદ્ગુરુ શાંત સ્થિતિમાં બિરાજમાન છે. શિષ્ય સદ્ગુરુ સમીપે જઈને કહે છે કે હે ગુરુદેવ ! આત્મપ્રીતિનો બોધ આપો. સદ્ગુરુ શાંત સ્થિતિમાં બિરાજમાન છે. શિષ્ય પુનઃ કહે છે કે હે ગુરુદેવ ! મને આત્મપ્રીતિનો બોધ આપો. સદ્ગુરુ શાંત સ્થિતિમાં બેઠા છે. શિષ્ય વિચારે છે કે સદ્ગુરુ મૌનદશામાં બેઠા છે છતાં એકવાર પૂછીને સ્વગૃહે ગમન કરું. શિષ્ય ગુરુદેવને ચરણે ભાવ નમસ્કાર કરી સ્વગૃહે જવા પગ ઉપાડે છે. થોડા ડગ ભર્યા કે ગુરુદેવ કહે, "વત્સ ! પાછો ફર." શિષ્ય પોતાનું મુખ સદ્ગુરુ પ્રતિ ફેરવે છે. "વત્સ ! તારું મુખ તે સંસાર પ્રતિ કર્યું છે ત્યાંથી પાછો ફર ને સંસારભાવનું રૂપાન્તર કરી સદ્ગુરુ અને આત્મા પ્રતિ વાળી લે. સદ્ગુરુ અને આત્મામાં રસ-રુચિને વાળી લે." સદ્ગુરુના વચનને પ્રમાણ સ્વીકારી સદ્ગુરુ ચરણમાં તેમની સેવામાં નિમગ્ન બને છે. અનુક્રમે આત્મબોધ પામી આત્માનુભૂતિનો આનંદ અનુભવે છે. સદ્ગુરુ કહે છે, "બેટા ! હવે આપણે બે નથી, એક છીએ." તેને ગુરુદેવ ભેટી પડે છે. હૃદયના ભાવથી ભીંજવી દે છે. રુચિ અને રસની તીવ્રતાએ સાધક અંતિમ ચરણ સુધી પહોંચી જાય છે. પર્યુષણપર્વ આવો વિશિષ્ટ અવસર આપે છે.

પર્વાધિરાજ પર્યુષણપર્વ સાધકની દિશા બદલવાનો અવસર પ્રદાન કરે છે. જેની દિશા બદલાય છે તેની દશા બદલાય છે. પર્યુષણપર્વમાં ગુરુનું સાન્નિધ્ય મળે છે. તેઓના બોધથી વાસિત થવાય છે. જીવન અનુભવની મર્મસભર વાણી સાંભળવા મળે છે. સાધક સંસારની દિશામાં ખેંચાતો હતો, પણ હવે તેની દિશા બદલાય છે. પહેલા જે ક્રિયા થતી તેમાં કષાયભાવોનું ઘમસાણ ચાલતું હતું, હવે સદ્ગુરુની સંનિધિ થતાં સત્ની સમજણમાં જીવવા લાગે છે.

ગુરુ અને શિષ્ય નગરની શેરીમાંથી પસાર થઈ રહ્યા હતા. એક ઘરના ઉપલા માળેથી એક બહેને નીચે જોયા વગર રાખ નાખી. નીચે પસાર થતાં ગુરુ-શિષ્ય ઉપર તે રાખ પડી. શિષ્ય કહે, "જુઓ તો ખરા. આવી રીતે જોયા વગર રાખ નીચે નખાય !" ગુરુ હસ્યા. શિષ્યને કહે, "આમેય બાવા તો છીએ. આ તો ભભૂતિ મળી. ભભૂતિથી રંગાઈ ગયા. વત્સ,

આપણા ગતજન્મોના કર્મો એવા છે કે ગરમ ગરમ અંગારા સાથેની રાખ આપણા ઉપર પડે ! આ તો પ્રભુનો ઉપકાર છે. કે ઠંડી રાખ પડી !" પરના દોષ જોવાની દિશા હતી, હવે સદ્‌ગુરુ દિશા બદલે છે. આંતરિક રૂપાન્તરણ કરે છે. રાગ-દ્વેષના ભાવોની દિશા હતી તે આત્મદિશા પ્રતિ રૂપાન્તરિત થઈ સત્‌માર્ગ સમીપે સાધક પગલા માંડે છે. પર્યુષણપર્વનો અપૂર્વ અવસર ઉત્ક્રાન્તિમાં દોરે છે - જોડે છે.

સદ્‌ગુરુની અમીદૃષ્ટિ પ્રાપ્ત થવાનો અવસર આ પર્વમાં સધાય છે. સાધક હવે શુભભાવમાં વહ્યા કરે છે. વિચારણાથી વસ્તુને સમજે છે. સાધક જીવમાંથી શિવ થવાની, નરમાંથી નારાયણ થવાની, પશુમાંથી પરમાત્મા થવાની યાત્રા આરંભે છે. પર્યુષણપર્વ સદ્‌ગુરુ સંનિધિનો અવસર આપે છે. કૃપાદૃષ્ટિમાં ભીંજાવાનું થાય છે. અમીરસ પાનનો ઉત્કૃષ્ટ અવસર પ્રાપ્ત થાય છે. સાધકને વૈરાગ્યભાવ, અનાસક્તભાવ તથા સત્‌ તત્ત્વ પ્રતિ ખેંચાણ થાય છે. સદ્‌ગુરુની આજ્ઞા પ્રતિ ઉત્સાહ ને એક જ ઝંખના, એક જ લગની, એક જ ખટક, એક જ તાલાવેલી, એક સદ્‌ગુરુમાં રંગાઈ જવાની ભાવના સધાય છે. સદ્‌ગુરુ પ્રતિ પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતાની રંગોળી પુરાય છે ત્યારે સદ્‌ગુરુ પ્રેમરંગથી શિષ્યને રંગી દે છે. આ જ છે અમીદૃષ્ટિ. આ અવસર સધાય છે આ મહાપર્વની મંગલમય ક્ષણોમાં.

દૃષ્ટાન્ત છે કે સદ્‌ગુરુની પાવન ભૂમિ એવા આશ્રમમાં એક સાધક પ્રવેશ કરે છે. ગુરુના ચરણકમળમાં વંદન કરી કહે છે, "હે ગુરુદેવ ! મને દીક્ષા આપો. મારો સ્વીકાર કરો. સેવા આપો." સદ્‌ગુરુ કહે છે, "બેટા ! કચરો કાઢવા માંડ." સદ્‌ગુરુની આજ્ઞાને શિરોધાર્ય કરી શિષ્ય આખો દિવસ આશ્રમનો કચરો કાઢ્યા કરે છે. પુનઃ પૂછવા નથી ગયો કે કચરો નીકળી ગયો, હવે શું ? બીજે દિવસે એ જ સેવા. દિવસો, મહિનાઓ, વર્ષો વીત્યા પણ સુશિષ્ય પ્રતિદિન સદ્‌ગુરુ ચરણે વંદન કરી, સેવા શરૂ કરે છે. સદ્‌ગુરુના લક્ષમાં શિષ્યની બધી ક્રિયા ખ્યાલમાં છે. પ્રાતઃકાળે એક દિવસ વંદન કરવા જાય છે ત્યારે ગુરુદેવ પૂછે છે, "બેટા ! તું શું કરે છે ?" "ગુરુદેવ ! આપશ્રીની આજ્ઞા પામી કચરો કાઢું છું." શિષ્યના મુખ ઉપર એ જ ઉલ્લાસ સદ્‌ગુરુએ જોયો. એ જ આજ્ઞાપાલનની ગરિમા જોઈ. ગુરુદેવ કહે છે, "બેટા ! તારો બધો જ કચરો સાફ થઈ ગયો. જે બાર જન્મે ન થાય તે બાર વર્ષે આત્મસાત્‌ થયું." તેમાં સદ્‌ગુરુની અમીદૃષ્ટિનું જોડાણ છે. પ્રેમ-શ્રદ્ધા અને સમર્પણની મંગલ ત્રિવેણીના મંગલજળથી શિષ્ય ભીનો થાય છે એમ નહિ, પણ આખે આખો પલળે છે.

અમીદૃષ્ટિના આંગણામાં આવતાં સાધકની દશા રૂપાંતરિત થાય છે. દિશા બદલાણી - અમીદૃષ્ટિ મળી અને દશાનું ભાન થવા લાગ્યું. સદ્‌ગુરુની દશા જોવાની દૃષ્ટિ મળી. ગુરુદેવ ખાય, પીવે, ઉઠે, બેસે, ચાલે, બોલે, સૂવે - બધી ક્રિયામાં ગુરુદેવ તો આત્મ સ્વરૂપને મહાલતા હોય છે. સ્વરૂપની મહિમા સાથે ગુરુની સર્વ ક્રિયા થઈ રહી છે. સાધક પણ તે દશાને પામવા ભાવના ભાવે છે.

પર્યુષણપર્વના અવસરે આત્મજાગૃતિના જાગરણમાં જીવવાનો અપૂર્વ લાભ મળે છે. સદ્‌ગુરુની આત્મદશાનું દર્શન આત્મજાગૃતિમાં પરિણમે છે. અનાહત નાદ સંભળાય છે. દેહથી ભિન્ન આત્મા છું એવી ભેદજ્ઞાનની ધારા જાગ્રત થાય છે. સાધક વિચારે છે કે આ દેહાદિ જે દેખાય છે તે હું નથી. જેને હું મારા માનું છું તે સ્ત્રી, પુત્ર, પરિવાર, ધન, વૈભવ એ મારા નથી. તો હું કોણ છું ? મારું સાચું સ્વરૂપ શું છે ? સદ્‌ગુરુની નિશ્રામાં આત્મજાગૃતિ સધાય છે - દ્વૈતની સ્થિતિ જાણે વિરામ પામતી લાગે છે, અદ્વૈત સધાતું જણાય છે.

ચૈતન્યરસ આસ્વાદનનો અવસર પર્યુષણપર્વમાં પ્રાપ્ત થાય છે. નિજરસમાં નિમજ્જન થાય છે. સાધક અનુભૂતિના અવસરને માણે છે.

સાધક મોહનાશનો માર્ગ સ્વીકારે છે, આત્મરુચિ અને રસ પ્રતિ ઢળે છે. સાધકની દિશા બદલાય છે. સદ્‌ગુરુની અમી દૃષ્ટિ પડતાં દશા રૂપાન્તરિત થાય છે. આત્મજાગૃતિનું જાગરણ થાય છે. 'અહં-મમ'થી પાર પરમ મૌનની પરમોચ્ચ સ્થિતિ પ્રાપ્ત થાય છે. સાધક અભેદભાવમાં સ્થિત થાય છે. નિજરસ ચૈતન્યધારામાં નિમજ્જન કરતો સાધક પરમતૃપ્તિને પામે છે. ચૈતન્યરસ પ્રવહે છે. નિજરસમાં લીન થતો સાધક સ્વ સ્વરૂપની ગરિમાને પામે છે.

દ્વૈતથી અદ્વૈત, ક્ષરથી નિરક્ષર, ભેદથી અભેદ, અંજનથી નિરંજન, સક્રિયથી નિષ્ક્રિય પદની પ્રાપ્તિ પર્વાધિરાજ પર્યુષણપર્વમાં અનુભવાય છે. પરમ ચૈતન્યરસ આસ્વાદક સાધક અનુક્રમે સિદ્ધિને વરે છે.

પર્યુષણપર્વ ક્ષમાપના પર્વ છે. ગત વર્ષોના વિશાળ ફલકમાં આપણાથી કોઈને મન-વચન-કાયાથી દુઃખનું વેદન અપાયું હોય - તે પણ જાણતાં કે અજાણતાં કોઈને દુઃખ લાગ્યું હોય તો આ મહાપર્વે ક્ષમાપના થાય છે. સંવત્સરીના અંતિમ એટલે આઠમા દિવસે સાયંકાલે સહુ જૈનધર્મીઓ પ્રતિક્રમણની મંગલ વિધિમાં જોડાય છે. જગતના સર્વ જીવો પ્રત્યે ક્ષમાપના ભાવે છે મિચ્છા મિ દુક્કડમ્ અર્થાત્ મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. સૂત્ર છે -

**खामेमि सव्वे जीवा सव्वे जीवा खमन्तु मे ।**
**मित्ति मे सव्व भूएसु वेरं मझ्झं न केणई ॥**

અર્થાત્ સર્વ જીવોને હું ખમાવું છું. સર્વ જીવો મને ક્ષમા આપો. સર્વ પ્રાણીઓ મારા મિત્ર છે. મારે કોઈ સાથે વેર નથી. - એવી વિશિષ્ટ મંગલમય ભાવના મહાપર્વમાં આરાધાય છે. જૈનધર્મની ક્ષમાપના ક્રિયા વિશ્વને સંદેશ આપે છે કે સર્વ જીવ પ્રતિ પ્રેમ, કરુણા, વાત્સલ્યતા અને આદર કેળવો, જેથી જગતમાં સહુનું કલ્યાણ થાય.

"સત્‌પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો."

• • •

## શ્રી સદ્‌ગુરુપ્રસાદ

(પાના નં. ૫ પરથી ચાલુ...)

ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ.

ત્યાં સુધી હે જીવ ! છૂટકો નથી."

આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે, અને તે યથાયોગ્ય લાગે છે.

ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી. અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઇ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઇ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઇ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચરણ (આર્ય પુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઇ નથી જોઈતું; તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઇ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી.

ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે.

"એ કંઇ ખોટું છે ?" શું ?

પરિભ્રમણ કરાયું તે કરાયું. હવે તેનાં પ્રત્યાખ્યાન લઈએ તો ?

લઈ શકાય.

એ પણ આશ્ચર્યકારક છે.

અત્યારે એ જ. ફરી યોગવાઈએ મલીશું.

એ જ વિજ્ઞાપન.

વિ૰ રાયચંદના યથાયોગ્ય. ■ ■ ■

# સદ્‌ગૃહસ્થની આચારસંહિતા
## ('વૈષ્ણવજન તો તેને રે કહીએ'ના આધારે)
## (ક્રમાંક - ૨)

પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેન સોનેજી

નરસિંહ મહેતા કૃત 'વૈષ્ણવજન તો તેને રે...' આ ભજન મહાત્મા ગાંધીજીને અત્યંત પ્રિય હતું. આ ગુજરાતી ભજને દુનિયાના ઘણા પ્રદેશોમાં પહોંચીને ગુજરાતની ગરિમા વધારી છે. આ પદમાં દર્શાવેલા આદર્શ ગૃહસ્થના ઉત્કૃષ્ટ સદ્‌ગુણોને સંતોના દૃષ્ટાંત સાથે 'જીવનસ્મૃતિ સ્વાધ્યાય મંદિર' તરફથી આદરણીય શ્રી મનુભાઈ પંડિતે એક નાની પુસ્તિકાનું પ્રકાશન કર્યું હતું.

તે પુસ્તિકા પૂજ્યશ્રીને તથા અમને સૌને જીવનમાં ખૂબ પ્રેરણાદાયી લાગી હતી. તેનો આધાર લઈને સાચા વૈષ્ણવજન, સદ્‌ગૃહસ્થ - સુશ્રાવક કેવા હોય તેની દૃષ્ટાંતો સાથે વિચારણા કરીશું.

**(૧) વૈષ્ણવજન તો તેને રે કહીએ જે,**
**પીડ પરાઈ જાણે રે.**

આ પ્રથમ ચરણમાં ભગવાન બુદ્ધનું દૃષ્ટાંત આપેલ છે. ભગવાન બુદ્ધ રાજપુત્ર હતા. તેઓએ જ્યારે નગરમાં જન્મ, વૃદ્ધાવસ્થા, રોગીમનુષ્ય તથા મૃત્યુના દુઃખ જોયા ત્યારે તેઓ અંતરથી વ્યથિત બની ગયા. તેથી તેના નિવારણ માટે અને શાશ્વત સુખની પ્રાપ્તિ માટે રાજવૈભવ, ધર્મપત્ની યશોધરા અને પુત્ર રાહુલને છોડી ચાલી નીકળ્યા.

તેઓ જ્યારે વિહાર કરતા હતા ત્યારે એક લંગડું ઘેટાનું બચ્ચું જોયું, જે બીજા બધા ઘેટા સાથે ચાલી શકતું નહોતું. તેથી તેઓએ તેને ઊંચકી લીધું અને બધાની સાથે તેના સ્થાને પહોંચાડી દીધું.

આ હતી ભગવાન બુદ્ધની કરુણાભાવના.

**(૨) પર દુઃખે ઉપકાર કરે તોય**

આ ચરણમાં સંત એકનાથનું દૃષ્ટાંત આપેલ છે. મહારાષ્ટ્રના સંત એકનાથનું હૃદય અત્યંત કોમળ હતું. તેઓ પ્રાણીમાત્રના દુઃખ જોઈ દ્રવિત થઈ જતા.

એક વખત તેઓ ગંગાનું જળ ભરી ખભે કાવડ લઈ રામેશ્વર જઈ રહ્યા હતા ત્યાં એક નિર્જન વિસ્તારમાં તાપથી પીડિત ગધેડાને જોઈ તેમનું હૃદય દ્રવી ગયું. રામેશ્વરને ચઢાવાનું જળ તેમણે ગધેડાને સહજતાથી પીવડાવી દીધું.

આવી હતી સંત એકનાથની સર્વ જીવ પ્રત્યેની મૈત્રીભાવના. તેઓ સર્વમાં પરમાત્માના દર્શન કરતા.

**(૩) મન અભિમાન ન આણે રે...**

લક્ષ્મણજીએ ચૌદ વર્ષ સુધી અનિદ્રા અને અખંડ બ્રહ્મચર્યનું પાલન કરી શ્રી રામ અને સીતા માતાની સેવા કરી. તેમનું જીવન વડીલ બંધુ શ્રી રામ અને માતા સીતાજીની નિષ્કામ અખંડ સેવામાં ઓતપ્રોત બની ગયું હતું. છતાં રામાયણમાં ક્યાંય તેમનું અભિમાન થયાનું જાણ્યું નથી. તેઓ શ્રી રામની આજ્ઞાનું અક્ષરસઃ પાલન કરતા. તેમની વીરતાની પ્રતિભા ઉત્કૃષ્ટ હતી, છતાં પણ જીવનભર નિરાભિમાની રહી શ્રી રામના ચરણ-સેવક બની રહ્યા.

**(૪) સકળ લોકમાં સહુને વંદે :**

સંત જ્ઞાનેશ્વર મહારાષ્ટ્રના અતિ લોકપ્રિય સંત હતા. તેઓએ માત્ર ૧૮ વર્ષની ઉંમરે શ્રીમદ્ ભગવદ્‌ગીતાની ટીકા લખી, જે 'જ્ઞાનેશ્વરી ગીતા' તરીકે ઓળખાય છે. તેઓ અતિ નમ્ર સ્વભાવના હતા. તેમની નમ્રતાના વિશિષ્ટ સદ્‌ગુણને લીધે તેઓ અતિ લોકપ્રિય હતા. સર્વ જીવમાં તેઓ પરમાત્માના દર્શન કરતા.

**(૫) નિંદા ન કરે કેની રે...**

મહાપુરુષો કોઈની નિંદા કરતા પણ નથી અને સાંભળતા પણ નથી. સંત તુકારામ મહારાષ્ટ્રના શ્રેષ્ઠ સંતોમાં ગણાય છે. તેમના ભજન ખૂબ મધુર અને

નીતિપૂર્ણ છે. તેમાં સહેજ પણ કટુતા કે નિંદાના ભાવ દેખાતા નથી. તે વખતના પંડિતો તેમનો ખૂબ વિરોધ કરતા, પણ તેઓ મધ્યસ્થ ભાવ રાખી સૌ સાથે પ્રેમપૂર્ણ વ્યવહાર કરતા. તેઓ સહનશીલતાની મૂર્તિસમા હતા.

(૬) **વાચ :** વચનની નિશ્ચલતા માટે ભક્ત પ્રહ્લાદનું દૃષ્ટાંત છે. ભક્ત પ્રહ્લાદને પૂર્વ સંસ્કારને લીધે પ્રભુનું નામ અતિ પ્રિય હતું એટલે હંમેશાં પ્રભુનું સ્મરણ કરતા, પરંતુ તેમના પિતા હિરણ્યકશ્યપને આ ગમતું નહીં. હિરણ્યકશ્યપ અતિ અભિમાની અને પરમાત્માના નામથી વિમુખ હતા. તેઓએ પ્રહલાદ ઉપર સખત અત્યાચાર કર્યા, પણ પ્રહ્લાદ તેમની ભક્તિમાં નિશ્ચલ રહ્યા. ભગવાને હિરણ્યકશ્યપનો ગર્વ ઉતારવા નૃસિંહ અવતાર લીધો, પણ પ્રહ્લાદે પોતાના પિતા પ્રત્યે જરા પણ કટુતા દાખવી નહીં અને પિતાની મુક્તિ માટે પ્રાર્થના કરી.

(૭) **કાછ :** શ્રી શુકદેવજી પોતાના ત્યાગ-વૈરાગ્ય માટે સુપ્રસિદ્ધ છે. તેઓ મહર્ષિ વ્યાસના સુપુત્ર હતા. જન્મથી જ તેઓ વૈરાગી હતા. તેમના ગુણ ગાતાં એક કવિએ લખ્યું છે.

"ખૂબ ત્યાગી સુવૈરાગી, નારી જિત વિનમ્રી;
શુક સમો ન સંન્યાસી, તોયે ગૃહસ્થ શિષ્ય છે."

તેઓ સત્ય, અહિંસા અને અખંડ બ્રહ્મચર્યના ધારક હતા. તેમનું મન મેરુ જેવું નિશ્ચલ હતું.

**(૮) મન નિશ્ચલ રાખે...**

બાળભક્ત ધ્રુવનું ચરિત્ર સાધકો માટે બહુ પ્રેરણાદાયી છે. અપરમાતાના માર્મિક વચન સાંભળી તેઓ બાલ્યકાળે જ ઘર છોડી વનમાં તપ કરવા ચાલ્યા ગયા.

તેમના નિશ્ચયને ડગાવવા દેવોએ ઘણા પ્રયત્ન કર્યા પણ નિષ્ફળ ગયા. ધ્રુવજી પોતાના નિર્ણયમાં અડગ રહ્યા તેથી જ આપણા ઋષિઓએ તેમની સ્મૃતિમાં નભમંડળમાં અચળ એવા તારાને ધ્રુવ-તારાનું નામ આપ્યું છે.

**(૯) ધન ધન જનની તેની રે :**

આ ચરણમાં સીતામાતાનું દૃષ્ટાંત વિચારીએ. ભારતીય સંસ્કૃતિના ઇતિહાસમાં નારીગૌરવમાં સીતામાતાનું સ્થાન મોખરે છે. તેઓએ દીકરી તરીકે માતા-પિતાની આજ્ઞાનું પાલન કરી પિતૃકુળને ઉજાળ્યું અને જીવનભર શ્રી રામના પડછાયા સમાન રહી સોનાની પેઠે અગ્નિકસોટીમાં તપતા રહ્યા. જ્યારે શ્રી રામે તેમનો ત્યાગ કર્યો ત્યારે તેમણે અદ્ભુત સહનશક્તિ દાખવી અને મૌન ભાવે તેમની આજ્ઞાનો સ્વીકાર કર્યો. સાથે શ્રી રામને ધર્મના માર્ગથી ન ડગવા સંદેશો મોકલ્યો. આવા મહાસતી સીતામાતાની જનની પણ ધન્ય છે.

**(૧૦) સમદૃષ્ટિને :**

સર્વધર્મ સમન્વય માટે સંતકબીરજીનું સ્થાન મોખરે કહી શકાય. તેમણે હિન્દુ અને મુસ્લિમ પ્રત્યે સંમભાવની દૃષ્ટિ કેળવી હતી. કહેવાય છે કે તેમના મૃત્યુ પછી બંને ધર્મના અનુયાયીઓએ તેમના દેહની અંતિમ ક્રિયા માટે આગ્રહ રાખ્યો હતો. સમભાવ માટે તેમનો નીચેનો દોહરો પ્રસિદ્ધ છે :

"કબીર કૂઆ એક હૈ, પનિહારી અનેક,
બરતન સબ ન્યારે ભયે, પાની સબ મેં એક."

ગઈ સદીમાં સમદૃષ્ટિ અને સર્વધર્મ પ્રત્યે ઉદારદૃષ્ટિ માટે પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર મુખ્ય કહી શકાય. તેઓ પદમાં જણાવે છે :

"રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો."

- ભિન્ન ભિન્ન મત દેખીએ ભેદ દૃષ્ટિનો એહ;
  એક તત્ત્વના મૂળમાં, વ્યાપ્યા માનો તેહ.
  તેહ તત્ત્વરૂપ વૃક્ષનું આત્મધર્મ છે મૂળ;
  સ્વભાવની સિદ્ધિ કરે ધર્મ તે જ અનુકૂળ.
- જે ગાયો તે સઘળે એક, સકળ દર્શને એ જ વિવેક,
  સમજાવ્યાની શૈલી કરી, સ્યાદ્વાદ પણ સમજણ ખરી.

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥ **(ક્રમશઃ)**

• • •

# શ્રી આનંદઘન ચોવીશી

અશોકભાઈ પી. શાહ

(ગતાંકથી ચાલુ...)

## શ્રી નમિનાથ જિન સ્તવન

યોગીશ્વર આનંદઘનજીએ મોક્ષમાર્ગના બે મુખ્ય અંગ એવા જ્ઞાન અને ધ્યાન વિશે ગાથા ૮ અને ૯માં માર્ગદર્શન આપ્યું.

જ્ઞાન-ધ્યાનની સાધના કરવા છતાં પંચમકાળના પ્રભાવથી જે મર્યાદિત સાધના થાય છે તેનો ખેદ હવે આનંદઘનજી વ્યક્ત કરે છે.

**શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરુ તથાવિધ ન મિલે રે;**
**કિરિયા કરી નવિ સાધી શકીએ, એ વિષવાદ ચિત્ત સઘળે રે.**

**- ષટ્ દરિશણ૦ ૧૦**

**શબ્દાર્થ :** જિનવરકથિત શ્રુતને અનુસરીને જ હું વાત કરું છું, પરંતુ તથારૂપ સદ્‌ગુરુ મળતાં નથી. તેથી ક્રિયાઓ કરવા છતાં સાધનામાં આગળ વધાતું નથી એવો ખેદ મારા ચિત્તમાં નિરંતર વર્તે છે. (શ્રુત અનુસાર = આગમ, શાસ્ત્ર પ્રમાણે, સુગુરુ = સદ્‌ગુરુ, તથાવિધ = તથારૂપ, યથાયોગ્ય; કિરિયા = ક્રિયા; નવિ સાધી શકીએ = સાધ્ય પ્રાપ્ત થતું નથી, વિષવાદ = ખેદ, ઝેર જેવું લાગતું દુઃખ)

**ભાવાર્થ :** શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે મેં ઉપરોક્ત જે દાર્શનિક વાતો કરી તેમ જ જ્ઞાન-ધ્યાન વિશે કહ્યું તે સર્વ જિનવર પ્રણીત તથા સત્પુરુષોએ રચેલા શાસ્ત્રોને અનુસરીને, તેના આધારે જ કહ્યું છે, કોઈ ઉત્સૂત્રપ્રરૂપણા કરી નથી એવો મને વિશ્વાસ છે. જેમ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી સમ્યગ્‌દર્શન-જ્ઞાન ચારિત્રનું સ્વરૂપ સમજાવતા એક કાવ્યમાં કહે છે :

*"પંથ પરમ પદ બોધ્યો, જેહ પ્રમાણે પરમ વીતરાગે,*
***તે અનુસરી કહીશું**, પ્રણમીને તે પ્રભુ ભક્તિ રાગે."*

તેમ આનંદઘનજી અહીં વિશ્વાસ બેસાડે છે કે **"શ્રુત અનુસાર વિચારી બોલું."** તેમ છતાં શાસ્ત્રોનો મર્મ તો કોઈ સદ્‌ગુરુના અંતરમાં જ રહેલો છે અને એવા મર્મ જાણનારા સદ્‌ગુરુ મને જોવા મળતાં નથી. શાસ્ત્રોમાં જેવા લક્ષણો કહ્યાં છે તેવા, **તથાવિધ**, તથારૂપ, તેને મળતા આવે તેવા લક્ષણો ધરાવતા સુગુરુનો, સદ્‌ગુરુનો આ કાળમાં પ્રાયે વિયોગ વર્તે છે. સદ્‌ગુરુનાં વિશિષ્ટ લક્ષણો શ્રીમદ્ રાજચંદ્રજીએ 'શ્રી આત્મસિદ્ધિ' ગાથા-૧૦ અને ૩૪ તેમજ પત્રાંક - ૭૬ અને ૮૦માં કહ્યાં છે. પત્રાંક - ૭૬માં તેઓશ્રી ફરમાવે છે કે : *"સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે, શાસ્ત્રોમાં નથી અને સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે, અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે."* — આવા તથારૂપ સદ્‌ગુરુનો ભેટો થવો મુશ્કેલ છે એવી વ્યથા આનંદઘનજી વ્યક્ત કરે છે. શ્રી અભિનંદન જિન સ્તવનમાં પણ તેમણે *"સેંગુ કોઈ ન સાથ"* કહીને આવી જ વ્યથા વ્યક્ત કરી હતી. જો કે પોતે સ્વયં આત્મજ્ઞાની મહાપુરુષ છે, તેમ છતાં ચારિત્રના આગળના સોપાનો ચઢવા માટે તેમને કોઈ તથારૂપ સુગુરુ મળતાં નથી તેનો વસવસો છે. જિનઆજ્ઞા અનુસાર પોતે વ્રત, જપ, તપ, ભક્તિ, જ્ઞાન, ધ્યાન આદિ ક્રિયાઓ કરે છે, પરંતુ પોતાથી પણ વધુ ઊંચી આત્મદશા, ધરાવનાર સદ્‌ગુરુના અભાવમાં કહે છે : *"કિરિયા કરી નવિ સાધી શકીએ."* - આ શાસ્ત્રોક્ત ક્રિયાઓ કરવા છતાં હું 'પરમપદ'ના મારા સાધ્ય તરફ વાયુવેગે આગળ નથી વધી શકતો. **"એ વિષવાદ ચિત્ત સઘળે રે"** - ઝેર જેવું આત્યંતિક દુઃખ આ વાતને લઈને મારા સમગ્ર ચિત્તમાં રહે છે. જુઓ ! મોક્ષમાર્ગમાં

સદ્ગુરુ તત્ત્વનું કેટલું અચિંત્ય માહાત્મ્ય છે કે આનંદઘનજી જેવા મહાપુરુષો પણ પોતાથી ચડિયાતા ગુરુને ઝંખે છે કે જે તેમને શ્રુતનાં ગૂઢ મર્મ સમજાવી આગળના ગુણસ્થાનો સરળતાથી ચઢવામાં માર્ગદર્શક બને. અહીં આનંદઘનજીના લઘુતા અને વિનય ગુણના પણ દર્શન થાય છે. વળી, તેમની મોક્ષ માટેની તાલાવેલી કેટલી છે કે સંસારના કોઈ વિઘ્નો નડતરરૂપ નથી લાગતાં, પણ શીઘ્રતાથી મોક્ષ અપાવે તેવા ગુરુનો વિરહ તે મોટું નડતર લાગે છે ! તેથી હવે પ્રભુને જ પ્રાર્થના કરતાં અંતિમ ગાથામાં કહે છે :

**તે માટે ઊભા કર જોડી, જિનવર આગળ કહીએ રે;**
**સમય ચરણ સેવા શુદ્ધ દેજો, જિમ આનંદઘન લહીએ રે.**
**- ષટ્ દરિશણ૦ ૧૧**

**શબ્દાર્થ :** તેથી ઊભા રહીને બે હાથ જોડી જિનવર આગળ એમ પ્રાર્થના કરીએ છીએ કે હે પ્રભુ ! આપના બોધેલા આગમોમાં કહેલી આજ્ઞાઓના પાલનરૂપી શુદ્ધ ચરણ સેવા દેજો, જેથી આનંદઘન પદને પ્રાપ્ત કરીએ. (સમય = આગમ, શુદ્ધાત્મા, પરમાત્મા; ચરણ = ચારિત્ર, આજ્ઞાપાલન)

**ભાવાર્થ :** ગાથા - ૧૦માં જે સદ્ગુરુના અભાવની વ્યથા વ્યક્ત કરી તે ટાળવા હવે એક જ ઉપાય છે કે નિર્મળ હૃદયે પ્રભુને પ્રાર્થના થાય કે 'સમય'ની શુદ્ધ ચરણસેવા દેજો. 'સમય' એટલે આગમશાસ્ત્ર અથવા પરમાત્મા. ચરણસેવા અર્થાત્ પરમાત્માએ આગમમાં કહેલી આજ્ઞાનું શુદ્ધ અંતઃકરણથી આરાધન. આજ્ઞા આરાધનરૂપ ચરણસેવાનું માહાત્મ્ય બતાવતાં આચારાંગ સૂત્રમાં કહ્યું છે : ''आणाए धम्मो आणाए तवो.'' શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક - ૧૯૪માં આ જ વાતનો ઉલ્લેખ કરી વધુમાં ભગવાન મહાવીરના ઉપદેશને ટાંકે છે કે - *''ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષપ્રાપ્ત થયા.''* આવી જ શુદ્ધ ચરણસેવા કરવાનો લહાવો હે નમિ જિનેશ્વર ! મને આપજો કે જેના ફળસ્વરૂપે તે અનંત જ્ઞાની પુરુષોની જેમ હું પણ આનંદઘન પદને અર્થાત્ મોક્ષને પ્રાપ્ત થાઉં. નિશ્ચયનયથી તો ચરણસેવા તે આત્મરમણતારૂપ ચારિત્ર છે અને તે જ આનંદઘન પદ છે, જેની પ્રાપ્તિ પ્રભુઆજ્ઞા પાલનરૂપ ચરણસેવાથી થાય છે. પ્રભુને પોતાનું સર્વસ્વ અર્પણ કરવાના આવા ભાવ સાથે આનંદઘનજી સ્તવનની ભાવભીની પૂર્ણાહુતિ કરે છે.

આનંદઘનજીની જેમ આપણે પણ ઊભા થઈ અર્થાત્ જાગૃત થઈ બે હાથ જોડી પ્રભુને વિનંતી કરીએ કે હે પ્રભુ ! શુદ્ધ હૃદયથી થયેલ મારી આ પ્રાર્થનાને સ્વીકારી મને એવી શક્તિ અને સંકલ્પબળ આપજો કે હું નિરંતર આપના ચરણકમળની સેવામાં આ જ રીતે રહું, આપની તથા આપની કૃપાથી મળેલ સદ્ગુરુની આજ્ઞા પ્રમાણે મારા જીવનનો ઢાળ બદલી આનંદઘનજી જેવા સ્વરૂપાનંદને પામું.

આનંદઘનજીએ આ સ્તવન દ્વારા સર્વ દર્શન પ્રત્યે આદરભાવ કેળવવાની દૃષ્ટિ આપી, સર્વોત્તમ એવા જૈનદર્શન પ્રત્યેની આપણી ભક્તિને પુષ્ટ કરી અને ભૃંગી-ઇલિકાની જેમ ભક્તિમાર્ગ દ્વારા તેમજ આજ્ઞા-આરાધનરૂપ શુદ્ધ ચરણસેવા દ્વારા પ્રભુ જેવા આનંદઘન બનવાનો માર્ગ બતાવ્યો. આવા અનન્ય ઉપકાર માટે શ્રી આનંદઘનજીને કોટિ કોટિ વંદન કરી આ સ્તવનની વિચારણાને અહીં વિરામ આપીએ છીએ. (આ સ્તવનનાં કેટલાંક દાર્શનિક તેમજ શાસ્ત્રીય કઠિન શબ્દોના અર્થઘટનમાં પૂજ્યશ્રી રાકેશભાઈના આનંદઘન ચોવીશી ઉપર થયેલ સ્વાધ્યાયનો આધાર લીધો હતો તે માટે હું તેઓશ્રીનો ઋણી છું.)

સ્તવનના ભાવોમાં આનંદઘનજી મહારાજના આશયથી કે વીતરાગમાર્ગથી કંઈ પણ ઓછું, અધિકું કે વિપરીત લખાયું હોય તો સર્વ સત્પુરુષોની સાક્ષીએ ક્ષમાયાચના કરું છું.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

● ● ●

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૧૦)

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

## પ્રભુના લોકોત્તર ગુણો - કેવળજ્ઞાન

● **મૂળ શ્લોક : ગાથા - ૧૬** (વસંતતિલકા)

**निर्धूमवर्तिरपवर्जिततैलपूरः**

**कृत्स्नं जगत्त्रयमिदं प्रकटीकरोषि ।**

**गम्यो न जातु मरुतां चलिताचलानां,**


**दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ॥१६॥**

● **શબ્દાર્થ :** निर्धूमवर्ति - ધૂમાડા અને દીવેટથી રહિત, अपवर्जिततैलपूरः - તેલના સમૂહથી રહિત, कृत्स्नं - સમસ્ત, जगत्त्रयं - ત્રણ જગતને, इदं - આ, प्रकटीकरोषि - પ્રગટ કરી રહ્યા છો, गम्यः न - વશ થતા નથી, जातु - કદાચિત્, मरुताम् - પવનોના, चलित - ચલાયમાન કરે છે, ડોલાવે છે, अचलानाम् - પહાડોને, પર્વતોને, दीपः - દીપક, अपर - અપૂર્વ, त्वम् - તમે, असि - છો, नाथ - (ત્રણ જગતના) નાથ (પ્રભુ), जगत्प्रकाशः - જગતનો પ્રકાશ કરો છો.

● **સમશ્લોકી અનુવાદ** (મંદાક્રાંતા) :

ક્યારે હોતાં કદી નથી અહા ! ધૂમ્ર કે વાટ જેમાં,
એકી સાથે ત્રિભુવન દીપે એ ખૂબી છે જ તેમાં;
ના ઓલાયે કદી પવનથી હો કદીયે નમેરો,
એવો કોઈ અજબ પ્રભુજી, દીવડો આપ કેરો.(૧૬)

● **ભાવાર્થ :** હે નાથ ! તમે ત્રણેય લોકને (જગતને) સમસ્તપણે (સંપૂર્ણ) પ્રકાશિત કરનાર અપૂર્વ દીપક છો કે જેમાં ધૂમાડો નથી, દીવેટ નથી, તેલ નથી, તેમ જ જેને પહાડો ડોલાવનાર પવન પણ કદી કાંઈ કરી શકતો નથી (તે પવન જ્ઞાનપ્રકાશને અસ્થિર કે જ્ઞાનદીપકને બુઝાવી શકતો નથી).



● **વિશેષાર્થ / પરમાર્થ :** આગળના શ્લોક-૧૫માં માનતુંગાચાર્યે પરમાત્માના બ્રહ્મચર્ય ગુણનું માહાત્મ્ય દર્શાવ્યું. નિશ્ચયથી બ્રહ્મચર્ય એટલે બ્રહ્મ (પોતાના ત્રિકાળી શુદ્ધ આત્મા)માં ચરવું.(સ્થિત થવું, રહેવું). વ્યવહારથી બ્રહ્મચર્ય એટલે પરભાવ-વિભાવ-વિકારમાં ન જવું અને સ્વભાવમાં રહેવું. લોકરૂઢિ પ્રમાણે બ્રહ્મચર્ય એટલે મૈથુન સંજ્ઞા પરનો સંયમ અને તેનાથી વિરક્તિ. પરમકૃપાળુદેવે બ્રહ્મચર્યનો મહિમા ગાતા કહ્યું કે, ''પાત્ર થવા સેવો સદા બ્રહ્મચર્ય મતિમાન.'' (મોક્ષમાળા - ૩૪) અહીં પાત્ર એટલે મોક્ષ અને મોક્ષમાર્ગના આધિકારી. બ્રહ્મચર્ય એટલે વિકાર-વિભાવ રહિત દશા. મતિમાન એટલે સ્વ-પર તથા હેય-ઉપાદેય વિવેકયુક્ત સાધક. શાસ્ત્રોમાં

આચાર્ય ભગવંતના ૩૬ ગુણોમાં ૯ ગુણ તો બ્રહ્મચર્યની ૯ વાડ (સંયમ)ને કહેલ છે. આચાર્ય ભગવંતો કહે છે કે મોહનીય કર્મના ઉદય અને વિકારના ઉછાળા વખતે ૧૫મા શ્લોકનું પારાયણ અને ચિંતન કરવાથી વિકાર શમીને મન શાંત થઈ જશે. તેથી આપણા જેવા સંસારી જીવો માટે તે શ્લોક મુખપાઠ કરવાની તેમની આજ્ઞા છે. આમ ૧૫મા શ્લોકમાં વીતરાગતાની વાત કરી. તેને યાદ કરતા રાગ-વિકાર મંદ-ક્ષીણ થાય છે. પૂર્ણ વીતરાગતાથી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટે છે. તેથી હવે પછીના આ શ્લોક-૧૬માં આચાર્યશ્રી ઋષભદેવ પ્રભુના બીજા લોકોત્તર ગુણ કેવળજ્ઞાનની વાત કરે છે.

જિનેશ્વર પ્રભુના ત્રણ મુખ્ય લક્ષણો ક્રમથી વીતરાગતા, સર્વજ્ઞતા અને હિતોપદેશકતા છે. વળી, એ સમજી શકાય એવું છે કે પૂર્ણ વીતરાગતા વિનાની સર્વજ્ઞતા જીવને માટે આર્ત્ત-રૌદ્ર ધ્યાન અને પતનનું કારણ બની શકે છે. તેથી જ માનતુંગાચાર્યે પહેલા વીતરાગતા (શ્લોક-૧૫) અને પછી સર્વજ્ઞતા (શ્લોક-૧૬) દર્શાવી.

તીર્થંકર ભગવાનનો ભક્ત તો દરેક વસ્તુમાં પ્રભુને જુએ, તેની સાથે પ્રભુને સરખાવીને તે વસ્તુના ગુણો પ્રભુમાં પણ છે તેમ સ્પષ્ટ કરે અને પછી વિશેષાર્થથી કહે કે તે ઉપરાંત પણ પ્રભુમાં જે ગુણો છે તે બધા તે વસ્તુમાં નથી તેથી જિનેશ્વર પ્રભુ અનન્ય, અપૂર્વ અને અલૌકિક છે. આ બાબત આપણે આગળના ઘણા શ્લોકોમાં નાનું બાળક, કોયલ, ઝાકળનું બિંદુ, કમળ, ચંદ્ર વગેરે દૃષ્ટાંતોથી જોઈ ગયા. હવે પછીના શ્લોકોમાં દીપક, સૂર્ય, અન્ય લૌકિક દેવોના રૂપકથી જોઈશું.

શ્લોક - ૧૬માં માનતુંગાચાર્ય આદિનાથ પ્રભુના કેવળજ્ઞાનને દીપક સાથે સરખાવે છે. દીપક સ્વ-પર પ્રકાશક છે અને એક દીવો બીજા દીવાને પ્રગટાવી શકે (નિમિત્ત-નૈમિત્તિક). જ્ઞાનમાં પણ આ બંને ગુણો છે. હવે આચાર્યશ્રી પ્રભુના કેવળજ્ઞાનની પાંચ વિશેષતાથી તેને દીપક (અને સામાન્યજ્ઞાન) કરતા અનુપમ અને વિશેષ કહે છે : (૧) કેવળજ્ઞાનને જ્ઞાનની જેમ પુણ્યરૂપી ઇંધણ કે દીપકની જેમ તેલની જરૂર નથી, (૨) કેવળજ્ઞાનને જ્ઞાનની જેમ ઈંદ્રિયો - મનરૂપી સાધન કે દીપકની જેમ વાટની જરૂર નથી, (૩) કેવળજ્ઞાનને જ્ઞાનની જેમ રાગ-દ્વેષ-વિકાર (મલિનતા, આવરણ, ક્ષયોપશમ) નથી કે દીપકની જેમ ધૂમાડો નથી, (૪) કેવળજ્ઞાનને જ્ઞાનની જેમ મોહના ઉછાળા કે દીપકની જેમ પવનના ઝપાટા નથી તેથી તે હલતું-નમતું-બુઝાતું નથી અને (૫) કેવળજ્ઞાનને મતિ-શ્રુત જ્ઞાનની સીમા કે દીપકની જેમ મર્યાદિત ક્ષેત્ર નથી. તે તો ત્રણ લોક-ત્રણ કાળના સર્વ પદાર્થના દ્રવ્ય-ગુણ-પર્યાયને યુગપત્ મર્યાદારહિત જુએ જાણે છે, પ્રકાશે છે. કેવળજ્ઞાન એક પ્રદેશ - એક પરમાણુ - એક સમયને જોઈ - જાણી શકે તેવું સૂક્ષ્મતમ છે તેમ જ અનંત લોકાલોકને પ્રકાશનાર સ્થુળતમ પણ છે.

ઋષભદેવ પ્રભુના આત્માના અસંખ્ય પ્રદેશે પ્રદેશે કેવળજ્ઞાનના દીવડા પ્રગટેલ છે. સામાન્ય દીપક તો વાટ હોય તો જ પ્રગટી શકે છે અને તે માટે તેમાં તેલ પૂરવું પડે છે. વળી, તેમાં ક્યારેક ધૂમાડો પણ થાય છે અને પવનનો જોરદાર ઝપાટો આવે તો તે ઓલવાઈ પણ જાય છે; જ્યારે શ્રી જિનેશ્વર દેવના અંતરમાં જે કેવળજ્ઞાનરૂપી જ્ઞાનદીપક પ્રગટેલ છે તેને વાટની કે તેલની જરૂર પડતી નથી, એટલે કે તેને કોઈ બાહ્ય નિમિત્તો કે સાધનોની અપેક્ષા નથી. વળી, તેમાંથી કોઈ ધૂમાડો નીકળતો નથી, એટલે કે તેમાં કોઈ વિકૃતિ થતી નથી. પર્વતોને પણ ડોલાવે એવો પવન(નિમિત્તો, કર્મોદય)નો સપાટો આવે છતાં તે ઓલવાતો નથી. તાત્પર્ય કે એકવાર પ્રગટ થયા પછી કોઈ પણ સંયોગોમાં તે બુઝાતો નથી.

તીર્થંકરો જન્મે છે ત્યારે મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનથી યુક્ત હોય છે. જ્યારે તેઓ મહાભિનિષ્ક્રમણ કરીને એટલે કે સંસારનો ત્યાગ

કરીને યાવજજીવ સામાયિક ઉચ્ચારવાપૂર્વક સાધુજીવનનો સ્વીકાર કરે છે ત્યારે તેમને ચોથું મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન થાય છે અને ત્યારબાદ નિર્વાણયોગની સાધના કરતા જ્ઞાનાવરણીય આદિ ચાર ઘાતીકર્મનો નાશ થાય છે, ત્યારે પાંચમું કેવળજ્ઞાન પ્રગટે છે. તેની સાથે કેવળદર્શન પણ હોય છે. આ દર્શન-જ્ઞાનથી તેઓ ત્રણ જગતના સર્વ પદાર્થોનું ત્રિકાળ (ભૂત-ભાવિ-વર્તમાન) દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ સ્વરૂપ જોઈ-જાણી શકે છે, એટલે કે સર્વજ્ઞ સર્વદર્શીની કોટિમાં આવે છે અને તે પછી જ તેઓ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી લોકોને ધર્મનો ઉપદેશ આપે છે.

આ રીતે કેવળજ્ઞાનની ઉત્પત્તિ એ તેમના જીવનની એક અપૂર્વ ઘટના (સિદ્ધિ) છે અને તે એમના નિર્વાણને નિશ્ચિત બનાવે છે. સ્તોત્રકાર સૂરિજીએ અપૂર્વદીપના ઉપમાન વડે આ વસ્તુને અહીં અતિ સુંદર રીતે રજૂ કરી છે અને પોતાની અસામાન્ય પ્રતિભાનો પરિચય આપ્યો છે. આ શ્લોકમાં આચાર્યશ્રીએ કેવળજ્ઞાનનું અદ્‌ભુત માહાત્મ્ય બતાવ્યું છે.

સામાન્ય દીવો જ્યારે પ્રકાશે છે ત્યારે આજુબાજુની વસ્તુઓને પણ પ્રકાશિત કરે છે અને એ દૃષ્ટિએ તે સ્વ-પર પ્રકાશક છે. અર્થાત્ દીવો એ દીવાને પોતાને તથા અન્ય વસ્તુઓને જોવા-જાણવામાં સહાયક થાય છે. જ્ઞાન પણ સ્વ-પર પ્રકાશક છે. જ્ઞાનરૂપી આત્મા દીવાની જેમ જ્યોતિસ્વરૂપ છે અને એ આત્મામાં કેવળજ્ઞાન શક્તિરૂપે (આમ્નાય ભેદે સત્તારૂપે) છે. આ હેતુઓને લક્ષમાં રાખી માનતુંગાચાર્યે કેવળજ્ઞાનને દીવાનું રૂપક આપીને જ્ઞાનદીપકની વાત કહી છે. સામાન્ય દીવાને સ્થળ-કાળ-બાહ્યસાધનોના બંધનની મર્યાદા નડે છે ત્યારે કેવળજ્ઞાન રૂપી દીવો આ સર્વ મર્યાદાઓથી પર છે. આ દીવો એટલો પ્રકાશિત છે કે તેમાં ત્રણે લોકના, ત્રણે કાળના સર્વ પદાર્થો તેમજ ભાવો એકી સાથે તેના ધારકના જ્ઞાનમાં ઝળકે છે. કેવળજ્ઞાન શાશ્વત છે અને એક વખત પ્રગટ્યા પછી તેમાં લેશ પણ ન્યૂનતા (ઓછાઈ કે ફેરફાર) કોઈ પણ કાળે આવતી નથી.

દીવાથી દીવો પ્રગટે છે અર્થાત્ એક સ્વયંપ્રકાશિત પદાર્થ દીવો એ અન્ય પાત્ર-પદાર્થને પ્રકાશિત કરવામાં, અન્ય દીવો પ્રગટાવવામાં શુભ નિમિત્ત બને છે. વળી, જે જીવને કેવળજ્ઞાન પ્રગટાવવું હોય તેને અન્ય કેવળીના નિમિત્તની જરૂર પડે છે. આમ, જે કાર્ય દીવો કરે છે તે જ કાર્ય કેવળજ્ઞાન કરે છે. એ અપેક્ષાએ કેવળજ્ઞાન માટે દીપક એ સૌથી ઉચિત રૂપક છે અને તેથી જ્ઞાન અને દીપક હંમેશાં શાસ્ત્રોમાં સાથે રહેલા છે.

માનતુંગાચાર્ય કહે છે કે હે તેજપુંજ પરમાત્મા ! તું તો ત્રણ જગતનો અનોખો દીવડો છે. પેલા સુસવાટા મારતા પવન સમાન મોહરૂપી વાયરો આ દીપકને બુઝાવી કે કાંઈ જ કરી શકતો નથી. ન તો તારામાંથી રાગ-દ્વેષ રૂપ ધૂમાડો નીકળે છે કે ન તારે પરની સહાયરૂપ વાટની જરૂર છે, કે નથી તો દીવડાને પ્રગટાવવા બાહ્યસાધનરૂપ તેલની જરૂર ! કારણ કે તું સ્વયંસંબુદ્ધ છે. એક જ્યોતિર્મય દીપક બીજા અનેક દીપકને જ્યોતિર્મય બનાવે છે તેમ આપ અનેકના જીવનમાં જ્ઞાનજ્યોતિ પ્રગટાવો છો (વ્યવહારથી, પ્રબળ પ્રેરણાત્મક બાહ્યનિમિત્ત અપેક્ષાએ). પૂજ્યશ્રી કુંદકુંદાચાર્યે પણ સર્વજ્ઞપદના મહિમારૂપ સ્તુતિ કરી છે (પ્રવચનસાર - ૧૬) :

**"સર્વજ્ઞ, લબ્ધસ્વભાવ ને ત્રિજગેંદ્રપૂજિત એ રીતે,**
**સ્વયમેવ જીવ થયો થકો તેને સ્વયંભૂ જિનો કહે."**

માનતુંગાચાર્ય કહે છે કે હે પ્રભો ! આપના આવા કેવળજ્ઞાનને પ્રતીતમાં લેતાં, એટલે કે રાગથી ભિન્ન અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવને વેદનમાં લેતાં અમારા અંતરમાં સ્વાનુભવનો જે અતીન્દ્રિય શ્રુતજ્ઞાન-દીવડો પ્રગટ્યો છે તે પણ હવે પરિષહોના પવન વચ્ચે કદી ઓલવાશે નહિ ને કષાયની કાલિમાથી જુદો જ રહીને

વૃદ્ધિગત થતા થતા કેવળજ્ઞાન સુધી કાળક્રમે પહોંચશે. આ રીતે સાધકને સર્વજ્ઞની સાથે પોતાના જ્ઞાન-દીવડામાં પણ નિઃશંકતા છે.

હે નાથ ! ઇંદ્રિયો વગર ને રાગદ્વેષ વિના મોક્ષમાં આપનો અદ્‌ભુત કેવળજ્ઞાન - દીવડો ઝગમગી રહ્યો છે. આ લોકોત્તર કેવળજ્ઞાન-દીવડાને તો જ્ઞાની જનો જ ઓળખે. અહીં ઇન્દ્રિયોને કષાયોથી ભિન્ન જ્ઞાન સ્વભાવની પ્રતીતપૂર્વક સર્વજ્ઞ ભગવાનની પરમાર્થ સ્તુતિ કરી છે.

જૈન દર્શનનો આ લોકોત્તર સિદ્ધાંત છે કે ભગવાન અને ભક્ત બંનેના આત્માનો સ્વભાવ એકસરખો છે. દરેક જીવમાં પરમાત્મ સ્વરૂપ રહેલુ છે ને તેની ઉપાસના વડે એટલે કે તેમાં શ્રદ્ધા-જ્ઞાન-અર્પણતા કરીને તથા તેમાં ઉપયોગની લીનતા કરીને કોઈપણ જીવ પોતે પરમાત્મા બની શકે છે. પરમાત્મા બનવાની આ પ્રક્રિયા તે જ પરમભક્તિ, તે જ આરાધના, તે જ પરમાત્માની ઉપાસના, તે જ મોક્ષમાર્ગ અને તે જ ધર્મ.

પ્રભાતે પ્રભુની દીપકપૂજા વખતે ભવિજનો આ શ્લોક (૧૬) ભાવથી ગાઈને પ્રભુની અને તેમના કેવળજ્ઞાનની સ્તુતિ કરે છે. ખરેખર તો જીવ પોતે જ જ્ઞાન સ્વરૂપ છે અને પોતાના શુદ્ધ સ્વભાવ અને શુદ્ધ સ્વરૂપ જ્ઞાયકભાવનું માહાત્મ્ય ગાઈને અંતર્મુખતાની વૃદ્ધિ કરે છે.

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર કોબામાં પૂ.શ્રી આત્માનંદજીના પાવન સાન્નિધ્યમાં અધ્યાત્મશિબિરોના પ્રારંભમાં મંગલદીપ પ્રાગટ્ય વખતે પૂ.શ્રી શર્મિષ્ટાબેન ખૂબ ભાવથી ગાય છે કે,

**"દીવો કરો રે દિલમાં દીવો કરો,**
**દીવો કરો ને અંતરતિમિર હરો,**
**દીવો કરો ને કુડા કામ ક્રોધ પરિહરો..."**

આ શ્લોક (૧૬)માં કેવળજ્ઞાનરૂપી દીવાનું અદ્‌ભુત માહાત્મ્ય ગાયું છે, જે જાણીને સર્વ કોઈ પોતાનો એવો દીવો પ્રગટાવવા આતુર બને એવી ઊંડી ભાવના જોઈ શકાય છે. દરેક આત્મા સ્વયં પુરુષાર્થ કરે અને ઘાતીકર્મના આવરણને હટાવે તો આ (કેવળ) જ્ઞાનદીપ પ્રગટાવી શકે તેમ છે.

સર્વ જીવ પરમાત્મા અને સદ્‌ગુરુ ચરણોમાં યથાર્થ સાધના અને ઉગ્ર પુરુષાર્થ કરીને પોતાનો કેવળજ્ઞાન દીપક પ્રગટાવે તેવી મંગલ ભાવના સાથે, જિનાજ્ઞાથી વિપરીત કંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાપર્ણમસ્તુ ॥

• • •

## સાચા દિલની ક્ષમા

**(પાના નં. ૯ પરથી ચાલુ...)**

આનંદની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. એણે બે હાથ જોડીને કહ્યું, "પ્રભુ ! મારી છેલ્લી ઘડી ઉજાળી ! જ્ઞાનીને શોભતી કેટલી ભવ્ય નમ્રતા ! ભવોભવે અલભ્ય એવી કેવી લઘુતા ! જય ! પ્રભુ મહાવીરનો જય ! જ્ઞાની ગૌતમનો જય !" આમ, ક્ષમા માગતી વખતે નમ્રતા અને લઘુતા જોઈએ. આથી જ બાહુબલિને એમની બંને જ્ઞાનવૃદ્ધ બહેનો બ્રાહ્મી અને સુંદરીએ કહ્યું હતું, "વીરા મોરા ! ગજથી હેઠા ઊતરો." અને આ પંક્તિએ બાહુબલિને એના મહાદોષનો ખ્યાલ આપ્યો. "પોતાનાથી વયમાં નાના પરંતુ પોતાની પૂર્વે દીક્ષા લેનાર ભાઈઓ નાના હોવા છતાં જ્ઞાનવૃદ્ધ ગણાય. અને તેથી જ બાહુબલિએ એમને વંદન કરવા ઘટે." બાહુબલિ તપની માત્રા વધારતા ગયા પરંતુ "હું મોટો છું"નો નાનો શો કંટક બાહુબલિની ઉગ્ર સાધનાને સફળ થવા દેતો નહીં. પરંતુ પોતાના દોષનો ખ્યાલ આવતાં બાહુબલિએ સાચા દિલની ક્ષમા યાચી. બીજી જ પળે એની સાધના સફળ થઈ.

• • •

# પર્યુષણ પર્વે સ્વનું જાગરણ

વલભજી હીરજી 'કેવલ'

પર્યુષણ પર્વ જૈન દર્શનમાં શ્રેષ્ઠ આધ્યાત્મિક પર્વ ગણાય છે. પર્યુષણ એટલે આત્મા પાસે વસવું. આ પર્વ આત્મગુણોની આરાધનાનું પર્વ છે. સત્ય, સંયમ, ક્ષમાપના ને સાધનાનું પર્વ છે. આત્માના સ્વરૂપનો સ્વાદ લેવામાં જે વીતરાગી આનંદની પરિણતિ ઉત્પન્ન થાય છે, તે જ્ઞાન-આનંદમય છે. મનુષ્યદેહ મળ્યો અને એમાં વીતરાગ ને જિનેશ્વરના માર્ગને ન ઓળખ્યો તો જન્મ-મરણના આંટા નહિ ટળે. ઘણા પાપ કરે તો નરકમાં જાય, માયા - કપટ કરે તો તિર્યંચમાં જાય, કષાયની મંદતા અને સરળ પરિણામ હોય તો મનુષ્ય થાય અને વ્રત, તપ, શીલના વિશેષ શુભપરિણામ કરે તો દેવ થાય. પણ એ ચારે ગતિ સંસાર છે. દુઃખરૂપ છે. વિષય-ભોગના પરિણામ છે તે રાગ છે અને રાગ છે એ દુઃખ જ છે.

અનંતકાળે દુર્લભ મનુષ્યપણું મળે છે. નિગોદના જીવને ત્રસપણું મળવું દુર્લભ છે. એવા સ્થાનમાંથી નીકળીને મનુષ્ય થયો. સંજ્ઞી પંચેન્દ્રિય થયો. વીતરાગ સર્વજ્ઞદેવની વાણી કાને પડી, તો આત્મઅનુભૂતિ કરી ભવભ્રમણનો અંત લાવવાનો આ પર્વનો સંદેશ છે. શરીર અને રાગથી ભિન્ન આત્મા અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિરૂપે બિરાજે છે તેની દૃષ્ટિ કર, તેનો અનુભવ કર. તેથી ભવમુક્તિ થઈ શાશ્વત સુખનો સ્વામિ થશે. ત્રસની સ્થિતિ તો બે હજાર સાગરની છે. બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના ભવ કરવાની સ્થિતિ બે હજાર સાગરની છે. ભેદજ્ઞાન કરી સમ્યગ્દર્શન-સમ્યક્જ્ઞાન ન થયું તો તેં સ્થિતિ- સમય પૂરો થતાં જીવ નિગોદમાં જશે. નિગોદવાસ તો અનંતકાળ અને અપાર દુઃખથી ભરેલો છે. આત્મા અમૃતસ્વરૂપ આનંદનો નાથ વિજ્ઞાનઘન પ્રભુ છે. જાગૃત થા અને સ્વરૂપનું ભાન કરી એમાં ઠરી જા. શરીરની સર્વ ચિંતા છોડીને આત્માનું ભાન કર. મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવ કરી કરીને અનંત દુઃખ સહ્યા. હવે અંતર્દૃષ્ટિ કર તો ભવનો અંત આવશે.

આત્મા પરનું કાર્ય કરે અને એનો કર્તા થાય એ વાત જિનશાસનની નથી. જીવની જાગતી જ્યોત સદા પ્રગટ જ છે. જીવદ્રવ્ય તો ત્રિકાળી સત્ છે. નિર્મળાનંદનો નાથ ચૈતન્યસ્વભાવી આત્માની સન્મુખ ન જોતા એનાથી વિરુદ્ધ રાગમાં એકત્વ કરી જોડાઈ જવું એ જ રાગ-દ્વેષ છે. વ્યવહાર રત્નત્રયનો શુભરાગ આકુળતાજનક છે. આનંદના નાથ આત્માનું કાર્ય પણ આનંદ જ હોય. જ્ઞાન-આનંદ વીતરાગ સ્વરૂપને સમજ્યા વિના કર્તા-કર્મની પ્રવૃત્તિ ઊભી જ રહે છે. સ્વરૂપ સમજ્યે જ જન્મ-મરણનો અંત આવે. ને અનંત સુખમય સિદ્ધપદ પામે.

આત્મા આનંદનું ને શાંતરસનું ધામ છે. પૂર્ણ પ્રભુતાનું ધામ છે. ત્યાં નજર કરીને એમાં ઠરી જા. લોકો બિચારા બહારના ક્રિયાકાંડમાં પડીને જિંદગી કાઢે છે. પુણ્ય-પાપના સ્થાનમાંથી ખસી જઈને આત્માના આનંદધામમાં આવી જા તો શાશ્વત સુખની પ્રાપ્તિ થશે. તીર્થંકરો અને કેવળી-ભગવંતોએ આ રીતે જ પૂર્ણદશા પ્રગટ કરી. લોકાલોકને જાણનારું કેવળજ્ઞાન પ્રગટ કર્યું ને એમણે ઉપદેશ પણ આ જ કર્યો છે.

જીવે નિરંતરપણે અનંત કાળપરાવર્તન કર્યા છે. કાળચક્રના ઉત્સર્પિણી અને અવસર્પિણી એમ બે ભાગ છે. તે દરેક દશ ક્રોડાક્રોડી સાગરોપમ છે. એક સાગર અસંખ્ય અબજ વર્ષોનો થાય છે. દરેક સમયમાં જીવે જન્મમરણ કર્યા છે, પણ આત્મજ્ઞાન તથા આત્મદર્શન શું છે તેની વાત સાંભળી નથી. જ્ઞાનસ્વરૂપ આત્મામાં એકાકાર થઈ અનુભવ કરતા અંદરમાં જ્ઞાનપર્યાય પ્રગટ થાય છે. તે મંત્ર છે. મોહ-રાગ-દ્વેષરૂપી ઝેરનો નાશ કરી અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો અનુભવ થાય છે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. અર્થાત્ સાધ્યની સિદ્ધિ એ રીતે થાય છે આત્મામાં અનંત આનંદ, શાંતિ, પ્રભુતા આદિ અનંત શક્તિનો પિંડ છે. પરભાવથી ભેદજ્ઞાન કરી આત્મભાવરૂપ થવાનું છે. પર્યુષણપર્વનો સંદેશ તે સ્વનું જાગરણ છે.

■ ■ ■

# શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના

**નિરૂપમાબેન ડગલી**

પર્યુષણ મહાપર્વ દરમ્યાન હર્ષોલ્લાસપૂર્વક ધર્મઆરાધના કરવાના ભાવો તો મહાભાગ્યશાળી જીવને જ થાય.

ધર્મપ્રેમી ભાઈ-બહેનો જ્યારે પર્યુષણ પર્વ નજીક આવી રહ્યા હોય ત્યારે આ મહાપર્વની આરાધના કયા કયા પ્રકારે કરીશ તેનું પ્લાનિંગ મનમાં શરૂ થઈ જાય છે. બાળકથી માંડીને વૃદ્ધવ્યક્તિ, દિગંબર કે શ્વેતાંબર, સર્વ સાધકોને સહાયક થાય તેવો ધર્મ આરાધના કરવા માટેનો ચાર્ટ આ સાથે આપેલ છે. દરેકની બાજુમાં ગુણ લખેલ છે. રોજનું ૧૦૦ ગુણનું પેપર ભરવાનું રહેશે. પર્યુષણના અંતે કેટલા ટકા ગુણ પ્રાપ્ત થયા તે ટોટલ ઉપરથી પોતે કયા સ્ટેજનો સાધક છે તેનો આંશિક ખ્યાલ પોતે જ મેળવી શકશે.

પર્યુષણ મહાપર્વ દરમ્યાન ધંધા કે ઘરના વ્યસ્ત જીવનમાંથી પોતાના આત્મકલ્યાણ માટે થોડો સમય ફાળવીને અમુક ધર્મ આરાધના કરવી અને ખાસ કરીને ઘરનાં યુવાનો-બાળકોને તેની પ્રેરણા કરવી. બાળકોને વહેલી સવારે મંદિરે - ઉપાશ્રયે લઈ જવા અથવા રાત્રે ભાવના-વ્યાખ્યાનમાળામાં લઈ જવા. ધન - સંપત્તિનો વારસો આપવા સાથે સુસંસ્કારોનો વારસો આપવો આજના યુગમાં ખૂબ જરૂરી છે.

દિગંબર મુનિરાજ પ્રમાણસાગરજી પાસે એક ભાઈ પોતાના યુવાન પુત્રને લઈને આવ્યા. પુત્રને ત્રણવાર વંદન કરવા કહ્યું, પણ પુત્ર તો મૂઢની જેમ ઊભો જ રહ્યો. પછી ક્ષોભ પામેલા પિતાએ કહ્યું કે તેનો વાંક નથી, દોષ તો મારો જ છે. તે S.S.C. પાસ થયો પછી બહારગામ ભણવા મોકલી દીધો અને ડીગ્રી મળ્યા પછી પરદેશ કમાવા મોકલી દીધો એટલે તેને ગુરુવંદનની વિધિ ખબર નથી. આવી જ દશા ઘણા યુવાનોની છે. ઘણા મા-બાપ નાનપણથી જ બાળકોમાં ધાર્મિક સંસ્કારોના બીજ રોપે છે. મુનિરાજ પ્રમાણસાગરજી પાસે એક વિદ્યાર્થી આવીને કહે છે, "મહારાજજી આજ સુધી રાત્રિભોજન મેં ક્યારેય કર્યું નથી પણ હવે એન્જિનિયરીંગનું ભણવા બહારગામ જઈશ ત્યાં હોસ્ટેલમાં રહીને આ વ્રત કેમ પાળીશ એ સવાલ છે." મુનિરાજે તેને કહ્યું, "મન મજબૂત કરીને દિવસમાં એકવાર ભોજનથી ચલાવી લેજે." ત્રણ વર્ષ પછી શિખરજીમાં તે યુવાન ફરી તે મુનિરાજને મળ્યો ત્યારે હર્ષોલ્લાસથી તેણે કહ્યું, "મુનિરાજ, આપના આશીર્વાદથી મેં ત્રણ વર્ષ એક વખત ભોજનથી જ પસાર કર્યા, પણ રાત્રિભોજન ક્યારેય કર્યું નથી." બાળકો તો કુમળા છોડ જેવા છે. તેને કઈ દિશામાં વાળવા તેની જવાબદારી મા-બાપની છે. કમ સે કમ પર્યુષણ મહાપર્વ દરમ્યાન વડીલો ઘરના સહુ જીવોને આ ચાર્ટ દ્વારા ધર્મ આરાધના કરવાની પ્રેરણા કરશે તેવી ભાવના છે.

## પર્યુષણ મહાપર્વની આરાધનાનો ચાર્ટ

| | | |
|---|---|---|
| ૧. | સવારે ઉઠતાં જ આઠવાર નવકારમંત્રનું સ્મરણ કરીશ. | ૧ |
| ૨. | માતા-પિતાને પ્રણામ કરીશ. | ૧ |
| ૩. | મંદિરે જઈ જિનદર્શન કરીશ અથવા ચાર લોગ્ગસનો કાઉસગ્ગ કરીશ. | ૧ |
| ૪. | જિનપૂજા-અષ્ટપ્રકારી પૂજા કરીશ અથવા ભક્તામર સ્તોત્ર બોલીશ. | ૧ |
| ૫. | દશલક્ષણધર્મની પૂજા ભણીશ અથવા ચત્તારી મંગલમ્ પાઠ ૧૦ વાર ભણીશ. | ૧ |
| ૬. | સોલહકારણ પૂજા ભણીશ અથવા આત્મસિદ્ધિ શાસ્ત્રનું પઠન અથવા ઉવ્વસગહર સ્તોત્રનું પઠન ૨૭ વાર કરીશ. | ૧ |

| | | |
|---|---|---|
| ૭. | શ્રી જિનવાણી-સરસ્વતી પૂજા ભણીશ અથવા નમો નાણસ્સની પાંચ માળા કરીશ. | ૧ |
| ૮. | પ્રતિદિન ૧ થી ૧૧ સામાયિક કરીશ. | ૧ થી ૧૧ |
| ૯. | જિનવાણીનું શ્રવણ-સાધુ-સાધ્વી-સંતોનું પ્રવચન સાંભળીશ. | ૧ |
| ૧૦. | ભોજન શરૂ કરતાં પહેલાં પાંચવાર નવકારમંત્રનું સ્મરણ કરીશ. | ૧ |
| ૧૧. | જમ્યા પછી થાળી ધોઈને પીવી. | ૧ |
| ૧૨. | રાત્રિભોજનનો ત્યાગ કરીશ. | ૧ |
| ૧૩. | નવકારશી - પોરસી - સાઢપોરસી કરીશ. | ૧ થી ૩ |
| ૧૪. | તપસ્યા કરીશ : બિયાસણું(૧), એકાસણું(૨), આયંબિલ(૩), ઉપવાસ (૪માર્ક) | ૧ થી ૪ |
| ૧૫. | દરરોજ નવું સૂત્ર, ગાથા અથવા સ્તવન કંઠસ્થ કરીશ. | ૧ |
| ૧૬. | દિવસ દરમ્યાન માત્ર ૨૦ દ્રવ્યો જ ખાવા-પીવામાં લઈશ. | ૧ |
| ૧૭. | એક અથવા વધારે ૬ વિગઈનો ત્યાગ કરીશ. | ૧ થી ૬ |
| ૧૮. | ટી.વી. જોવાનો સંપૂર્ણ ત્યાગ કરીશ. | ૧ |
| ૧૯. | સિનેમા-નાટક-સામાજિક પ્રસંગોમાં જવાનો ત્યાગ કરીશ. | ૧ |
| ૨૦. | કોમ્પ્યુટરનો ઉપયોગ કરીશ નહીં (ધંધાર્થે છૂટ). | ૧ |
| ૨૧. | મોબાઈલનો ઉપયોગ કરીશ નહીં (ધંધાર્થે છૂટ). | ૧ |
| ૨૨. | લીલોતરી તથા કંદમૂળનો ત્યાગ કરીશ. | ૧ |
| ૨૩. | હોટૅલ તથા લારી પર મળતાં ભોજનનો ત્યાગ કરીશ. | ૧ |
| ૨૪. | આઈસ્ક્રીમ તથા કોલ્ડ્રીંક્સનો ત્યાગ કરીશ. | ૧ |
| ૨૫. | બારમાસી અથાણા તથા બ્રેડ-બટરનો ત્યાગ કરીશ. | ૧ |
| ૨૬. | કબૂતરને દાણા આપીશ અથવા ચણ માટે દાન આપીશ. | ૧ |
| ૨૭. | ગાય અથવા કૂતરાને રોટલી ખવરાવીશ અથવા જીવદયામાં દાન આપીશ. | ૧ |
| ૨૮. | દરરોજ ઉકાળેલું પાણી જ પીશ. | ૧ |
| ૨૯. | મૌનવ્રત ૧ કલાકથી વધીને ૨૪ કલાક સુધી પાળીશ. | ૧ થી ૨૪ |
| ૩૦. | બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરીશ. | ૧ |
| ૩૧. | દિશા મર્યાદા કરીશ - પોતાના ગામ બહાર અથવા મર્યાદિત ક્ષેત્ર બહાર નહીં જાઉં. | ૧ |
| ૩૨. | ભૂમિશયન અથવા લાકડાની પાટ ઉપર ઊંઘીશ. | ૧ |
| ૩૩. | ચપ્પલ-બૂટ-સ્લીપર પહેરીશ નહીં. | ૧ |
| ૩૪. | સાત મહાવ્યસનનો ત્યાગ કરીશ. | ૧ |
| ૩૫. | સાત પ્રકારના અભક્ષ્ય અથવા બાવીશ પ્રકારના અભક્ષ્યનો ત્યાગ. | ૧ |
| ૩૬. | જૂઠું બોલવાનો ત્યાગ. | ૧ |
| ૩૭. | સાતથી વધારે વસ્ત્ર અને ઘરેણાં પહેરીશ નહીં. | ૧ |
| ૩૮. | અભયદાન-કતલખાને જતાં જીવને છોડાવવા યોગ્ય ધનરાશિ આપીશ. | ૧ |

**(અનુસંધાન પાના નં. ૩૦ પર...)**

# પુનિત પુણ્ય પર્વ - પર્યુષણ

ભાનુબેન ડી. શાહ

પર્યુષણ પર્વ મોક્ષપ્રાપ્તિ કાજે, અયોગી દશા હાંસલ કરવા માટે, કર્મને શૂન્ય કરવા માટે, ચૈતન્ય તત્ત્વને જાણવા માટે, જડથી આત્મા સદંતર ભિન્ન છે તેની પ્રતીતિ માટે, સિદ્ધદશાએ પહોંચીને સિદ્ધાસન પર આરૂઢ થવા માટે, જન્મ, જરા, રોગ, મરણ વગેરે દુખોથી મુક્ત થવા માટે સૌને સુઅવસર આપે છે, સમ્યક્ સમય આપે છે. તેજીને ટકોરની જેમ સમયને સાચવી લેવાનો છે.

પર્યુષણના સાત્ત્વિક આઠ દિવસોમાં કષાયોને જીતવાનો સંકલ્પ કરવાનો છે. ક્રોધને ક્ષમાથી, ક્ષમાના શીતળ જળથી, 'ક્ષમા વીરસ્ય ભૂષણં'ની જેમ જીતવાનો છે. માન કષાય જેનામાં હોય તે ધરતીથી ઊંચા પગ રાખીને ચાલે છે, પણ અંતે પટકાઈને ભોંય ભેગા થઈ જાય છે. તેથી માનને નમ્રતાથી, વિનયવિવેકથી જીતવાનો છે. માયા એટલે છળકપટ ભરેલું જૂઠાણું. શરૂઆતમાં કદાચ કાબેલ મનુષ્ય તેમાં સફળ થાય પણ ખરો, અંતે જૂઠાણું પકડાયા વગર રહેતું નથી. તેથી જીવનમાં સરળતાને અપનાવો, માયાને મુક્કો મારીને ભગાવો. લોભને છોડો, તેનાથી જાતને છટકાવો, સંતોષ-વૃત્તિ અપનાવો. સંતોષ કોઈપણ પ્રકારના ધન કરતાં અતિ કિંમતી છે, સુખી થવાનો, સુખશાંતિમય રહેવાનો રામબાણ ઈલાજ છે. કષાય રહિત આત્મા જ મુક્તિ મેળવી શકે છે.

"બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ના રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?"

આ રીતે કષાયો પર ફતેહ મેળવાય છે, સંસારને ટૂંકો કરી શકાય છે.

પર્યુષણના દિવસોમાં માત્ર આત્માને જ લક્ષમાં રાખીને આત્મા સાથે સમીપતા અને સમીપતા લાવવા માટે દેહનો થાકે નહીં ત્યાં સુધી સદુપયોગ કરવાનો છે.

મનમાં વારંવાર આવતા, સપાટી પર તરતા વિભાવો, વિકારો, વિષય-આસક્તિ, સંસારની આવકવૃદ્ધિ કરતા કષાયો-સર્વેને ધ્યાનમાં રાખીને તેનાથી છૂટકારો મેળવવાનો અને એટલા અંશે આત્મા પરનું કર્મનું આવરણ હટાવવાનું છે.

"દાન શિયળ તપ ભાવના, ધર્મના ચાર પ્રકાર,
કરો આરાધો ભાવથી, ઊતરશો ભવપાર."

સુપાત્રે દાનનું મહત્ત્વ દરેક ધર્મએ સ્વીકાર્યું છે. જેટલું કમાઈએ તેમાંથી નિશ્ચિત ભાગ જરૂરતવાળાને આપવો, ઉદારતા બતાવવી, લોભ કષાયને મોળો પાડવો.

તપ તો કર્મોની નિર્જરા માટે બારે માસ યોગ્ય તિથિઓના દિવસે કરવાનું છે, જેથી પાકા ફળની જેમ કર્મો પણ આત્મપ્રદેશો પરથી ખરી જાય અને આત્માને અદૂષિત રાખવામાં સહાયક થાય. 'ભાવ' તો જૈન ધર્મનો મુખ્ય આધાર છે. શુદ્ધ, આત્મિક ભાવથી જ ભવસાગર પાર કરાશે. ધામ અને મુક્તિધામ સુધી પહોંચાશે.

પર્યુષણના દિવસોમાં સૌથી વધુ ભીડ, માનવમેદની દેરાસર, ઉપાશ્રય વગેરેમાં જોવા મળે છે. ત્યાં રહેતા સાધુ-સાધ્વીજીઓનાં દર્શન, જિનવાણી શ્રવણ, તપત્યાગની હેલી, પ્રતિમાજીની પૂજા, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ, સ્તવનોનો ગુંજારવ, પંચ પરમેષ્ટિના નામની માળા, ઉવસગ્ગહરંના જાપ, પ્રભુ સામે સતત ભક્તિભરી નજર વગેરેમાં વ્યસ્ત થઈ જાય છે.

નવતત્ત્વની સમજણ મુજબ પાપ, પુણ્ય, આસ્રવ,

બંધ વગેરેમાંથી છૂટવાના પ્રયત્નો સૌ કરે છે અને સંવર, નિર્જરા, મોક્ષ વગેરે ઝડપથી પ્રાપ્ત થાય તેના માટે જાગૃતિપૂર્વકના પ્રયત્નોમાં સૌ લાગી પડે છે.

છ આવશ્યક કર્મો - સામાયિક, પ્રતિક્રમણ, પ્રભુવંદન, પ્રભુસ્તુતિ, કાયોત્સર્ગ, પચ્ચક્ખાણ વગેરેને રોજિંદા કાર્યોમાં મહત્ત્વનું સ્થાન અપાય છે. આ સમયના અન્ય દુન્યવી કાર્યોમાંથી છૂટકારો મેળવીને ઉપરોક્ત બધું કરવાથી ઘણા કર્મોમાંથી છૂટી જવાય છે અને રોજની એક સુંદર મજાની સુટેવ વિકસે છે.

પર્યુષણના આઠ દિવસો આત્મા પરથી કર્મોનો સફાયો કરવા માટે અતિ ઉત્તમ છે. અહીં ખાવું થોડું અને ભક્તિ ઝાઝી થાય છે. વસ્ત્રોમાં અતિ સાદગી, ઘરેણાનો ઠઠારો પણ નહીં, ઘરના સભ્યો માટે મનમાં ઉઠતા કલહ, કંકાસ, વેરભાવ, મનદુઃખ, રાગદ્વેષ બધામાંથી મનને પાછું ખેંચી લેવાથી ઘરના કે બહારના સર્વ માટે માત્ર પ્રેમ જ દર્શાવી શકાય, તેથી પણ કર્મો ઓછા બંધાય છે. સૌ માટે પ્રેમ જ રાખવો.

આ બધું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ મુજબ યોગ્ય રીતે કરવાનું છે. દ્રવ્યથી એટલે આત્માને કર્મોથી હળવો કરવા વિભાવોની વિદાય. ક્ષેત્રથી એટલે ધાર્મિક સ્થળ જ્યાં પ્રભુના પુનિત પાવન પરમાણુઓ પથરાયેલા છે, સાત્ત્વિક વાતાવરણ છે, ભક્તિની પ્રેરણા મળે છે, એવા સ્થળે પ્રભુનું નામ લેવાનું છે. પછી તે દેરાસર હોય, ઉપાશ્રય હોય, કે ઘર હોય. કાળથી તો આઠ દિવસ ધર્મધ્યાન માટે છે જ. ૪૮ મિનિટની આત્મિક ભાવોમાં તન્મય સામાયિક કેવળજ્ઞાન આપવાની શક્તિ ધરાવતી હોય તો આઠ દિવસ તો ઘણા છે. તેનો બરાબર લાભ લઈને કર્મોને તોડવા કટિબદ્ધ રહેવું. ભાવમાં તો માત્ર આત્મલક્ષ જ રાખવાનો, જેથી આત્મા હળવોફૂલ જેવો હળુકર્મી બની શકે.

રોજિંદા દિવસોમાં પ્રભુની - ગુરુની, આત્મપ્રાપ્તિની સાધના આપણે કરતાં હોઈએ છીએ, પણ આ દિવસોમાં સાધનાને વધુ ફળદ્રુપ બનાવીને શક્ય તેટલી વધારે ઊંચાઈ પર લઈ જઈએ. આનું ફળ મનની શાંતિ, સમતા, સમભાવમાં મળે છે. કષાયો મંદ થાય છે. વિષયોમાં અનાસક્તિ વધે છે. વેરઝેરની વસૂલાત થઈને પ્રેમનાં નવાં ખાતાં ખુલે છે. સૌ પ્રત્યે વિનયવિવેક સહિત પ્રેમભર્યો વ્યવહાર થાય છે. આમાં ભૌતિક બદલો મળતો નથી પણ અભૌતિક, ભાવનાત્મક બદલો મળે છે, જે આપણા ભાવોને શુદ્ધ કરે છે.

પર્યુષણના પવિત્ર દિવસોમાં સંગીન આરાધના કરીને, આત્માને તેના ગુણ-લક્ષણ- પર્યાયથી જાણીને, આત્મા નિત્ય છે, પર્યાય અનિત્ય છે તે ખ્યાલ દૃઢ કરવાનો છે. સાચું સુખ ભીતરમાં છે, બહાર નથી એ સમજીને અંતરમાં ડોકિયું કરવાનું છે. સ્થિરતા મેળવીને આત્મામાંથી મળતાં આનંદનો-સુખનો વૈભવ માણવાનો છે. બહિરાત્માપણુ છોડીને અંતઃકરણમાં પ્રવેશ કરવાનો છે. આપણે પણ પ્રભુ ભક્તિમાં ઉત્કૃષ્ટ રસ લેવાનો છે.

સંવત્સરી પ્રતિક્રમણ - પર્યુષણનો છેલ્લો દિવસ. સૌને માફ કરો. સૌની માફી માગો અને અંતઃકરણને અરીસા જેવું સાફ, સ્વચ્છ, નીરજ કરી લ્યો.

પર્યુષણના આઠ દિવસ સતત પ્રભુમય, ગુરુમય, ભક્તિમય, વ્રતમય, અનુષ્ઠાનમય, દર્શન, પૂજા, જિનવાણી, શ્રવણમય રહીએ તો થોડા દિવસોની આ સુટેવ નિત્ય આપણા રોજના જીવન સાથે જડાઈ જશે અને તે રીતે જ આપણે જીવતા શીખી જશું. મન હકારાત્મક થઈ જશે. સુખ-દુઃખમાં પણ મહાપુરુષોની જેમ સમતાભાવ રાખી શકાશે. પરિવાર, સંબંધો, વસ્તુઓ, પૈસા વગેરેનો અતિશય મોહ ઓછો થઈ જશે.

પર્યુષણના પરમ પવિત્ર, પુનિત, નિર્દોષ, નિર્મળ દિવસોમાં સાધનાની ઊંચાઈને પ્રાપ્ત કરીને, પ્રભુમય - ભક્તિમય થઈને જીવનની નાવ પ્રભુના હાથમાં સોંપી દેવાની છે. તે જ આપણું શરણ છે, આપણો હાથ પકડીને સહી સલામત સામે પાર તે જ લઈ જશે અને નિશ્ચિત મુકામ પર તે જ આપણને મૂકી દેશે.

■ ■ ■

# આરાધનાના આનંદોત્સવનું પર્વ એટલે પર્યુષણ

પારૂલબેન બી. ગાંધી

આપણામાં ધબકી રહેતા ચૈતન્યનો આપણને અત્મબોધ કરાવે તેવા દિવસો એટલે પર્વના દિવસો. પર્વ બે પ્રકારના હોય છે - એક છે લૌકિક પર્વ, બીજા લોકોત્તર પર્વ. લૌકિક પર્વમાં તો ઇન્દ્રિયોનું પોષણ હોય, દેહની પુષ્ટિ હોય, ધામ-ધૂમને ધમાલ હોય, ભોજન અને ઉજાણી હોય તથા શરીરની સજાવટ હોય; જ્યારે લોકોત્તર પર્વમાં ઈન્દ્રિયોનું શોષણ હોય, દેહની નહિ પરંતુ આત્માની પુષ્ટિ હોય, ધર્મધ્યાન હોય, ભજન અને ઉપાસના હોય તથા આત્માની ખુમારી હોય. લોકોત્તર પર્વના દિવસોને હૈયાના ઉમળકાથી વધાવી, અંતરને અજવાળીએ અને આત્માને ઉજાળીએ તો આપણું સમગ્ર જીવન શ્રેષ્ઠ બની જાય. આઠ દિવસના પર્યુષણ સમગ્ર જીવનના પર્યુષણ બની જાય.

જ્યારે, જ્યાં ને જેટલીવાર આત્માની ઉપાસના કરીએ તેટલીવાર પર્યુષણ જ છે. આજના આ ફાસ્ટ યુગમાં, ઘોંઘાટિયા યુગમાં આત્માનો રણકાર, ચૈતન્યનો ધબકાર સંભળાતો નથી. આપણે પણ આ ઘોંઘાટમાં ભળી જઈ કોલાહલ કરવા લાગીએ છીએ ત્યારે પર્વના દિવસો આપણને જાગ્રત કરતાં કહે છે કે 'હે આત્મન્ ! તું કોઈ ધ્વનિયંત્ર કે મશીન નથી માટે હવે આ કોલાહલ બંધ કર અને જરા અંદર તરફ ધ્યાન દે. તારા આત્માના અવાજને સાંભળ.'

પર્વના દિવસો એટલે બાહ્યનો નિષેધ અને અંતરની આરાધના, બહારનો જે કોલાહલ - કકળાટ છે તે બંધ, નીરવ શાંતિ અને અંદર આત્માની સાથે સંગીતસંધ્યા, મહેફિલનું આયોજન. બાહ્ય સાથેના જોડાણ કટ અને પરમાત્મા સાથે પરમ મિલનનો આનંદ.

ભક્ત કે જે પોતાની અપૂર્વ, અમાપ, અતૂટ, નિઃસ્વાર્થ ભક્તિથી ભગવાનને પોતાના બનાવવા ઝંખે છે તેઓ માટે તો નિશદિન પર્વ જ હોય છે, તેવી જ રીતે અજ્ઞાનને જ્ઞાન કરવાની આરાધના કરતાં જ્ઞાનયોગીઓ જ્ઞાનનો નવો પ્રકાશ પામી સતત અંતરતલની આરાધનામાં અને આનંદોત્સવમાં મગ્ન હોય છે એટલે તેઓ માટે પણ બધા દિવસો પર્વના જ છે.

સગા-સ્નેહીઓ સાથેનો આપણો વ્યવહાર પણ કેટલો સંકુચિત, કૃત્રિમ અને દંભથી ભરેલો છે. વિશાળતા, સંવાદિતા અને મીઠાશનું તો ક્યાંય નામોનિશાન જોવા ન મળે. અરે ! પૈસા ખાતર પુત્ર-પિતાનો, ભાઈ-ભાઈનો અને બહેન-બહેનના દુશ્મન બની જાય છે. લોહીના સંબંધોની ગરિમા ક્યાંય પણ જોવા મળતી નથી, તો સાહજિક સંબંધોની ઉષ્મા તો ક્યાંથી અનુભવી શકાય ? દિલ વિનાના ઉષ્માવિહીન સંબંધો એકબીજા વચ્ચેના અંતરને એટલું તો વધારી દે છે કે સમાંતર ચાલતા નદીના કિનારાની જેમ આવા સંબંધીઓ પણ હૃદયથી ભેગા થઈ શકતા નથી.

આજના માનવી પાસે બધું જ છે. નાનું મજાનું ફર્નિચર સાથેનું ઘર છે, વાહન છે, પૈસા છે, જર-ઝવેરાત છે, પત્ની છે, બાળકો છે, ઘરમાં સગવડના બધા જ સાધનો ઉપલબ્ધ છે. આમ છતાં તેના જીવનમાં સુખ-શાંતિ-સમાધિની અછત છે. બધું હોવા છતાં તેના જીવનમાં કંઈક એવું ખૂટે છે કે હોવાપણાનો આનંદ લેવા દેતો નથી, એ છે સંકુચિતતા. બે બેડ-હૉલ-કીચન તથા ફળિયાવાળા ઘરમાં મા-બાપ માટે જગ્યા નથી. **"હું ને મારી**

**વહુ, તેમાં સમાયા સહુ''** આ એક જ વાક્યમાં તેનો સમગ્ર સંસાર સમાઈ જાય છે. પેલી કહેવત છે ને જ્યાં ઘણું છે ત્યાં જ કશુંક ખૂટે છે. આમ, બધું હોવા છતાં જાણે કંઈ નથી. એથી જ આજનો માનવી કોઈપણ વસ્તુમાંથી - વ્યક્તિમાંથી, પ્રકૃતિમાંથી - આરામમાંથી, ધનમાંથી - ધર્મમાંથી, સુખ-સગવડના સાધનોમાંથી કંઈક મેળવવા દોડે છે. એ એટલો આકુળ-વ્યાકુળ અને બહાવરો બની ગયો છે કે તે પોતે તો સુખ મેળવી શકતો નથી અને બીજાને તે મેળવવા દેતો નથી. એક કવિએ સુંદર રીતે તે વર્ણવ્યું છે,

'ગની' બળતામાં ઘી હોમાયા, જેવી વાત થઈ આ તો,
દુઃખી પોતે હતી દુનિયા, ને તેમાં આપણે આવ્યા.

આપણે આ દુઃખી દુનિયાને ઠારનારા બનવાને બદલે વધુ બાળનારા બનીએ છીએ !

જે ખૂટતું મેળવવા, ખોવાઈ ગયું છે તેને પામવા, જે અધૂરું છે તેને પૂર્ણ કરવા, પોતાની મંજિલને મેળવવા માટે તે જે રીતે પાગલ થયો છે, બેબાકળો થઈ ભટકે છે, મોઢામાં ફીણ આવી જાય- માનસિક રીતે હતાશ બની જાય તેટલું દોડે છે. તે બધું કૃત્રિમ, ખોટું, ક્ષણભંગુર, તુચ્છ અને વ્યર્થ છે.

અરે ! આ બધા ખોટાની પાછળ દોડવાની લ્હાયમાં તેણે માત્ર પોતાના પર જ ઘણો અત્યાચાર નથી કર્યો. અરે ! કેટલાય જીવોને દુઃખ આપ્યા છે, પીડા આપી છે, કેટલાયના જીવને તેના શરીરથી જુદા કરી નાખ્યા છે. આ બધું કર્યું છે તે ઘાના ઉઝરડા તો તારી પોતાની જાત પર લાગ્યા છે. એ લાંબી પીડા તો તારે જ ભોગવવાની છે ! એ તને ખબર છે ખરી ?

જો તને કાંઈ ખબર ન હોય તો સત્સંગ કર, અટકી જા. અંદરની તરફ જો તો ખરો ! તારા આત્માને ઓળખીશ તો પરમાત્મા બનાવી શકીશ. પશુતા છોડીને પ્રભુતા પામવા તરફ તારી દૃષ્ટિ કર. પર્યુષણ પર્વ આવ્યા છે તેમાં કેન્દ્રસ્થાને પરમાત્મા છે. જેમની સાથેના સંબંધોમાં આકાંક્ષાઓ અધૂરી રહી જતાં, વિચારોમાં મતભેદને કારણે અને આચારોમાં અરુચિને કારણે જેની સાથે સંબંધો બગાડ્યા છે તે તો બધા ભાવિના ભગવાન છે. પર્યુષણ પર્વમાં સર્વેની સાથે ઉજવણી કરતા, આરાધના કરતા, ક્ષમતા ને ક્ષમાવતા આનંદ ઉત્સવમાં જોડાવાનું છે.

પર્વની ઉજવણી સાચા દિલથી કરી હશે તો જીવનમાં કંઈક પામવાની જિજ્ઞાસા જાગશે, વ્યવહાર સહજ બનશે, વર્તનમાં સરળતા આવશે, કુટુંબીઓના સંબંધોમાં હૂંફ અને મારાપણાનો અનુભવ થશે, કષાયોના કકળાટને કાઢી મન પ્રેમ અને કરુણા દ્વારા તરબતર થશે, ભાવ અને ભક્તિ દ્વારા ભગવાનની નિકટ જવાનો પ્રયત્ન થશે. બુદ્ધિ- સ્વાર્થ અને બીજાનું ખરાબ કરવાની ભાવના છોડી, નિઃસ્વાર્થપણે જગતના જીવોના જીવનના અંધકારને હટાવી પ્રકાશ પાથરવા તત્પર બનશે. પાંચ ઈન્દ્રિયોના વિષયમાં લુબ્ધ થવાને બદલે આત્મા વિનય, વૈયાવચ્ચ, સેવા તથા શુભ એવા અનુષ્ઠાનોમાં ડૂબકી મારી કર્મયોગી અને જ્ઞાનયોગી બનશે.

બાકી પર્વની ઊજવણીમાં પણ જો દંભના નાટક હોય, દેખાવના ઘોંઘાટ હોય, કીર્તિના તમાશા હોય, બીજાને ટાંટિયા ખેંચી પછાડી દઈ ઉપર ચડવાની વૃત્તિ હોય, શ્રીમંતાઈના પ્રદર્શન હોય, સ્વચ્છંદતાની આછકલાઈ હોય તો તે પર્વની ઊજવણી નથી, પરંતુ આત્માની પજવણી છે. તે ઉત્સવ હોવા છતાં તેમાં ઝળકતું તેજ નથી, પરંતુ દૂર ન થાય તેવો અંધકાર છે. પર્વ આપણા માટે આ ભવ અને પરભવ સુધારનાર બને તેવી રીતે ગમતાનો કરીએ ગુલાલ.

■ ■ ■

# શ્રી પર્યુષણ મહાપર્વનું હાર્દ - ક્ષમાપના

મિતેશભાઈ એ. શાહ

ધ = ધરા, મ = મનુષ્ય. ધરતી પરના મનુષ્યને ઊર્ધ્વગમન કરાવે તે ધર્મ. સામાન્ય માનવી ઓછામાં ઓછા વર્ષમાં આઠ દિવસ પણ ધર્મની આરાધના કરે તે હેતુથી મહાપુરુષોએ શ્રી પર્યુષણ મહાપર્વનું આયોજન કર્યું છે. આ દિવસોમાં અર્થ અને કામરૂપી પુરુષાર્થને તિલાંજલિ આપી માત્ર ધર્મની આરાધના કરવાની હોય છે. પરિ = ચારે બાજુથી, ઉષ = વસવું. ચારેબાજુથી આત્માની સમીપ રહેવાનો પ્રયત્ન કરવાનું પર્વ એટલે પર્યુષણ. એક આમ્નાયમાં પર્યુષણ પર્વને 'દશલક્ષણ પર્વ' તરીકે ઉજવવામાં આવે છે. ક્ષમા, વિનય, સરળતા, સંતોષ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય, બ્રહ્મચર્ય વગેરે ગુણો આપણો (આત્માનો) સ્વભાવ છે. વર્તમાનમાં એથી વિપરીત ગુણો (વિભાવભાવો)ને કારણે આપણો સ્વભાવભાવ ઢંકાઈ ગયો છે. પર્યુષણ મહાપર્વમાં આત્મિક ગુણો પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કર્તવ્ય છે. પર્યુષણ પર્વ દરમિયાન અમારિ પ્રવર્તન, પરમાત્માની પૂજા-ભક્તિ, ચૈત્યવંદન, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન જેવાં કર્તવ્યો બજાવવા આવશ્યક છે. આ પર્વ દરમિયાન આત્મવિશુદ્ધિ અર્થે સાધકો પોતપોતાની શક્તિ અનુસાર તપની આરાધના કરે છે. પર્યુષણપર્વને પર્વાધિરાજ કહેવામાં આવ્યું છે તે યોગ્ય જ છે. આ પર્વ લોકોત્તર પર્વ છે કે જેમાં આત્મશુદ્ધિનો પ્રયત્ન કરવામાં આવે છે. મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજીએ મોક્ષની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે, 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' આ મહાપર્વ દરમિયાન જીવનમાં સદ્ગુણોનો સરવાળો અને દુર્ગુણોની બાદબાકી કરવાનો ઉગ્ર પુરુષાર્થ કરવાનો છે.

શ્રાવણ સુદ બારસથી માંડીને કુલ ૧૮ (૮ + ૧૦) દિવસ ઉજવાતા આ મહાપર્વનો અંતિમ દિવસ એટલે સંવત્સરી. આ દિવસે વર્ષ દરમિયાન મન-વચન-કાયાથી કોઈ પણ જીવને દુભાવ્યા હોય તો અંતઃકરણપૂર્વક ક્ષમા માગવામાં આવે છે તથા ક્ષમા આપવામાં આવે છે. જૈન ભાઈ-બહેનો એકબીજાને મિચ્છામિ દુક્કડમ્ (મારા દુષ્કૃત્યો મિથ્યા થાઓ, મારા દુષ્કૃત્યોની માફી માગું છું) પાઠવે છે. જો કોઈ જીવ સાથે વેર બંધાયું હોય અને મોડામાં મોડું સંવત્સરીના દિવસે તેની ક્ષમાયાચના કરવામાં ન આવે તો તે વેર અનંત સંસારનું કારણ બને છે.

''બેઉ કર જોડી નમી પડો, મૈત્રી તણા શુભ નાદમાં,
માગો અને આપો ક્ષમા, અંતરતણા એ સાદમાં.''

ક્ષમાનો વિરોધી દુર્ગુણ ક્રોધ છે. 'क्रोधोन्मूलं अनर्थां' અર્થાત્ ક્રોધ એ અનર્થોનું મૂળ છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં કામ, ક્રોધ તથા લોભને નરકના દ્વાર કહ્યાં છે. ક્રોધ એ કષ્ટોનો સાગર છે અને ભયંકર જ્વાળામુખી છે કે જે માનવીનું સત્ત્વ બાળી નાખે છે. ક્રોધરૂપી નશો સર્વ પ્રકારે અનર્થ કરે છે. જૈનધર્મમાં ક્રોધને કષાય અંતર્ગત ગણ્યો છે. ક્રોધને કારણે માનવી વર્ષોથી જાળવી રાખેલા સંબંધોને ક્ષણવારમાં નષ્ટ કરી દે છે તો વર્ષોથી જાળવેલી પ્રતિષ્ઠા પર પાણી ફેરવી દે છે, પરિવારની શાંતિને હણી નાખે છે, આરોગ્યનો નાશ કરી અનેક રોગોનો ભોગ બને છે અને પોતાના શત્રુગણને વધારી દે છે. વાલ્મીકિ રામાયણમાં કહ્યું છે કે ક્રોધ એ પ્રાણઘાતક શત્રુ છે. તે ઉપરથી મિત્ર જેવો પણ અંદરથી ભયંકર વૈરી છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં ક્રોધથી માનવીનું કેવી રીતે પતન થાય છે તે દર્શાવતા કહ્યું છે,

**क्रोधाद्भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः ।**
**स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥**

માનવી પર ક્રોધ સવાર થાય ત્યારે તે સાર-અસારનો વિવેક ભૂલી જાય છે અને અયોગ્ય વર્તન કરવા લાગે છે. પ્રયોગો દ્વારા સાબિત થયું છે કે જ્યારે ક્રોધ કરીએ ત્યારે શરીરમાં એવા હોર્મોન્સ ઉત્પન્ન થાય

છે કે જેનાથી શરીરમાં અનેક રોગો ઉદ્ભવે છે. ક્રોધ કરવાથી અલ્સર, હાઈપરટેન્શન, હાર્ટએટેક જેવા રોગોની શક્યતા વધી જાય છે. ઉપરાંત આત્મા પાપકર્મોથી લેપાય છે.

પર્યુષણ પર્વ તે ક્ષમાનું પર્વ છે. તૂટેલા દિલ ક્ષમાપનાથી જ જોડાઈ શકે છે.

'ક્ષમા છે વીરોનું ભૂષણ, ટાળે છે આત્માનું દૂષણ,
કરે છે કર્મોનું શોષણ, ઉજવીએ સાચા પર્યુષણ.'

ભગવાન મહાવીર, ભગવાન પાર્શ્વનાથ, ગજસુકુમાર મુનિ, સુકોશલ મુનિ, ભગવાન રામ, પાંડવો તથા ઈશુખ્રિસ્ત ક્ષમાના ઉત્તમ દૃષ્ટાંતો છે. મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજી જણાવે છે, "ચાલ્યું આવતું વૈર આજે નિર્મૂળ કરાય તો ઉત્તમ, નહીં તો તેની સાવચેતી રાખજે. તેમ નવું વૈર વધારીશ નહિ, કારણ વૈર કરી કેટલા કાળનું સુખ ભોગવવું છે એ વિચાર તત્ત્વજ્ઞાનીઓ કરે છે."

ક્ષમા એ મોક્ષનો ભવ્ય દરવાજો છે.

ક્ષમાપના એટલે વેરનાં વળામણાં, વેર-વિરોધનો બહિષ્કાર, કોઈ પણ જીવ પ્રત્યે અંતરમાં રહેલા દ્વેષનો ત્યાગ, હૃદયરૂપી અરીસા ઉપર લાગેલા ક્રોધરૂપી પડદાનું અનાવરણ, વિશ્વવંદ્ય બનવા માટેનું પ્રથમ સોપાન. દુશ્મનને પણ દોસ્ત બનાવે તેનું નામ ક્ષમા. દિલની ઉદારતા તેનું નામ ક્ષમા.

ક્ષમાપના એ આત્માનો ઉજાસ છે, દિલની દોલત છે, પ્રગતિની પગદંડી છે, સદ્ગુણોની સરિતા છે, મૈત્રીભાવનું ઝરણું છે, કરુણાભાવનું કલ્યાણકારી કાવ્ય છે અને ઉરનું અમૃત છે.

અપરાધીને પણ પ્રેમથી સાધી લે તેનું નામ ક્ષમા. કોઈના અપરાધ અંતરમાં ન કરે જમા એનું નામ ક્ષમા.

પર્યુષણ પર્વ દરમિયાન સાચી ક્ષમાપના દ્વારા અંતરશુદ્ધિનો પ્રયાસ કરીએ તેવી અભ્યર્થના.

• • •

**શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના** (પાના નં. ૨૪ પરથી ચાલુ...)

| | | |
|---|---|---|
| ૩૯. | રોજ ધર્મસ્થાનકમાં અમુક રકમનું દાન આપીશ. | ૧ |
| ૪૦. | સુપાત્રદાનની ભાવના ભાવીશ, યોગ મળ્યે ઉત્તમભાવથી વહોરાવીશ. | ૧ |
| ૪૧. | શ્રાવકના ત્રણ મનોરથોનું ચિંતવન કરીશ. | ૧ |
| ૪૨. | પોષધવ્રત કરીશ (૪ પ્રહરથી ૮ પ્રહર સુધીનું) અથવા ચિંતન-ધ્યાનનો અભ્યાસ કરીશ. | ૧ |
| ૪૩. | સવારે રાયસી પ્રતિક્રમણ કરીશ. | ૧ |
| ૪૪. | રાત્રે દેવશી પ્રતિક્રમણ કરીશ. | ૧ |
| ૪૫. | નમો અરિહંતાણંની ૧ માળા કરીશ. | ૧ |
| ૪૬. | નમો સિદ્ધાણંની ૧ માળા કરીશ. | ૧ |
| ૪૭. | નમો આયરિયાણંની ૧ માળા કરીશ. | ૧ |
| ૪૮. | નમો ઉવજ્ઝાયાણંની ૧ માળા કરીશ. | ૧ |
| ૪૯. | નમો લોએ સવ્વસાહુણંની ૧ માળા કરીશ. | ૧ |
| ૫૦. | ૧ કલાક થી ૫ કલાક સ્વાધ્યાય કરીશ. પદ્મનંદિ, કર્મગ્રંથ વગેરે શાસ્ત્રોનું અધ્યયન. | ૧ થી ૫ |
| ૫૧. | નિંદા કોઈની પણ કરીશ નહીં, પાપકારી સલાહ આપીશ નહીં. | ૧ |
| ૫૨. | રાત્રે આરતી કરવા મંદિરે જઈશ અથવા ૨૦ લોગસ્સનો કાઉસગ્ગ કરીશ. | ૧ |
| ૫૩. | રાત્રે સૂતી વખતે નવ વાર નવકારમંત્રનું સ્મરણ કરીશ. | ૧ |
| | | કુલ ગુણ : ૧૦૦ |

## પુસ્તક સમાલોચના

- મિતેશભાઈ એ. શાહ

(નોંધ : આ વિભાગ માટે પુસ્તક કે ગ્રંથની બે નકલ મોકલવા વિનંતી.)

(૧) **પુસ્તકનું નામ : શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસાધના (વચનામૃતસાર)**

**સંપાદક :** શ્રી પ્રકાશ ડી. શાહ ● **આવૃત્તિ :** દ્વિતીય, મે-૨૦૧૫ ● મૂલ્ય : 'પરમ વિનય' સહિત સ્વાધ્યાય

**પાના** - ૧૯૬ ● **પ્રકાશકઃ** શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ તથા વિહારભવન ટ્રસ્ટ, અમદાવાદ-વડવા-ઈડર

**પ્રાપ્તિસ્થાન :** ૧. શ્રી પ્રકાશભાઈ ડી. શાહ, અમદાવાદ ફોન : ૦૭૯-૨૭૪૧૪૬૨૧

૨. શ્રી અશોકભાઈ દોશી, રાજકોટ મો. : ૯૮૨૪૨૧૧૭૨૧

૩. શ્રી કાંતિભાઈ કારાણી, મુંબઈ મો. : ૦-૯૦૦૪૦૪૪૪૦૫

આ સંકલનમાં પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના ખાસ પસંદ કરેલા ૧૩૫ પત્રોના સંગ્રહ કરવામાં આવેલ છે, જે મુમુક્ષુભક્ત સાધકને આત્મસાધનામાં અતિ ઉપયોગી પાથેય છે.

(૨) **પુસ્તકનું નામ : ગ્રંથ બતાવે પંથ**

**આલોચક :** પ્રિ.અમીચંદભાઈ શા. પટેલ, **પ્રથમ આવૃત્તિ** (૨૦૧૫), **પૃષ્ઠ :** ૮૦, **કિંમત** રૂ. ૨૫

**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :** સુધીર પ્રકાશન - સિલ્વર ઑક્સ બિલ્ડિંગ, ગ્રાઉન્ડ ફ્લોર,

ઑફિસ નં. ૫, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ. ફોન : ૨૬૫૮૬૧૨૫, ૨૬૫૮૦૪૭૦

આકર્ષક મુખપૃષ્ઠ. આ પુસ્તકમાં સુપ્રસિદ્ધ એવા ૧૩ ધર્મગ્રંથોનો સુંદર પરિચય આપવામાં આવ્યો છે. આ ધર્મગ્રંથો વિશે ટૂંકમાં સુંદર માહિતી આપવામાં આવી છે, આ પુસ્તક વાંચતાં જે તે ધર્મગ્રંથો વાંચવાની આપણને પ્રેરણા મળે છે.

(૩) **પુસ્તકનું નામ : અલૌકિક ઉપલબ્ધિ**

**વ્યાખ્યાતા :** પૂજ્યશ્રી જયંતમુનિજી મ.સા. ● **સંપાદન :** શ્રી ગુણવંત બરવાળિયા

**પૃષ્ઠ :** ૧૮૩ ● **મૂલ્ય :** રૂ. ૨૦૦/-

**પ્રકાશક :** સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ & લીટરરી રીસર્ચ સેન્ટર, ઘાટકોપર, મુંબઈ

**પ્રાપ્તિસ્થાન :** ૧. શ્રી ચીમનલાલ બાખડા : ૧૧/એ, આર્લાનીયમ સ્ટ્રીટ, કલકત્તા.

૨. જગજીવનજી મહારાજ ચક્ષુ ચિકિત્સાલય : તેનુઘાટ રોડ, પેટરબાર - ૮૨૯૧૨૧ (ઝારખંડ)

પાકું બાઈન્ડિંગ છે. આ પુસ્તકમાં શ્રીમદ્ રાજચંદ્રજીની અમરકૃતિ 'અપૂર્વ અવસર' પર પૂજ્ય જયંતમુનિએ ઊંડાણપૂર્વક છણાવટ કરી સમજણ આપવાનો પ્રયત્ન કર્યો છે.

(૪) **પુસ્તકનું નામ : ઇલા અલંકાર**

**લેખક :** પૂ.શ્રી જયંતમુનિજી મહારાજ ● **સંપાદન :** શ્રી ગુણવંત બરવાળિયા ● **પૃષ્ઠ :** ૧૫૦

**મૂલ્ય : રૂા. ૧૫૦/-** ● **પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :** પૂ. પ્રાણગુરુણી સાહિત્ય ટ્રસ્ટ

૩-સી, રાય સ્ટ્રીટ, કોલકાતા-૭૦૦૦૨૦ ફોન : ૨૪૮૫૩૮૯૧

આ પુસ્તકમાં શ્રી ઈલાયચીકુમાર કેવળીની રાસ-કથા પર આધારિત દોહરાનું વિવેચન કરવામાં આવ્યું છે.

# જીવનઅર્ક : દિવાળી પુસ્તિકા

**વિ. સં. ૨૦૭૨**

**સુવિચારોની નવીન પ્રચાર-પ્રસાર પદ્ધતિ**

(૧) કવર સાથે **'જીવનઅર્ક'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા. ૬/- (છ રૂપિયા પૂરા) રાખેલ છે.

(૨) પુસ્તિકાનું ટાઈટલ ચાર કલર પ્રિન્ટિંગમાં નયનરમ્ય તૈયાર કરેલ છે. ટાઈટલ તથા કવર ઉપર નામ-સરનામું છાપવાની ૧ ઈંચ X ૩ ઈંચની સુંદર જગ્યા રાખવામાં આવેલ છે.

(૩) પુસ્તિકાને વિદ્વાનોના લેખો, પ્રેરક પ્રસંગો, ટૂંકા લેખો, રત્નકણિકાઓ, સુવિચારો, સદ્‌ગુણપ્રેરક અવનવી માહિતીથી સજાવવામાં આવી છે.

(૪) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે.

| | | |
|---|---|---|
| નામ-સરનામું છાપવાનો ખર્ચ : | ૫૦૦ પુસ્તિકાઓ | - રૂા. ૨૩૦/- |
| | ૧૦૦૦ પુસ્તિકાઓ | - રૂા. ૪૬૦/- |

(૬) ઓર્ડર ફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફ્ટ કે મનીઓર્ડર દ્વારા **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના સરનામે મોકલવાની રહેશે.

(૭) તા. ૩૦-૧૦-૨૦૧૫ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. ત્યારબાદ પ્રિન્ટિંગવાળા ઑર્ડર લેવામાં આવશે નહિ અને સાદી પુસ્તિકાઓ સ્ટોકમાં હશે તો જ મોકલવામાં આવશે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું.

(૮) ઑર્ડર નોંધવા બાબતે કે પુસ્તિકાને લગતી માહિતી મેળવવા સંસ્થાના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.

**નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.**

## સંપર્કસૂત્રો :

### AHMEDABAD

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ : ફોન : (ઓ) ૨૫૩૫૬૬૪૬
(ઘર) ૨૬૪૦૧૨૫૧
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી,** સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪, ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ,** શાલિભદ્ર સ્ટેશનર્સ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૨૫૬૨૧૭૪૮
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્‌ગુરુપ્રાસાદ** - પુષ્પવીલા, મીઠાખળી.
ફોન : ૨૬૫૬૮૪૨૩
ભૂપતભાઈ : મો. ૯૯૨૪૬૩૫૨૬૧

### MUMBAI

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી** (રૂપમ ડ્રાયફ્રુટ્સ)
મોબાઈલ : ૯૦૦૪૦ ૪૪૪૦૫
ફોન : (૦૨૨)૨૮૮૨૯૨૪૯ / ૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી દીનાબેન નગીનભાઈ પંચમિયા**
વિનોદ ટી સેન્ટર, મો.૦-૯૨૨૨૦૭૭૬૩૯
ફોન : (૦૨૨) ૨૫૦૧૧૮૯૭
મો. ૦-૯૨૨૪૪૧૨૪૧૨

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૦-૯૮૨૦૪ ૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૦-૯૮૨૦૩ ૨૯૨૭૭

**BANGLORE**

**શ્રી જયેશભાઈ જૈન** (સુજય એન્ટરપ્રાઈઝ)
ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯,
મો. ૦-૯૩૪૧૦૪૧૮૪૭
૦-૯૯૪૫૮ ૨૨૮૫૬, ૦-૯૯૮૦૭ ૨૪૬૧૯

**CHENNAI**

**શ્રી નવનીતભાઈ પી. શાહ**
ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦
મો. ૦-૯૮૪૦૯ ૮૫૦૯૮

**HIMATNAGAR**

**શ્રી જયંતીભાઈ કે. શાહ**
ફોન : (૦૨૭૭૨) ૨૩૪૬૪૮, મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

**KOLKATA**

**શ્રી અશ્વિનભાઈ ભાનુભાઈ દેસાઈ**
૩૫-૧, જવાહરલાલ નહેરુ રોડ,
કૈલાસ બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૧એ, કોલકાતા.
મો. ૦-૯૩૩૧૦ ૮૫૮૪૯/૪૭

**LIMBDI**

**શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**
ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦
મો. ૯૩૭૬૬૫૫૭૦૧, ૯૩૭૬૬૫૫૫૦૨

**RAJKOT**

**શ્રી નરેન્દ્રભાઈ વી. શાહ**
૬૩, અમૃતપાર્ક, ગલી નં. ૪, 'અમીદૃષ્ટિ'
પંચવટી મેઈન રોડ, અતિથિ એપાર્ટમેન્ટ પાછળ,
રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૪૫૦૧૯૦
મો. ૯૪૨૭૨ ૫૪૫૫૯,૯૯૨૫૪ ૦૯૨૧૦

**LAXMIPURA**

**શ્રી લાલજીભાઈ પટેલ** - ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪
મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

**RAKHIYAL**

**શ્રી રામજીભાઈ પટેલ** (લોકનાદ શિક્ષણ સંકુલ)
ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩
મો. ૯૮૨૫૪૮૪૭૯૫

**SURENDRANAGAR**

**શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**
વર્ધમાન મૂળજી એન્ડ સન્સ
ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮
મો. ૯૮૨૫૩ ૫૫૯૨૧,૯૪૨૬૭ ૫૫૧૬૬

**VADODARA**

**શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**
C/o. ભારત ઉદ્યોગ હાટ
ફોન : (૦૨૬૫) ૨૫૫૯૫૩૬,
(ઘર) ૨૪૮૧૭૩૮, મો. ૯૩૭૬૨ ૧૬૨૬૬

**OVERSEAS**

**U. K. (0044)**

1. Mrs. Shrutiben Malde - Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
   Ph. 208-951-5424, 740-711-9456
3. Mr. Harshadbhai Sanghrajka
   Ph. 208-954-9632, 192-324-9898
   M. 0044-796-972-2109

**U.S.A. (001)**

4. Mr. Prafulbhai Lakhani
   Ph. 631-423-9647, (O) 516-679-1200
   M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
   Ph. 714-894-2930, 714-376-5112
6. Mr. Birenbhai Pravinbhai Mehta
   Ph. 714-389-3672

**KENYA**

7. Mr. Manubhai S. Shah, Ph. 254-2375-1679

**CANADA (Toronto)**

8. Mr. Jyotindrabhai Soneji, Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થામાં 'સમ્યક્ ચારિત્ર' વિષયક લેખિત કસોટીનું આયોજન

મુમુક્ષુ ભાઈ-બહેનોને તત્ત્વોનો અભ્યાસ થાય અને ક્રમે કરીને પ્રાપ્ત કરેલું જ્ઞાન આચરણમાં મુકાય તે હેતુથી આપણી સંસ્થા દ્વારા અવારનવાર આધ્યાત્મિક લેખિત કસોટીનું આયોજન કરવામાં આવે છે. તા. ૯-૯-૧૫ના બુધવારના દિવસે 'સમ્યક્ચારિત્ર' વિષયના આધારે બપોરે ૩.૧૫થી ૫.૧૫ દરમિયાન સંસ્થામાં લેખિત કસોટીનું આયોજન કરવામાં આવ્યું છે. આત્મવિશુદ્ધિ અર્થે આ કસોટીમાં ભાગ લઈ જ્ઞાનાર્જન કરવા સૌ મુમુક્ષુ ભાઈ-બહેનોને નમ્ર અનુરોધ છે. આ પરીક્ષાનો અભ્યાસક્રમ સંસ્થાની વેબસાઈટ પરથી ઉપલબ્ધ થઈ શકશે અથવા આદ. બા. બ્ર. શ્રી સુરેશજીનો સંપર્ક સાધવા વિનંતી છે.

## સંસ્થામાં શ્રી પર્યુષણ મહાપર્વમાં આરાધના નિમિત્તે પધારવા નિમંત્રણ

આપણી સંસ્થામાં તા. ૧૦-૯-૨૦૧૫ થી તા. ૧૭-૯-૨૦૧૫ દરમિયાન પૂજ્યશ્રી આત્માનંદજીની પાવન નિશ્રામાં પર્યુષણ મહાપર્વની આરાધના કરવામાં આવશે. પર્વ દરમિયાન **બા.બ્ર. આદ. પંડિતજી શ્રી સુમતપ્રકાશજી**ની સ્વાધ્યાયશ્રેણી યોજાશે; જેમાં તેઓ પરમકૃપાળુદેવ રચિત 'અપૂર્વ અવસર...' કાવ્ય પર વિવેચન કરશે. આ ઉપરાંત પૂજ્યશ્રી આત્માનંદજી, બા.બ્ર. સુરેશજીના સ્વાધ્યાય તથા ધ્યાનનો અભ્યાસ, ભક્તિસંગીત, લઘુવક્તવ્યો, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આત્મકલ્યાણ અર્થે પધારવા સૌને નિમંત્રણ છે. આપના આગમનની જાણ સંસ્થામાં અગાઉથી કરવા નમ્ર વિનંતી છે.

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૧૦-૯-૨૦૧૫ થી ૧૭-૯-૨૦૧૫ | શ્રાવણ વદ તેરસ થી ભાદરવા સુદ ચોથ | ગુરુવાર થી ગુરુવાર | શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના |
| ૧૮-૯-૨૦૧૫ થી ૨૭-૯-૨૦૧૫ | ભાદરવા સુદ પાંચમ થી ભાદરવા સુદ ચૌદસ | શુક્રવાર થી રવિવાર | શ્રી દશલક્ષણ પર્વ |
| ૨૮-૧૦-૨૦૧૫ | આસો વદ એકમ | બુધવાર | શ્રી આત્મસિદ્ધિ રચનાદિન તથા પૂ. લઘુરાજસ્વામીની જન્મતિથિ |
| ૯-૧૧-૧૫ થી ૧૨-૧૧-૧૫ | આસોવદ તેરસ થી કાર્તિક સુદ એકમ | સોમવાર થી ગુરુવાર | શ્રી દીપાવલી આરાધના શિબિર |
| ૧૩-૧૧-૧૫ થી ૧૫-૧૧-૧૫ | કાર્તિક સુદ બીજ થી કાર્તિક સુદ ચોથ | શુક્રવારથી રવિવાર | શ્રી યુવાશિબિર |
| ૧૬-૧૧-૧૫ | કાર્તિક સુદ પાંચમ | સોમવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૨૫-૧૧-૧૫ | કાર્તિક સુદ પૂનમ | બુધવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતી |
| ૧-૧૨-૧૫ થી ૩-૧૨-૧૫ | કાર્તિક વદ છઠ્ઠ થી કાર્તિક વદ આઠમ | મંગળવાર થી ગુરુવાર | પૂજ્યશ્રીના જન્મદિન નિમિત્તે આધ્યાત્મિક શિબિર |

## 'થાઈરોઈડ રોગનિદાન' કેમ્પ - સપ્ટેમ્બર ૨૦૧૫

આપણી સંસ્થા દ્વારા સંચાલિત મેડિકલ સેન્ટરના ઉપક્રમે Abbot કંપનીના સહયોગથી તા. ૧૩-૦૯-૨૦૧૫ને રવિવારના રોજ બપોરે ૧૨થી ૩ કલાક દરમિયાન રાહત દરે થાઈરોઈડ રોગનિદાન કેમ્પનું આયોજન કરેલ છે. આ સમય દરમિયાન રૂ. ૫૦ (પચાસ)ના રાહત દરે TSH ટેસ્ટ કરી બે દિવસમાં રિપોર્ટ સંસ્થામાં પહોંચાડી આપવામાં આવશે. જે સેમ્પલમાં TSH નો રીપોર્ટ વધારે કે ઓછો આવે તે સેમ્પલમાંથી જ T3 અને T4 ના રિપોર્ટ કોઈ પણ અન્ય ચાર્જ વિના કરી આપી, બે દિવસમાં સંસ્થામાં રિપોર્ટ પહોંચાડી દેવાશે. સામાન્યતઃ પ્રાઈવેટ લેબોરેટરીમાં આ ટેસ્ટનો ચાર્જ રૂા. ૬૦૦ થી ૮૦૦ ની નજીક થાય છે.

આ કેમ્પ માટે આર્થિક સહયોગ સ્વ. સુધાબહેન કુમુદભાઈ મહેતા (મુંબઈ)ની પુણ્યસ્મૃતિમાં આદ. શ્રી કુમુદભાઈ મહેતા તરફથી સાંપડ્યો છે, તે બદલ સંસ્થા તેમનો હૃદયપૂર્વક આભાર માને છે. ઉપરોક્ત કેમ્પનો લાભ લેવા સૌને વિનંતી છે.

## સંસ્થા દ્વારા પુસ્તક પ્રકાશન અંગે વિજ્ઞપ્તિ

સંસ્થા દ્વારા અનેક સંસ્કારપ્રેરક, આધ્યાત્મિક અને ધાર્મિક સાહિત્યનું પ્રકાશન થતું રહે છે. સંસ્થા દ્વારા આગામી જે પુસ્તકો પ્રકાશિત થનાર છે તેની યાદી નીચે મુજબ છે :

(૧) દૈનિક ભક્તિક્રમ, (૨) ભક્તિપરાગ, (૩) વીતરાગ વાણી, (૪) શાંતિપથ દર્શન ભાગ-૧-૨, (૫) Aspirant guide ('સાધકસાથી'નો અંગ્રેજી અનુવાદ)

ઉપરોક્ત પ્રકાશનોમાં આપનો અમૂલ્ય આર્થિક સહયોગ આપી જ્ઞાનદાનના યજ્ઞમાં સહભાગી થવા નમ્ર વિનંતી છે.

## ભારતમાં ચાતુર્માસ દરમિયાન બિરાજમાન જૈન સાધુ-સાધ્વી ભગવંતોની યાદી

અમને પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર ચાતુર્માસ દરમિયાન બિરાજમાન જૈન સાધુ-સાધ્વી ભગવંતોની યાદી નીચે મુજબ છે :

- પૂજ્ય આચાર્યશ્રી વિદ્યાનંદજી મહારાજ ................................ શ્રી કુંદકુંદભારતી, ન્યૂ દિલ્હી
- પૂજ્ય આચાર્યશ્રી વિદ્યાસાગરજી મહારાજ .................................... બીનાબારા (મ.પ્ર.)
- પૂજ્ય આચાર્યશ્રી વર્ધમાનસાગરજી મહારાજ ........................... નેવઈ (જયપુર, રાજસ્થાન)
- પૂજ્ય આચાર્યશ્રી વિરાગસાગરજી મહારાજ .......................... પથરિયા (જિ. દમોહ મ.પ્ર.)
- પૂજ્ય આચાર્યશ્રી પુષ્પદંતસાગરજી મહારાજ .................................. પુષ્પગિરિ (મ.પ્ર.)
- પૂજ્ય આચાર્યશ્રી ગુપ્તિનંદીજી મહારાજ ........................................ ચીતરી (રાજસ્થાન)
- પૂજ્ય આચાર્યશ્રી સુનિલસાગરજી મહારાજ ...................................પ્રતાપગઢ(રાજસ્થાન)
- પૂજ્ય આચાર્યશ્રી જ્ઞાનસાગરજી મહારાજ ..............................બડાગાંવ (બાગપત, ઉ.પ્ર.)
- પૂજ્ય આચાર્યશ્રી સંભવસાગરજી મહારાજ ........................ ત્રિયોગ આશ્રમ, સમેતશિખરજી
- પૂજ્ય આચાર્યશ્રી અનેકાંતસાગરજી મહારાજ ..................................... સૂરત (ગુજરાત)
- પૂજ્ય આચાર્યશ્રી વિશુદ્ધસાગરજી મહારાજ .............................. ભીલવાડા (રાજસ્થાન)
- પૂજ્ય આચાર્યશ્રી રયણસાગરજી મહારાજ ................................ બાંસવાડા (રાજસ્થાન)
- પૂજ્ય ઉપા.શ્રી નિર્ભયસાગરજી મહારાજ ........................................સાગર (મ.પ્ર.)

- પૂજ્ય ગચ્છાધિપતિ આ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા. ........... જૈન સોસાયટી, પાલડી, અમદાવાદ
- પૂજ્ય ગચ્છાધિપતિ આ.શ્રી મનોહરકીર્તિસૂરીશ્વરજી મ.સા. ...ગોદાવરી જૈન સંઘ, વાસણા, અમદાવાદ
- રાષ્ટ્રસંત પૂ. આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા. ......................... સેટેલાઈટ, અમદાવાદ
- પૂ.ગચ્છાધિપતિ આ.શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા. (ગિરિવિહારવાળા) ......... રામનગર, સાબરમતી
- પૂ.ગચ્છાધિપતિ આ.શ્રી અભયદેવસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા) ..................... પાલ, સૂરત
- પૂજ્ય આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. .........................શાંતિનગર, જૈનસંઘ અમદાવાદ
- પૂજ્ય આચાર્ય શ્રી અક્ષયબોધિસૂરીશ્વરજી મ.સા. ..........................ભટ્ઠા, પાલડી, અમદાવાદ
- પૂજ્ય આચાર્ય શ્રી અભયચંદ્રસૂરીશ્વરજી મ.સા. ................................પ્રીતમનગર, પાલડી
- પૂજ્ય આચાર્ય શ્રી ઈન્દ્રસેનસૂરીશ્વરજી મ.સા. ............................મેરુધામ તીર્થ, અમિયાપુર
- પૂજ્ય આચાર્ય શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા. ..................ગિરધરનગર, શાહીબાગ, અમદાવાદ
- પૂજ્ય આચાર્ય શ્રી ચંદ્રજિતસૂરીશ્વરજી મ.સા. ............................. ઓપેરા જૈન સંઘ, પાલડી
- પૂજ્ય આચાર્યશ્રી જિનચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. .......................... નારણપુરા, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી દેવચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. .............................. વાસણા, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી ................................... નારણપુરા, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ.સા. .............................. ઉસ્માનપુરા, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મ.સા. .................................... શાંતિવન, પાલડી
- પૂજ્ય આચાર્યશ્રી રવિરત્નસૂરીશ્વરજી મ.સા. ................................. ખાનપુર, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી વિમલસાગરસૂરીશ્વરજી મ.સા............................ મીરામ્બિકા, નારણપુરા
- પૂજ્ય આચાર્યશ્રી શીલરત્નસૂરીશ્વરજી મ.સા.................................. ડી-કેબિન, સાબરમતી
- પૂજ્ય આચાર્યશ્રી સિંહસેનસૂરીશ્વરજી મ.સા. ...............................નવરંગપુરા, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.સા. ........................................ શંખેશ્વર તીર્થ
- પૂજ્ય આચાર્યશ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા. ...............................માટુંગા (વેસ્ટ), મુંબઈ
- પૂજ્ય આચાર્યશ્રી નમ્રમુનિ મ.સા. (ગોંડલ સંપ્રદાય) ........................ સેટેલાઈટ, અમદાવાદ
- પૂજ્ય આચાર્યશ્રી બા.બ્ર. શ્રી વીરેન્દ્રસ્વામી (દરિયાપુરી સંપ્રદાય).......................સુરેન્દ્રનગર
- પૂજ્ય આચાર્યશ્રી મહાશ્રમણજી (તેરાપંથી સંપ્રદાય) ............................ વિરાટનગર, નેપાળ
- પૂજ્ય આચાર્યશ્રી અમૃતસાગરસૂરિ મ.સા. .................................................... કોબા
- પૂજ્ય મુનિશ્રી તરૂણસાગરજી મહારાજ ....................................... ફરિદાબાદ (ઉ.પ્ર.)
- પૂજ્ય મુનિશ્રી આર્જવસાગરજી મહારાજ .......................................તારંગા (ગુજરાત)
- પૂજ્ય મુનિશ્રી ચિન્મયસાગરજી મહારાજ.......................................... મૈસૂર (કર્ણાટક)
- પૂજ્ય મુનિશ્રી ડૉ. પ્રણામસાગરજી મહારાજ.............................................. ગોવા
- પૂજ્ય મુનિશ્રી પુણ્યનંદીજી મહારાજ ........................................... તલોદ (સાબરકાંઠા)
- પૂજ્ય મુનિશ્રી પ્રભાવસાગરજી મહારાજ ............................................ ગાંધીનગર
- બા. બ્ર. પૂજ્ય શ્રી રાજેન્દ્રમુનિ મ.સા. ....................................... અંધેરી (વેસ્ટ) મુંબઈ

- પૂજ્ય શ્રી અપૂર્વમુનિ મ.સા. ........................................................ કલોલ
- પૂ. આચાર્યશ્રી સરદારમુનિ મ.સા. (બરવાળા સંપ્રદાય) .......... ચંપકનગર, નવાવાડજ, અમદાવાદ
- ગચ્છાધિપતિ બા.બ્ર. પૂજ્ય ભાવચંદ્રજી સ્વામી (અજરામર સંપ્રદાય, લીંબડી) ........... થાણા, મુંબઈ
- ગચ્છાધિપતિ બા.બ્ર. પૂજ્ય ઉત્તમકુમાર મુનિ (ગોપાલ સંપ્રદાય, લીંબડી) ........... ઈન્દોર, (મ.પ્ર.)
- વાચસ્પતિ બા.બ્ર. પૂ. ભાસ્કર મુનિ મહારાજ (અજરામર સંપ્રદાય, લીંબડી) ............ ભચાઉ, કચ્છ
- બા.બ્ર. પૂજ્ય નિરંજનમુનિ મહારાજ (અજરામર સંપ્રદાય)...................... ગાઝિયાબાદ, દિલ્હી
- પૂજ્યશ્રી ધીરજમુનિ મ.સા. (ગોંડલ સંપ્રદાય) .............................................. રાજકોટ
- પૂ. આચાર્યશ્રી નવીનઋષિ મ.સા. (ખંભાત સંપ્રદાય) .................... નગરશેઠનો વંડો, ઘીકાંટા
- પૂ. દેવેન્દ્રમુનિ મ.સા. (ગોંડલ સંપ્રદાય) ................................. જીવરાજપાર્ક, અમદાવાદ
- બા.બ્ર. પૂજ્ય ચિંતામણિજી મહાસતીજી (મેવાડ સંઘ) ............................. ચેમ્બુર, મુંબઈ
- પૂ. આર્યિકા જ્ઞાનમતી માતાજી .................................. માંગીતુંગી સિદ્ધક્ષેત્ર (મહારાષ્ટ્ર)
- પૂ. આર્યિકા સુભૂષણમતી માતાજી ....................................... ઉસ્માનપુરા, અમદાવાદ
- પૂ. બા. બ્ર. મધુબાઈ મ.સ. .............................................. સેટેલાઈટ, અમદાવાદ
- પૂ. વિરાગસાધનાજી મ.સ. ............................................સેક્ટર ૨૨, ગાંધીનગર

## સંસ્થામાં શ્રી પાર્શ્વપ્રભુ મંદિરજીનો ધ્વજા-આરોહણ દિન સાનંદ સંપન્ન

અષાઢી સુદ બીજ, તા. ૧૮-૦૭-૧૫ના રોજ સવારે ભગવાન પાર્શ્વનાથની પૂજા કર્યા પછી લગભગ ૯.૩૦ થી ૧૦.૦૦માં ધ્વજા-આરોહણવિધિ સંપન્ન થઈ. આ શુભ પ્રસંગે મુંબઈથી આદ. શ્રી સમીરભાઈ શાંતિભાઈ મહેતા, શ્રી સુવાસભાઈ શિશિરભાઈ સપરિવાર પધાર્યા હતા. આદ. ટ્રસ્ટીશ્રી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહ પરિવાર તથા શ્રી નલિનભાઈ ચંદ્રકાંતભાઈ શાહ કે જેઓએ ધ્વજા-આરોહણનો કાયમી લાભ લીધો છે તેઓ સૌ પધાર્યા હતા. આ મંગલ પ્રસંગે આપણા આમંત્રણને સ્વીકારી બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈ તથા સાયલાથી પૂજ્યભાઈશ્રી નલિનભાઈ, આદ.બેનશ્રી લલિતાબહેન, આદ. શ્રી વિક્રમભાઈ, આદ.શ્રી મીનલબહેન વગેરેએ પધારી આ શુભપ્રસંગને વિશેષ દીપાવ્યો હતો. આ પ્રસંગે આદ.શ્રી રેખાબેન શાહે (અમદાવાદ) ભાવવાહી પદો, ધૂન વગેરે દ્વારા સૌના ભાવ ઉલ્લસિત કર્યા હતા.

**પૂજ્ય ભાઈશ્રી**એ **'શ્રી જ્ઞાનસાર'**ના જ્ઞાનાષ્ટક ઉપર મનનીય ઉદ્‌બોધન કર્યું હતું. તેઓએ જ્ઞાનના ત્રણ પ્રકાર જણાવ્યા હતા : (૧) વિષય પ્રતિભાસ, (૨) આત્મપરિણતિવાળું જ્ઞાન, (૩) તત્ત્વસંવેદનરૂપ જ્ઞાન (વિશુદ્ધ ચારિત્રનું દ્યોતક). તેઓશ્રીએ જણાવ્યું કે મિથ્યાત્વરૂપ પર્વતને છેદવા માટે જ્ઞાનરૂપી વજ્ર જ સત્‌સાધન કહ્યું છે. તે જ અમૃત છે, રસાયણ છે અને તે જ ઐશ્વર્ય છે.

**પૂજ્યશ્રી આત્માનંદજી**એ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં **JAIN** શબ્દના એક-એક અક્ષરના આધારે જૈન કોને કહેવાય તેનો બોધ આપ્યો હતો.

**પૂજ્યશ્રી ગોકુળભાઈ**એ બપોરના સ્વાધ્યાયમાં શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક - ૨૧ના પ્રકીર્ણ મુદ્દાઓ ઉપર મનનીય બોધ આવ્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે સાધનામાં ઊંડાણમાં જવા માટે વિચારશક્તિ ખીલવવી પડશે. સંતોનું એક વચન સાંભળી તે ઉપર મનન-ચિંતન કરવું. 'ઉપયોગ'ને જગતમાંથી છૂટો કરી આત્મામાં કેન્દ્રિત કરવો જોઈએ. આપણે પ્રયોગવીર થવાનું છે. આ પ્રસંગે આદ. નલિનભાઈ ચંદ્રકાંતભાઈ શાહ પરિવાર (અમદાવાદ) તરફથી નવકારશી અને સ્વ. શાંતિલાલ મહેતા પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

## સંસ્થા સંચાલિત ગુરુકુળમાં મહાપુરુષો તથા સંતોના નવા ચિત્રપટોની સ્થાપના

સંસ્થા સંચાલિત ગુરુકુળમાં મહાપુરુષો-સંતોના નૂતન ચિત્રપટોની સ્થાપનાનો કાર્યક્રમ સંપન્ન થયો. આ ચિત્રપટો આદ. શ્રી ડૉ. રાજેશભાઈ સોનેજી, આદ. શ્રી સમીરભાઈ સુબોધભાઈ શાહ તથા આદ. શ્રી સંજયભાઈ ખન્નાના સર્વતોમુખી સહકારથી તૈયાર થયા છે. ફોટાઓના સંપૂર્ણ ફ્રેમિંગ વગેરેનું સંપૂર્ણ યોગદાન શ્રી સમીરભાઈ તથા શ્રી સંજયભાઈએ આપ્યું છે; તે માટે સંસ્થા વતી તેઓને અનેકશઃ અભિનંદન પાઠવીએ છીએ.

## નૂતન રાજકુટિરમાં કુંભસ્થાપન, ભક્તિ તથા ચિત્રપટાદિની સ્થાપનાના કાર્યક્રમ સંપન્ન

અષાઢ સુદ બીજ, તા. ૧૮-૭-૧૫ના રોજ બપોરે ૩.૩૦ વાગ્યે પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં આદ. મુમુક્ષુબહેન ચંદ્રિકાબહેન ચંદ્રકાંતભાઈ ગોસલિયાની રાજકુટિરમાં કુંભસ્થાપન તથા ભક્તિના કાર્યક્રમ સાનંદ સંપન્ન થયા. પૂજ્યશ્રીએ પૂજારૂમમાં ૐનું પ્રતીક કર્યું હતું. ભાવપૂર્ણભક્તિ પછી પૂજ્યશ્રીએ આશીર્વચનમાં જણાવ્યું હતું કે હવે સાધનાકેન્દ્રમાં જ આવી ગયા એટલે વિશેષ અધ્યાત્મ તરફ વળવું જોઈએ. પૂજ્યશ્રી ગોકુળભાઈએ માંગલિક સંભળાવ્યું હતું. બીજે દિવસે તા. ૧૯-૦૭-૧૫ના રોજ શ્રી ગોસલિયા પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

ત્યાર પછી આદ. મુમુક્ષુ બહેન શ્રી ઉષાબેન નવીનચંદ્ર મહેતાની કુટિરમાં ભક્તિભાવપૂર્વક કુંભસ્થાપન કર્યું હતું. પૂજ્યશ્રીએ કળશ તથા ચિત્રપટ પર કંકુના ચાંલ્લા કરી વધાવ્યા હતા. પૂજ્ય બહેનશ્રી તથા સૌ મુમુક્ષુઓએ ધૂન બોલાવતાં કુંભસ્થાપન તથા પ્રભુ-ગુરુના ચિત્રપટોની સ્થાપના કરી હતી.

## સંસ્થાની મુલાકાતે પધારેલા ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયમૂર્તિ

તા. ૧-૮-૧૫ના રોજ ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયમૂર્તિ શ્રી આર.બી. કોઠારી સાહેબ સપરિવાર આપણી સંસ્થાની મુલાકાતે પધાર્યા હતા. સંસ્થાના ટ્રસ્ટીઓએ તેઓનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. પૂજ્યશ્રી આત્માનંદજી સાથે તેઓશ્રીએ લગભગ ૩૦ મિનિટ સુધી સત્સંગ - ધર્મવાર્તા કરેલ. ત્યારબાદ સંસ્થાના વિવિધ વિભાગોની તેઓશ્રીએ મુલાકાત લીધી હતી. તેઓશ્રીના વરદ હસ્તે સંસ્થાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. સંસ્થાના વિવિધ પ્રકાશનો તેઓશ્રીને શુભેચ્છારૂપે અર્પણ કરવામાં આવ્યા હતા. સંસ્થાની મુલાકાત બાદ શ્રી કોઠારી સાહેબે આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **રાજકુટિર (સાધના ભવન, ત્રીજો માળ) એક રૂમ માટે :**

| | |
|---|---|
| (૧) આદ. ડૉ. રાજેશભાઈ સોનેજી પરિવાર, અમદાવાદ | રૂ. ૪,૨૫,૦૦૦/- |
| (૨) આદ. શ્રી મનહરભાઈ ટી. જસવાણી પરિવાર, મુંબઈ | રૂ. ૪,૨૫,૦૦૦/- |
| (૩) આદ. શ્રી કિશોરભાઈ શેઠ / ઉષાબેન શેઠ, કોબા | રૂ. ૪,૨૫,૦૦૦/- |
| (૪) આદ. શ્રી ભરતભાઈ મિસ્ત્રી, અમદાવાદ | રૂ. ૪,૨૫,૦૦૦/- |
| (૫) આદ. શ્રી સવિતાબેન શાહ, લંડન | રૂ. ૪,૨૫,૦૦૦/- |
| (૬) આદ. શ્રી દિનેશભાઈ બાવીસી, રાજકોટ (એક ખંડ) | રૂ. ૧,૨૫,૦૦૦/- |

- **જ્ઞાનદાન :**

| | |
|---|---|
| (૧) આદ. શ્રી હર્ષદભાઈ એલ. પંચાલ, કોબા | રૂ. ૫૧,૦૦૦/- |

(૨) આદ. શ્રી પ્રતાપભાઈ ગિરધરલાલ મહેતા, પૂના — રૂ. ૫૧,૦૦૦/-
(હસ્તે : આદ. શ્રી મંજુલાબેન પ્રતાપભાઈ મહેતા)

(૩) આદ. શ્રી દિનેશભાઈ બાવીસી, રાજકોટ — રૂ. ૨૫,૦૦૦/-

(૪) શ્રી ઓમ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, C/o. મોદી સ્કૂલ, જામનગર — રૂ. ૧૨,૫૦૦/-

- **ગુરુકુળ :**

(૧) શ્રીમતી શાંતાબેન પ્રવીણચંદ્ર સંઘવી, મુંબઈ — રૂ. ૧,૦૦,૦૦૦/-

(૨) આદ. શ્રી માધવીબેન સેઈફી, યુ.એસ.એ. — $ ૩૦૦૦/-

(૩) આદ. શ્રી કલ્પેશભાઈ શાહ, યુ.એસ.એ. — $ ૨૫૦/-

(૪) આદ. શ્રી ઝુલેખા સેઈફી, યુ.એસ.એ. — $ ૨૦૦/-

(૫) આદ. શ્રી સંજયભાઈ બેરી, યુ.એસ.એ. — રૂા. ૧૬,૦૦૦/-

(૬) આદ. શ્રી શરદભાઈ એમ. જસવાણી, મુંબઈ — રૂ. ૧૦,૦૦૦/-

- **સંત ઉપવન :**

(૧) આદ. શ્રી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહ, અમદાવાદ — રૂ. ૩,૦૦,૦૦૦/-

(૨) આદ. શ્રી પુષ્પાબેન જયંતીભાઈ શાહ, લંડન — રૂ. ૩૬,૦૦૦/-

- **સાધારણ ખાતે :**

(૧) શ્રી ઓમ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, C/o. મોદી સ્કૂલ, જામનગર — રૂ. ૧૨,૫૦૦/-

(૨) આદ. શ્રી મુકુંદભાઈ વીરજીભાઈ સોનેજી, અમદાવાદ — રૂ. ૧૦,૦૦૦/-

- **મેડિકલ સેન્ટર :**

(૧) શ્રી શ્યામલ સુયોગ ટ્રસ્ટ, અમદાવાદ — રૂ. ૧, ૯૭,૦૦૦/-
(હસ્તે - સ્વ. શ્રી લલિતભાઈ શાહ પરિવાર)

(૨) આદ. શ્રી કુમુદભાઈ શાંતિલાલ મહેતા, મુંબઈ — રૂ. ૨૬,૦૦૦/-
(સ્વ. સુધાબેન કુમુદભાઈ મહેતાની પુણ્યસ્મૃતિ નિમિત્તે)

(૩) આદ. શ્રી કિશોરભાઈ શેઠ તથા શ્રી ઉષાબેન શેઠ, કોબા — રૂ. ૨૫,૦૦૦/-

(૪) આદ. શ્રી ઈન્દિરાબેન પ્રભુદાસભાઈ ગોયાણી, ઘાટકોપર(ઈ), મુંબઈ — રૂ.૭૦૦૦/-
(સ્વ. પ્રભુદાસભાઈ મણિલાલ ગોયાણીની સ્મૃતિમાં) હસ્તે : આદ.શ્રી અરૂણભાઈ બગડિયા

(૫) આદ. શ્રી જેસલ કે. દોશી, હસ્તે આદ. શ્રી જ્યોતીન્દ્રભાઈ દોશી, રાજકોટ — રૂ. ૭૦૦૦/-

(૬) આદ. શ્રી ઈન્દિરાબેન ઝવેરી, સૂરત — રૂ. ૭૦૦૦/-

(મેડિકલ સેન્ટર વિશે જાણકારી મેળવવા સંસ્થાના કાર્યાલયનો અથવા આદ. શ્રી જયંતીભાઈ જોબાલિયા, (પૂનાવાળા) - મો. ૯૪૨૯૭૭૫૫૫૪નો સંપર્ક કરવા વિનંતી. )

## સંસ્થાની મુલાકાતે પધારેલ ત્રિમંદિર, અડાલજની બ્રહ્મચારી બહેનો

તા. ૧૭-૭-૨૦૧૫ના રોજ અડાલજ શ્રી દાદાભગવાન ત્રિમંદિરથી લગભગ ૧૦૦ બ્રહ્મચારી બહેનો દર્શન-

સત્સંગ અર્થે આપણી સંસ્થામાં પધાર્યા હતા. તેઓ સવારની પૂજામાં ભાવપૂર્વક જોડાયા હતા. ત્યારપછી બ્રહ્મચારી બહેનોએ ભાવથી ભક્તિ કરી હતી.

પૂજ્યશ્રીએ આશીર્વચનમાં જણાવ્યું હતું કે જ્ઞાન અનંત છે અને આપણી બુદ્ધિ થોડી છે. આપણે સત્યને પામવા માગીએ છીએ તો આપણે આપણું વ્યક્તિત્વ ખીલવવું જોઈએ. જીવનમાં સદ્ગુણોનો વિકાસ કરવો જોઈએ. સત્દેવ-ગુરુ-ધર્મ આપણું શરણ છે. બહેનોએ બ્રહ્મચર્ય વિશે પૂછ્યું હતું, તેના ઉત્તરમાં પૂજ્યશ્રીએ નીચેના મુદ્દા જણાવ્યા હતા : (૧) સાત્ત્વિક જીવન જીવવું. (૨) યોગ્ય સોબત રાખવી. (૩) મનને સારી વસ્તુઓમાં જોડેલું રાખવું. (૪) આ મનુષ્યભવનું શ્રેષ્ઠ કાર્ય તે મોક્ષ માટેનો પુરુષાર્થ છે.

પૂજ્યશ્રીએ સાધના સોપાન વાંચવા-વિચારવા માટે જણાવ્યું હતું. પૂજ્યશ્રીએ **JAIN** શબ્દનો હાર્દ સમજાવીને સત્ય માર્ગને અનુસરવાનો બોધ આપ્યો હતો.

## સંસ્થામાં ચતુર્દિવસીય ગુરુપૂર્ણિમાની શિબિર સાનંદ સંપન્ન

આપણી સંસ્થામાં તા. ૩૦-૭-૧૫થી તા. ૨-૮-૧૫ દરમિયાન પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં ગુરુપૂર્ણિમાની શિબિર સંપન્ન થઈ. લગભગ ૪૦૦ જેટલા મુમુક્ષુ ભાઈ-બહેનોએ આ શિબિરનો લાભ લીધો હતો. શિબિરનું સુંદર સંચાલન પ્રતિભાસંપન્ન મુમુક્ષુ આદ. શ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું.

● **સ્વાધ્યાય :** અસાધારણ પ્રતિભા ધરાવતા, ૧૬ જેટલી ભાષાઓમાં વિદ્વત્તા ધરાવનારા, દેશ-વિદેશમાં ધર્મની પ્રભાવના કરનાર તથા શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રનો અનેક ભાષાઓમાં અનુવાદ કરી ૧૪૨ જેટલા દેશોમાં પહોંચાડવાનું ભગીરથ મિશન ઉપાડનાર આદ. **પંડિતવર્ય શ્રી ફૂલચંદજી શાસ્ત્રીજી**એ પરમકૃપાળુદેવ વિરચિત 'મૂળ મારગ સાંભળો...' પદના આધારે અનેકવિધ દૃષ્ટાંતો સહ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે ચૈતન્ય સિવાય બહારમાં ક્યાંય મારી સત્તા નથી. ચૈતન્ય તત્ત્વની સદા જાગૃતિ રાખવી તે ધર્મ. સ્વભાવનો આશ્રય એ વિકારોથી નિવૃત્ત થવાનો ઉપાય છે. જ્ઞાની મુક્તિના માર્ગ પર પ્રકાશ પાડે છે. વીતરાગ પરિણતિ એટલે નિશ્ચય મોક્ષમાર્ગ અને તેના લક્ષે ઉપજતા શુભ ભાવો તે વ્યવહાર મોક્ષમાર્ગ. સ્વરૂપમાં સ્થિરતા તે ધર્મ છે. જાગૃતિ તે ધર્મ છે, બેહોશી તે અધર્મ છે. દ્રવ્યની નિર્મળતા તરફ દૃષ્ટિ જાય તો પર્યાયની મલિનતા મટે. આ માટે સદ્ગુરુની ઉપસ્થિતિ નિમિત્તરૂપ છે. મૃત્યુના બોધ સિવાય નિત્યતા તરફની યાત્રા શરૂ થતી નથી. કાયાની ઉપસ્થિતિ નહિ, માયાની ઉપસ્થિતિ કેવળજ્ઞાનને બાધા પહોંચાડે છે. ચૈતન્ય તત્ત્વથી મહાન જગતમાં કાંઈ નથી. આંખ ખુલે ત્યારે ઉઠ્યા કહેવાય, દૃષ્ટિ ખૂલે ત્યારે જાગ્યા કહેવાય. સ્વાત્માનો અનુભવ કરવો તે સદ્ગુરુનો ખરેખરો વિનય છે. જેટલો અનિત્યતાની અસારતાનો બોધ થાય તેટલો ચૈતન્ય તરફ ઝુકાવ વધે છે. સ્વરૂપમાં સ્થિર થવાનો જ્ઞાનીઓનો બોધ છે. શાસ્ત્રોનો સાર શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં છે. ગુરુના વચન આત્માનુભવ કરાવવામાં કાર્યકારી છે. ધન, સંપત્તિ અને જીવન નદીના વહેતાં પાણી જેવાં છે. સમાધિથી સમાધાન થાય છે. કર્મના ઉદય અનુસાર જગતના કાર્યો થાય છે. ચૈતન્યની રુચિ અને મહિમા છે તો ઉપયોગ અંતરંગમાં સ્થિર થશે. મોક્ષમાર્ગ સરળ અને સુગમ છે, આપણે તેને કઠિન બનાવી દીધો છે. વૃત્તિની મલિનતાનું પ્રગટ સ્વરૂપ એટલે વિકલ્પો. પરમાં નહિ સ્વયંમાં પરિવર્તન લાવવાનું છે. દેહ એ રાખની દીવાલ છે ! જ્ઞાન દ્વારા જ્ઞાયક સુધી પહોંચી શકાય છે. દેહાતીત દશા પ્રગટ કરવી તે સર્વ શાસ્ત્રનો સાર છે. આપણે ધર્મ 'કાલ કરીશું' તેમ કહીએ છીએ પણ મૃત્યુ 'કાલ'ની પાંખોને કાપી નાખે છે !

આદ. શ્રી પંડિતજીએ ધર્મવાર્તા - પ્રશ્નોત્તરી કાર્યક્રમ અંતર્ગત મુમુક્ષુઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોનું સુંદર સમાધાન કર્યું હતું.

તત્ત્વચિંતક, ગુજરાતના ગૌરવ સમા સાહિત્યકાર **પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈ**એ જણાવ્યું કે સને ૧૯૭૮થી પૂજ્યશ્રી સાથે મારા સંબંધો રહ્યા છે. આપણા હૃદયમાં ગુરુનો કેટલો વાસ થયો તેનું અવલોકન કરવું. ગુરુ આપણી આકૃતિ કે પ્રકૃતિમાં પરિવર્તન કરતા નથી, પણ આપણા ચિત્તની વૃત્તિઓમાં પરિવર્તન કરે છે. મોહના દાવાનળ અને લોભની મૃગતૃષ્ણાથી આપણને ગુરુ બચાવે છે. ગુરુચરણ કરતાં ગુરુએ કરેલા આચરણનું મહત્ત્વ વધારે છે. લોભ અને મોહની આપણી વૃત્તિઓ પર ગુરુ ઘા કરે છે. ગુરુ શિષ્યની મૂર્તિ ઘડે છે અને તેના સ્વરૂપની ઓળખાણ કરાવે છે. ગુરુ પ્રથમ આપણને શૂન્ય બનાવે છે, પછી પૂર્ણ બનાવે છે. માતાના ખોળાનો અનુભવ ગુરુ પાસેથી પ્રાપ્ત થાય છે. ગુરુ ભીતરની શક્તિ આપે છે, જેથી આપણી સહનશક્તિ વધે છે. ગુરુ શિષ્યનો સથવારો છે. પરમમિત્ર છે. ગુરુ આપણા મનને શાંત સરોવર જેવું બનાવે છે. ગુરુ પાસેથી આપણને પોઝિટીવ એનર્જી મળે છે.

**પૂજ્યશ્રી આત્માનંદજી**એ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે ભાવ અધ્યાત્મની પ્રાપ્તિ માટે દીર્ઘકાળ સુધીની સાધના આવશ્યક છે. આ કાળમાં આત્માનુભવી સંતો વીરલા જ હોય છે. તેઓ દુનિયાના બેતાજ બાદશાહ છે. આપણા માપદંડ તેમને લાગુ પડતા નથી. મહાભાગ્યનો ઉદય હોય ત્યારે સાચા સંતનો સમાગમ થાય. આત્માના આનંદથી તૃપ્ત અને સર્વથા નિઃસ્પૃહ હોય તે સાચા સંત છે.

આ કાળમાં સત્શાસ્ત્રો આપણને સાધનામાં અવલંબનરૂપ છે. બારેય પ્રકારના તપ શક્તિ અનુસાર કરવાં જોઈએ. ખેંચાઈને પણ ધર્મની આરાધના કરવી. પાકીટ પર ઘસરકો પડે એટલું દાન કરવું. ભક્તિ અને દાન એ ગૃહસ્થધર્મના પાયા છે. મનુષ્યભવને સફળ કરવાના બે ઉપાયો છે : (૧) જ્ઞાનની આરાધના, (૨) સંયમની આરાધના. અનાદિકાળથી જીવ અજ્ઞાનને લીધે પુદ્‌ગલાનંદી થઈ ગયો છે. નિશ્ચય ચારિત્ર પ્રગટ ન થાય તો વ્યવહાર ચારિત્ર માત્ર ભાવાનુસાર પુણ્ય કરાવે. પાપવૃત્તિ અને પાપપ્રવૃત્તિથી નિવર્તવું અને ધર્મપ્રવૃત્તિમાં પ્રવર્તવું તે વ્યવહાર ચારિત્ર, આત્મામાં સ્થિરતા કરવી તે નિશ્ચય ચારિત્ર.

● **ભક્તિસંગીત :** શિબિર દરમિયાન યુવાભક્ત વૃંદ, કોબા તથા આદ. શ્રી જ્યોતીન્દ્રભાઈ દોશી, આદ. શ્રી જયેશભાઈ જૈન તથા આદ. પ્રીતિબેન માંકડે ભાવવાહી ભક્તિ પ્રસ્તુત કરી હતી.

● **ધ્યાન- સમજણ અને પ્રયોગ :** શિબિર દરમિયાન આદ. બા.બ્ર. સુરેશજીએ ધ્યાન, ધ્યાનના પ્રકારો, ધ્યાન માટે આવશ્યક બાબતો અંગે સમજૂતી આપી ધ્યાનના વિવિધ પ્રયોગો કરાવ્યા હતા.

● **'સાધનાસોપાન' પુસ્તકનું વિમોચન :**

આ પુસ્તકમાં પૂજ્યશ્રી આત્માનંદજીએ સાધનાના અનુભવનો નિચોડ પ્રસ્તુત કર્યો છે. સાધનાના સોપાનો કેવી રીતે સર કરવા તેની સુંદર, વિશદ્, અનુભવસભર માહિતી આ પુસ્તકમાં આપેલ છે. ૧૯૭૬માં પ્રકાશિત થયેલ પૂજ્યશ્રીનું આ પ્રથમ પુસ્તક છે. તેની સાતમી આવૃત્તિનું વિમોચન તા. ૨-૮-૧૫ના રોજ આદ. પંડિતવર્યશ્રી ફૂલચંદજી શાસ્ત્રીના વરદ હસ્તે કરવામાં આવ્યું.


● **પ્રકીર્ણ :** આદ. પંડિતજી તથા રાજકુટિરના નિર્માણમાં સુંદર સહકાર આપનાર કોન્ટ્રાક્ટર શ્રી ભરતભાઈ મિસ્ત્રીનું સંસ્થા દ્વારા શાલ ઓઢાડીને અભિવાદન કરવામાં આવ્યું હતું. શિબિર દરમિયાન સંસ્થાના પ્રકાશનો તથા વીસીડી, ડીવીડી પર ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું. શિબિર દરમિયાન નિઃશુલ્ક ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્વામિવાત્સલ્યનો લાભ આપનાર સર્વે ધર્મપ્રેમી દાતાઓને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે. શિબિર દરમિયાન દૈનિક ભક્તિ, પ્રક્ષાલ, પૂજા, આરતી, શ્રી બૃહદ્ આલોચના વગેરે કાર્યક્રમો યોજાયા હતા. આદ. શ્રી મનહરભાઈ ટી. જસવાણી પરિવાર તરફથી દરેકને નોટબુક-પેનની પ્રભાવના કરવામાં આવી હતી.

આદ. શ્રી જયેશભાઈ એસ. શાહ(અમદાવાદ) અને આત્માર્થી સાધકગ્રુપ, કોબા તરફથી ભાવવાહી અને પ્રેરણાદાયક પ્રભુ-ગુરુના ચિત્રપટની પ્રભાવના કરવામાં આવી હતી. કલાત્મક અને પ્રેરણાદાયક રંગોળી બનાવવામાં યોગદાન આપનાર મુમુક્ષુઓને ધન્યવાદ પાઠવીએ છીએ.

## મહામહોપાધ્યાયશ્રી વિનયવિજયજી મહારાજ વિરચિત 'શાંતસુધારસ'ની સંસારભાવના પર ડો. કુમારપાળ દેસાઈનું વક્તવ્ય

ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલૉજી અને શાસનસમ્રાટ ભવનના ઉપક્રમે યોજાયેલી 'શાંતસુધારસ' વિશેની વ્યાખ્યાનશ્રેણીમાં સંસારભાવના વિશે વક્તવ્ય આપતાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે જૈન ફિલોસોફીમાં દૃષ્ટિપાત કરીએ તો આઠેક પ્રકારના સંસાર મળે છે. માત્ર સંસાર એવા શબ્દથી એને ઓળખાવી શકાય નહિ. ભવસંસાર, ભાવસંસાર, બાહ્યસંસાર, આંતરસંસાર, ગૃહસ્થસંસાર, વાનપ્રસ્થસંસાર, અંતર્લોક અને ચૌદ રાજલોક એ બધા સંસારના વિવિધ સ્વરૂપો છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કરેલી ભવનિર્વેદની વાત એ દર્શાવે છે કે વ્યક્તિને જન્મોજન્મની પરંપરાના ભવભ્રમણ અંગે નિર્વેદ થવો જોઈએ અને ભાવનિર્વેદ એટલે ભીતરના ભાવને માણવા જોઈએ. શ્રી અમિત ઠક્કર અને દીપ્તિ દેસાઈએ સંસારભાવનાનું શ્લોકગાન કર્યું. ડૉ. નલિની દેસાઈએ સંચાલન કર્યું તેમજ શ્રી ગૌરવ શેઠે સ્વાગત અને શ્રી કયવન શેઠે આભારવિધિ કરી હતી. શાસનસમ્રાટભવનમાં યોજાયેલા આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં અધ્યાત્મરસિકો ઉપસ્થિત રહ્યા હતા.

## વૈરાગ્ય સમાચાર



**રાજકોટ :** શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, રાજકોટના ટ્રસ્ટી તથા પરમકૃપાળુદેવના અનન્ય ભક્ત **આદ. શ્રી જયંતીલાલ નાનજીભાઈ ભીમાણી**નું તા. ૭-૭-૧૫ના રોજ સાંજે ૯૪ વર્ષની વયે દેહાવસાન થયું છે.

રાજકોટ મુકામે જન્મેલા શ્રી જયંતીભાઈને એકવાર અસાધ્ય બીમારી આવી પડી. જો બીમારીમાંથી મુક્ત થાઉં તો વવાણિયા આશ્રમમાં કૃપાળુદેવના દર્શને જવાનું નક્કી કર્યું અને પરમકૃપાળુદેવની કૃપાથી તેઓ સ્વસ્થ થઈ ગયા. કૃપાળુદેવ પ્રત્યેની તેઓની આસ્થા એટલી દૃઢ બની કે આજીવન તેઓ કૃપાળુદેવના ભક્ત બની ગયા. કૃપાળુદેવને પોતાનું જીવન સમર્પિત કરી દીધું.

તેઓશ્રીએ સૌ પ્રથમ શ્રી નટુભાઈ ભીમાણીના ઘરમાં કૃપાળુદેવના ચિત્રપટની સ્થાપના કરી સ્વાધ્યાય-ભક્તિ શરૂ કરાવ્યા. ત્યારબાદ તેઓના પ્રયત્નોથી રાજકોટમાં એક પછી એક ભવ્ય મંદિરોની સ્થાપના થવા લાગી. આજે શ્રી જ્ઞાનમંદિર, સમાધિમંદિર, સમાધિભવન આધ્યાત્મિક સાધના અને પ્રેરણાના પરબ બની ગયા છે.

જ્ઞાનમંદિરના વિકાસ માટે તેઓ છેક સુધી પ્રયત્નશીલ રહ્યા હતા. તેઓ નિરાભિમાની, પ્રામાણિક નિષ્ઠાવાન અને સેવાવ્રતધારી વ્યક્તિત્વ ધરાવતા હતા. તેઓએ પોતાના જીવનમાં માનવતા, નૈતિક મૂલ્યો અને સાદગીને વણી લીધા હતા. તેઓ સેવાના સન્નિષ્ઠ આજીવન ભેખધારી હતા.

પૂજ્યશ્રી આત્માનંદજી સાથે તેઓનો ઘનિષ્ઠ ઘરોબો રહ્યો હતો. સંસ્થાના સ્થાપનાકાળથી તેઓ પૂજ્યશ્રી આત્માનંદજી સાથે સાધના કરતા અને આધ્યાત્મિક માર્ગદર્શન મેળવતા હતા. પૂજ્યશ્રી રાજકોટ સ્વાધ્યાય અર્થે પધારતા ત્યારે શ્રી જયંતીભાઈના નિવાસસ્થાને રોકાતા. શ્રી જયંતીભાઈના કૃપાળુદેવ પ્રત્યેના શ્રદ્ધાદીપકને પ્રજ્વલિત રાખવામાં પૂજ્યશ્રીનું વિશેષ યોગદાન રહેલું છે.

સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.


## સંસ્થામાં યોજાયેલ ગુરુપૂર્ણિમાની શિબિરની તસવીરો (તા. ૩૦-૭-૧૫ થી તા. ૨-૮-૧૫)


પૂજ્યશ્રી આત્માનંદજી


આદ. પંડિતવર્યશ્રી ફૂલચંદજી શાસ્ત્રી


પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ


બા. બ્ર. આદ. શ્રી સુરેશજી






'સાધનાસોપાન' પુસ્તકની સાતમી આવૃત્તિના વિમોચન વેળાએ

## ભક્તિસંગીત વેળાએ







સંસ્થા સંચાલિત ગુરુકુળમાં મહાપુરુષોના નવા ચિત્રપટોની સ્થાપના


રંગોળી

Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017
Publication Date 15th of every month

## સંસ્થાના જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણની વેળાએ (અષાઢી બીજ)




## સંસ્થાની મુલાકાતે ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયમૂર્તિ શ્રી આર.બી. કોઠારી (તા.૧-૮-૧૫)




## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' ઓગસ્ટ - ૨૦૧૫ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૧ આદ. શ્રી પ્રવીણભાઈ એમ. સોનેજી અને**
**આદ. શ્રી ઉષાબેન પ્રવીણભાઈ સોનેજી,** હ્યુસ્ટન, યુ.એસ.એ.

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

'દિવ્યધ્વનિ' ઓગસ્ટ - ૨૦૧૫ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૨ સ્વ.શ્રી તારાબેન જે. શાહના આત્મશ્રેયાર્થે,**

હસ્તે : આદ. શ્રી કોશાબેન અંકુરભાઈ પટેલ અને આદ. શ્રી મંજુલાબેન જે. શાહ મણિનગર, અમદાવાદ

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah